દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 223 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 21 September 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
સોમવાર, ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## ઈરાનની અમેરિકાને નિર્ણાયક યુદ્ધની ધમકી

### તહેરાને વૉશિંગ્ટન સમક્ષ સાત શરત મૂકી

તહેરાન: ઇરાને હાલમાં અમેરિકા સાથે ચાલી રહેલી લડાઇનો અંત આણવા સાત શરત મૂકી હતી, પરંતુ જો અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ તેને નહિ સ્વીકારે તો 'નિર્ણાયક યુદ્ધ' માટે તૈયાર રહેવાની ચેતવણી આપી હતી. ઇરાનની નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સચિવ મોહસીન રેઝાઇને એમ કહેતા ટાંકવામાં આવ્યા હતા કે અમે મધ્યસ્થી કતારની સાથે સતત સંપર્કમાં છીએ. કતારે યુદ્ધનો અંત આણવા માટેની અમારી શરત વૉશિંગ્ટનને જણાવી છે અને અમે (જુઓ પાનું ૨) ▶▶

# 'સર'માં ગોટાળા: અડવાણી, જયશંકર, સિસોદિયાને નોટિસ

## આ ઉપરાંત ચૂંટણી કમિશનર અને લશ્કરના ભૂતપૂર્વ વડાને પણ નોટિસ

નવી દિલ્હી: દેશની રાજધાનીમાં મતદારયાદી સુધારણાના પ્રક્રિયાના સંબંધમાં ભૂતપૂર્વ નાયબ વડા પ્રધાન લાલકૃષ્ણ અડવાણી, દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા સહિત ૩૩.૧૩ લાખ મતદારને તેઓએ સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર - 'સર')માં આપેલી વિગતમાંના નામના સ્પેલિંગ સહિતના તફાવતના સંદર્ભે નોટિસ અપાઇ હતી.

કેન્દ્રના પ્રધાન એસ. જયશંકર અને તેમના પત્ની ક્યોકો એસ. જયશંકર સહિતના અનેક મહાનુભાવને ચૂંટણી પંચે નોટિસ પાઠવી હતી.

સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) હેઠળ સીબીઆઇના ડિરેક્ટર પ્રવીણ સૂદ અને તેમના પરિવારના સભ્યો, લશ્કરના ભૂતપૂર્વ વડા ઉપેન્દ્ર દ્વિવેદી અને તેમના પત્ની, માર્ક્સવાદી પક્ષના સાંસદ જૉન બ્રિટાસના પત્ની અને પુત્રને પણ નોટિસ અપાઇ હતી.

મતદારયાદી સુધારણાની પ્રક્રિયા હેઠળ વિદેશ સચિવ વિક્રમ મિસરી, કૉંગ્રેસના નેતા કપિલ સિબલ અને કૉંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીને પણ નોટિસ અપાઇ હતી.

ચૂંટણી કમિશનર એસ. એસ. સંધુને નામના સ્પેલિંગમાંના તફાવતના સંદર્ભમાં નોટિસ પાઠવાઇ હતી.

સિસોદિયા ઉપરાંત તેમના પત્ની સીમા અને પુત્ર મીરને ચૂંટણી પંચે નોટિસ આપી હતી.

ચૂંટણી પંચ વૅરિફિકેશન કર્યા બાદ આ ૩૩.૧૩ લાખ મતદારના નામ મતદારયાદીમાં સમાવશે.

દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તા, આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલને પણ ચૂંટણી પંચે નોટિસ પાઠવી હતી.

દિલ્હીમાં ઘેર ઘેર જઇને મતદારયાદીના વૅરિફિકેશનની પ્રક્રિયા ૩૦ જૂનથી ૧૭ ઑગસ્ટ સુધી યોજાઇ હતી. (એજન્સી)■

# કોસ્ટલ રોડ પર ભયાનક અકસ્માત: ગુજરાતના ત્રણ વિદ્યાર્થીનાં મોત

## બ્રિજ પરથી ઊછળેલી બીએમડબ્લ્યુ કાર રસ્તા પર પટકાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈના નવનિર્મિત કોસ્ટલ રોડ પર થયેલા ભયાનક અકસ્માતમાં ગુજરાતના ત્રણ વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યા હતા. પુરપાટ દોડતી બીએમડબ્લ્યુ કાર બ્રિજની રૅલિંગ કુદાવીને છેક નીચે રસ્તા પર પટકાઈ હતી. આટલે ઊંચેથી પડવાને કારણે

કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને મૃતકોનો એક મિત્ર ગંભીર રીતે ઘવાયો હતો.

સેન્ટ્રલ ઝોન-૧ના ડેપ્યુટી પોલીસ કમિશનર જયંત મીણાએ જણાવ્યું હતું કે અકસ્માતની ઘટના રવિવારની વહેલી સવારે પાંચ વાગ્યાની આસપાસ (જુઓ પાનું ૨) ▶▶



**દુર્ઘટના:** મુંબઈના કોસ્ટલ રોડ પર રવિવારે થયેલી દુર્ઘટના બાદ દુર્ઘટનાગ્રસ્ત બીએમડબલ્યુ કારનો કાટમાળ. આ દુર્ઘટનામાં ત્રણ જણનાં મોત થયાં હોવા ઉપરાંત એક જણ ઘાયલ થયો હતો. (એજન્સી)

# રશિયા પર યુક્રેનનો સૌથી મોટો હુમલો

## ચૂંટણીના અંતિમ દિવસે અટૅક: રશિયાએ ૧,૬૦૦થી વધુ ડ્રૉન તોડી પાડ્યા: બેનાં મોત

મૉસ્કો: યુક્રેને શનિવારે રાત્રે રશિયા પર ૧,૬૦૦થી વધુ ડ્રૉનથી હુમલો કર્યો હતો જેમાં મૉસ્કો પર છોડવામાં આવેલા સેંકડો ડ્રૉનનો પણ સમાવેશ થાય છે, એમ અધિકારીઓએ કહ્યું હતું. રશિયાએ શનિવારથી અત્યાર સુધીમાં ૧,૬૦૦થી વધુ ડ્રૉનને તોડી પાડ્યા છે. જેમાંથી ૪૫૦ રાજધાની મૉસ્કો તરફ જઇ રહ્યા હતા.

રશિયાની સંસદીય ચૂંટણીના ત્રીજા અને અંતિમ દિવસે આ હુમલો કરવામાં આવ્યો હતો. રશિયાના મેયરે આને મૉસ્કો પર કરવામાં આવેલો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો લેખાવ્યો હતો. આ હુમલામાં મૉસ્કોની ઓઈલ રિફાઈનરી સહિત અનેક ઈમારતોને નુકસાન થયું હોવાનું તેમણે કહ્યું હતું.

મૉસ્કો પરના આ હુમલામાં બે જણનાં મોત થયાં હોવા ઉપરાંત ૨૦ કરતાં પણ વધુ લોકો ઘાયલ થયા હોવાનું સ્થાનિક ગવર્નર ઍન્ડ્રેઈ વૉરોબાયોવે કહ્યું હતું. મૃતકોમાં ૭૪ વર્ષના પુરુષ અને ૪૪ વર્ષની મહિલાનો સમાવેશ થતો હોવાનું તેમણે કહ્યું હતું. સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં યુક્રેનના પ્રમુખ વૉલોદિમેર ઝૅલેન્સ્કિએ જણાવ્યું હતું કે ઓઈલ રિફાઈનરી અને અન્ય લૉજિસ્ટિક સુવિધાઓ પર કરવામાં આવેલા આ હુમલામાં યુક્રેને વિવિધ પ્રકારના મિસાઈલ અને ડ્રોનનો ઉપયોગ કર્યો હતો જેમાં સ્થાનિક બનાવટના ફ્લેમિંગો અને પૅલિકન મિસાઈલનો પણ સમાવેશ થતો હતો. (એજન્સી)■



**હુમલો:** યુક્રેને રવિવારે રશિયાના મૉસ્કો પર મોટાપાયે કરેલા હુમલા બાદ તેલની રિફાઈનરીમાંથી નીકળી રહેલી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા. (એજન્સી)

# ઈમરાન ખાનની બહેનની ધરપકડ

ઈસ્લામાબાદ: પાકિસ્તાન તહેરિકે ઈન્સાફ (પીટીઆઈ)ના સ્થાપક ઈમરાન ખાનને તાત્કાલિક જેલમાંથી મુક્ત કરવાની માગણી સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા હોવા વચ્ચે પોલીસે કારાવાસ ભોગવી રહેલા પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની બહેન અલિમા ખાનની લાહોરસ્થિત તેનાં નિવાસસ્થાનેથી ધરપકડ કરી હતી. ઈમરાન ખાન ઑગસ્ટ ૨૦૨૩થી જેલમાં છે. પક્ષ દ્વારા ૨૭ સપ્ટેમ્બરે વિરોધપ્રદર્શન કરવાની યોજના બનાવવામાં આવી હોવા વચ્ચે પોલીસે પીટીઆઈના ચાર એક્ટિવિસ્ટ અને કાર્યકર્તાને કસ્ટડીમાં લીધા હતા જેમની પ્રાથમિક માગણી ઑગસ્ટ ૨૦૨૩થી કારાવાસ ભોગવી રહેલા ઈમરાન ખાનને તાત્કાલિક મુક્ત કરવાની હતી. ૨૭ સપ્ટેમ્બરે પીટીઆઈ દ્વારા યોજનારાં દેશવ્યાપી વિરોધપ્રદર્શનને ધ્યાનમાં રાખીને પોલીસ અને વહીવટીતંત્રએ આગોતરી તૈયારી આરંભી દીધી છે.

આ માટે યોજાયેલી બેઠકમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી અને અનિચ્છનીય ઘટનાને રોકવાની તૈયારી અંગે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. (એજન્સી)■

# ટાટા સન્સના ચેરમેન ચંદ્રશેખરનની નિમણૂકને ટાટા ટ્રસ્ટ્સે પડકારી

નવી દિલ્હી: ટાટા ટ્રસ્ટ્સે એન. ચંદ્રશેખરનની ટાટા સન્સના અધ્યક્ષપદે ફરી નિમણૂક કરવાના ૧૭ સપ્ટેમ્બરના બૉર્ડના નિર્ણયને પડકાર્યો હતો.

ટાટા ટ્રસ્ટ્સે દલીલ કરી હતી કે કંપનીના 'આર્ટિકલ્સ ઑફ અસોસિયેશન'માં તેના ટ્રસ્ટ દ્વારા નિયુક્ત ડિરેક્ટર્સની બહુમતી જરૂરી હોવાની જોગવાઇ છે અને આવી પરિસ્થિતિમાં ચેરમેનના મતની ઉપરવટ જઇ ન શકાય. બે ડિરેક્ટરમાંના એકે તરફેણમાં મત આપ્યો હોય, તો તેને બહુમતી ન ગણાય.

ટાટા સન્સના ડિરેક્ટર્સના બૉર્ડે એન. ચંદ્રશેખરનની એક્ઝિક્યૂટિવ ચેરમેન તરીકે ફરીથી નિમણૂકને બહાલી આપી હતી, પરંતુ આ ગ્રૂપના સૌથી મોટા શૅરધારકે તેને ગેરકાયદે ગણાવી હતી.

ટાટા ટ્રસ્ટ્સ ટાટા સન્સમાં અંદાજે બે-તૃતીયાંશ હિસ્સો ધરાવે છે અને તેના ચેરમેન નોએલ ટાટાએ એન. ચંદ્રશેખરનની ટાટા સન્સના ચેરમેન તરીકેની મુદત વધુ પાંચ વર્ષ લંબાવવાનો વિરોધ કર્યો હતો.

આમ છતાં, ટાટા સન્સના બૉર્ડ પરના ટાટા ટ્રસ્ટ્સના અન્ય નૉમિની વેણુ શ્રીનિવાસને ચંદ્રશેખરનની ફરી નિમણૂકને ટેકો આપ્યો હતો.

ટાટા ટ્રસ્ટ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે બૉર્ડ મિટિંગમાં કોઇ મડાગાંઠ નહોતી સર્જાઇ અને ટ્રસ્ટ્સના બે નૉમિનેટેડ ડિરેક્ટરમાંના એકે વિરુદ્ધમાં મતદાન કર્યું હોય, તો ઠરાવ પસાર કરી ન શકાય.

ટ્રસ્ટ્સે જણાવ્યું હતું કે ટાટા સન્સના બૉર્ડમાં ટાટા ટ્રસ્ટ્સના બે નૉમિની છે અને આ બેમાંથી એકે તરફેણમાં મત આપ્યો હોય, તો તેને બહુમતી ન કહેવાય. બહુમતી માટે બન્નેના મત જરૂરી ગણાય. ગઇ ૧૭ સપ્ટેમ્બરે મળેલી બેઠકમાં એક ડિરેક્ટરે વિરુદ્ધમાં મતદાન કર્યું હતું અને તેથી ટાટા ટ્રસ્ટ્સનો બહુમતીથી ટેકો મળ્યો હોવાનું કહી ન શકાય.

ટાટા સન્સના બૉર્ડે ચંદ્રશેખરનને વધુ પાંચ વર્ષ માટે એક્ઝિક્યૂટિવ ચેરમેનપદે (જુઓ પાનું ૨) ▶▶

# સઉદીની રાજધાની પર હુતીએ બેલિસ્ટિક મિસાઇલ છોડ્યું

કાઇરો: સઉદી અરેબિયાએ પોતાની રાજધાની પર યમનના હુતી બળવાખોરો દ્વારા બેલિસ્ટિક મિસાઇલ છોડાયું હોવાનું કબૂલ કર્યું હતું.

તહેરાનનું પીઠબળ ધરાવતા હુતી બળવાખોરોએ ઇરાનના યુદ્ધમાં નવો મોરચો ખોલ્યો છે.

સઉદીના નેતૃત્વ હેઠળના લશ્કરી દળે આ મિસાઇલને આકાશમાં જ તોડી પડાયું હોવાનો દાવો કર્યો હતો, પરંતુ રિયાધના અમુક રહેવાસીએ બહુ જ મોટો ધડાકો સાંભળ્યો હતો.

બાદમાં, અમુક લોકોએ રિયાધના વિમાનમથકની નજીક ધુમાડાના ગોટા જોયા હતા. આ હુમલામાં કોઇ જાનમાલને નુકસાન થયું હતું કે નહિ તે અંગે તાત્કાલિક કોઇ જાહેરાત નહોતી કરાઇ.

સઉદી અરેબિયાના સત્તાવાળાઓના એક નિવેદનમાં જણાવ્યું હતું કે બળવાખોરોએ સઉદીની પાઇપલાઇન જ્યાં પૂરી થાય છે, તે રાતા સમુદ્રમાં આવેલા બંદર પરના શહેર યાનબુ ખાતે અને તૈફ, બાયશ અને ફરાસાનમાં હુમલા કર્યા હતા, પરંતુ અમે તે નિષ્ફળ બનાવ્યા હતા.

હુતી બળવાખોરોએ અગાઉ કોઇ પુરાવા આપ્યા વિના દાવો કર્યો હતો કે અમે રિયાધની સંવેદનશીલ જગ્યાઓ પર અને સઉદીની તેલની મોટી કંપની અરામ્કોના (જુઓ પાનું ૨) ▶▶

# ઉત્તર કોરિયાએ સમુદ્રમાં બે બેલિસ્ટિક મિસાઈલ છોડી

સોલ : ઉત્તર કોરિયાએ રવિવારે સમુદ્રમાં ટૂંકા અંતરની બે બેલિસ્ટિક મિસાઈલ છોડી હતી એવી માહિતી દક્ષિણ કોરિયાના લશ્કરે આપી હતી. અમેરિકાની દુશ્મનાવટનો જવાબ આપવા ઉત્તર કોરિયાએ તેના અણુ હથિયારોની ક્ષમતા મારક અને તારક તરીકે વધારવાની ધમકી આપી હતી.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઉત્તર કોરિયાના નેતા કિમ જોન્ગ ઉન સાથે મુત્સદ્દીગીરી વધારવા ગયા મહિને દક્ષિણ કોરિયા સાથેની સંયુક્ત લશ્કરી કવાયત ટૂંકાવી દીધી હતી. આમ છતાં ઉત્તર કોરિયા સતત તેના હથિયારોનું બળપ્રદર્શન કરે છે. આ બે મિસાઈલ ત્રણ કલાકના અંતરે છોડાઈ હતી. આ બન્ને મિસાઈલ ઉત્તર કોરિયાના પૂર્વના સમુદ્રતટના વોનસાન એરિયામાંથી છોડાઈ હતી. પહેલી મિસાઈલ ૪૦ કિલોમીટર દૂર ગઈ હતી અને બીજી મિસાઈલે ૬૦૦ કિલોમીટરનું અંતર કાપ્યું હતું. બન્ને ઉત્તર કોરિયાના જળમાં પડી હતી. દક્ષિણ કોરિયાના પ્રમુખની ઑફિસે ઉત્તર કોરિયાને સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદે કરેલા ઠરાવ પ્રમાણે પ્રતિબંધિત કરાયેલી બેલિસ્ટિક મિસાઈલ ન છોડવાનો અનુરોધ કર્યો હતો. દક્ષિણ કોરિયાના લશ્કરે કહ્યું હતું કે ઉત્તર કોરિયાની ઉશ્કેરણીને તે અમેરિકા સાથે મળીને ખાળશે.

જપાનના સંરક્ષણ ખાતાએ કહ્યું હતું કે અમે ઉત્તર કોરિયાએ છોડેલી મિસાઈલની નોંધ લીધી હતી. ઉત્તર કોરિયાની મિસાઈલ રવિવારે પકડાઈ હતી, પરંતુ એ અમારા જળક્ષેત્રમાં પ્રવેશી નહોતી. કિમની બહેન અને સિનિયર અધિકારી કિમ યો જોન્ગે ટ્રમ્પની કવાયતની મુદત ઘટાડવાની પહેલને નકારી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે આનાથી આ કવાયતના ઉશ્કેરણી અને આક્રમકતા ઘટતી નથી. કોરિયાએ ત્યાર બાદ કુલ ૧૦ બેલિસ્ટિક મિસાઈલ છોડી છે. અમેરિકા, દક્ષિણ કોરિયા, જપાન, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ આમાં જોડાયા હતા. (એજન્સી)■

# કૉંગ્રેસ જોકરોનો પક્ષ: રાહુલના કાર્યક્રમમાં મોદીની મિમિક્રિથી ભડકેલા ભાજપે કહ્યું

નવી દિલ્હી : કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને કોમેડિયન પુલકિત મણીએ ઈંદોરમાં કરેલી ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મિમિક્રિની ભાજપના નેતાઓએ આકરી ટીકા કરી છે. સસંદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ એક્સ પર લખ્યું હતું કે કૉંગ્રેસ પક્ષ વિદુષકો અને જોકરોનો પક્ષ બની ગયો છે. તે કાયમ માટે બહાર થઈ ગઈ છે.

ભાજપના પ્રવકતા સી. આર. કેસવને કહ્યું હતું કે આ ઠેકડી સસ્તા અશ્લીલ ટ્રોલે કરેલા જંગલી ચાળા હતા અને કોઈ સજ્જન અને સાચી વિચારસણીવાળો માનવી આમાં મનોરંજન જોઈ ન શકે. રાહુલ ગાંધીએ અનુમોદન કરેલી જંગલી સંસ્કૃતિ સમજાવે છે કે તેઓ યુવાનો સાથે કેમ જોડાઈ શકતા નથી. તેમના કૉંગ્રેસના સાથીદાર શશી થરૂરે આ જ વાત કહી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે આવા જોકર અને ખરાબ સર્કસ શોને ટેકો આપનારા રાહુલ (જુઓ પાનું ૨) ▶▶

# કચ્છના સૌથી મોટા રુદ્રમાતા ડેમના નવીનીકરણ માટે ₹ ૧૦.૨૧ કરોડ મંજૂર: કેનાલ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમનું રિસ્ટોરેશન કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાની મધ્યમ સિંચાઈ યોજનાઓમાં સૌથી મોટા ગણાતા ભુજની ભાગોળે આવેલા ઐતિહાસિક રુદ્રમાતા ડેમના કમાન્ડ વિસ્તારના ખેડૂતો માટે રાહતના મોટા સમાચાર આવ્યા છે. રાજ્ય સરકારના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા રુદ્રમાતા સિંચાઈ યોજનાના વિસ્તૃત નવીનીકરણ અર્થે રૂપિયા ૧૦.૨૧ કરોડની માતબર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

કચ્છ સિંચાઈ વર્તુળના અધીક્ષક ઈજનેર દ્વારા 'રુદ્રમાતા મીડિયમ ઇરિગેશન સ્કીમ' અંતર્ગત જર્જરિત બનેલી મુખ્ય નહેરો તેમજ કેનાલ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમના સમારકામ અને રિસ્ટોરેશન માટે રાજ્ય સરકાર સમક્ષ વિસ્તૃત દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી.

આ દરખાસ્તને ધ્યાને લઈ રાજ્ય સરકારે વહીવટી મંજૂરીની મહોર મારી રૂ.૧૦.૨૧ કરોડની રકમ ફાળવી આપી છે.

કેનાલ નેટવર્કના નવીનીકરણથી પાણીનો બગાડ અટકશે અને છેવાડાના ખેતરો સુધી સિંચાઈનું પાણી સરળતાથી પહોંચી શકશે, જેનાથી ડેમના સ્રાવ વિસ્તાર હેઠળ આવતા પંથકના અનેક ગામોના ખેડૂતો તેમજ માલધારીઓને સીધો મોટો ફાયદો થશે.

લાંબા સમયથી પડતર રહેલી આ માગણી સંતોષાતાં અને વહીવટી મંજૂરી મળતાં રુદ્રમાતા પિયત સહકારી મંડળી લિમિટેડના પ્રમુખ હઠુભા ભાણજીભા જાડેજાએ ખેડૂત આલમ વતી રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, સિંચાઈ પ્રધાન કુંવરજી બાવળિયા, રાજ્યકક્ષાના પ્રધાન તેમજ ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

કેનાલોનું નવીનીકરણ થવાથી આગામી સમયમાં રવિ પાક માટે ખેડૂતોને પૂરતું સિંચાઈનું પાણી મળી રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ■

# રાજકોટમાં એએસઆઈ અને જીઆરડી જવાન ૧૦ હજારની લાંચ લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: શહેરમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (એસીબી)એ આજી ડેમ પોલીસ સ્ટેશન હસ્તકની આજી ડેમ પોલીસ ચોકી ખાતે ફરજ બજાવતા એ.એસ.આઈ. અને જીઆરડી જવાનને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. એસીબીની આ કાર્યવાહીથી પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો હતો. એ.એસ.આઈ. જવાને ફરિયાદી સમક્ષ જામીન અને લોકઅપમાં ન રાખવાના બદલામાં લાંચ માગી હતી. ફરિયાદી આ મામલે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર ફરિયાદ કરી હતી આ ફરિયાદના આધારે એસીબીએ છટકું ગોઠવી એ.એસ.આઈ. જવાનના સાગરીત એવા જી.આર.ડી. જવાનને લાંચ લેતા ઝડપી પાડ્યા હતા. એસીબીની આ કાર્યવાહીથી પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો હતો.

આ અંગે મળતી વિગતો મુજબ, આ કામના ફરિયાદી વિરુદ્ધ આજી ડેમ પોલીસ સ્ટેશનમાં અગાઉ એક ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ પ્રકરણની તપાસ આ કેસના આરોપી નંબર (૧) એ.એસ.આઈ. રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ સામતભાઈ મેર (ઉ.વ. ૫૩) કરી રહ્યા હતા. તપાસ દરમિયાન ફરીયાદીને પોલીસ લોકઅપમાં રાખવામાં નહીં આવે અને તાત્કાલિક જામીનની કાર્યવાહી કરી આપવામાં આવશે તેવું કહીને એ.એસ.આઈ. દ્વારા ૧૦,૦૦૦ રૂપિયાની લાંચની માંગણી કરવામાં આવી હતી. આ લાંચની રકમ આરોપી નંબર (૨) મનોજભાઈ બાબુભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૧), જેઓ જી.આર.ડી. (જીઆરડી) જવાન તરીકે ફરજ બજાવે છે, તેને આપી દેવા માટે સૂચના આપવામાં આવી હતી.

ફરિયાદી આ ગેરકાયદેસર લાંચની રકમ આપવા માગતા ન હોવાથી તેમણે ત્વરિત પગલું ભરીને એ.સી.બી.ના ટોલ ફ્રી નંબર પર સંપર્ક સાધીને સમગ્ર મામલે લેખિત/મૌખિક ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે આજરોજ તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ એસીબીની ટીમ દ્વારા લાંચના છટકા (ટ્રેપ)નું આયોજન કરવામાં આવ્યું હતું.

આજી ડેમ પોલીસ ચોકીના ગેટની સામે, ટ્રાફિક ભવન પૂર્વ વિભાગના કેમ્પસમાં રાજકોટ ખાતે આ ગોઠવાયેલા છટકા દરમિયાન આરોપી જી.આર.ડી. જવાન મનોજભાઈ ચૌહાણે ફરિયાદી પાસેથી લાંચની રકમ રૂ. ૧૦,૦૦૦/- પોતાની હાજરીમાં સ્વીકારી લીધી હતી. આ સાથે જ એસીબીની ટીમે સ્થળ પર જ દરોડા પાડીને બંને આરોપીઓને લાંચની રકમ સાથે રંગેહાથ ઝડપી લીધા હતા. એસીબી દ્વારા લાંચની પૂરેપૂરી ૧૦,૦૦૦ રૂપિયાની રકમ પણ સ્થળ પરથી રીકવર કરી લેવામાં આવી હતી. એસીબીએ આ મામલે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતમાં નકલી દારૂનો વેપાર બંધ કરવો શક્ય જ નથી

સુપ્રીમ કોર્ટે ત્રણ દિવસ પહેલાં મહારાષ્ટ્ર પોઈઝન્સ રૂલ્સ, ૧૯૭૨માં કરાયેલા સુધારાને રદ કરતો ચુકાદો આપ્યો. આ ચુકાદા દરમિયાન સુપ્રીમ કોર્ટે કરેલી ટીપ્પણીના પગલે ગુજરાતની દારૂબંધી ફરી ચર્ચામાં છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલાની બેન્ચે એવી ટીપ્પણી કરી છે કે, ગુજરાતમાં દાયકાઓથી દારૂબંધી અમલી હોવા છતાં ઝેરી દારૂથી થતાં મૃત્યુ અટક્યાં નથી એ જોતાં પરાણે લદાયેલી દારૂબંધી સમસ્યાનો ઉકેલ નથી કે પરાણે લદાયેલી દારૂબંધીથી લોકોને મરતાં પણ રોકી શકાતાં નથી.

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડનો ઉલ્લેખ પણ કર્યો ને કહ્યું કે, ભાવનગર અને મધ્ય પ્રદેશના સાગરના તાજેતરમાં બનેલા લઠ્ઠાકાંડથી એ જ સાબિત થાય છે કે, દારૂ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી દારૂનો વેપાર ખાનગીમાં ચાલે છે પણ સદંતર બંધ થતો નથી. ખાનગીમાં ચાલતા વેપારના કારણે ઝેરી દારૂનું ચલણ વધે છે ને લોકો મરે છે. સુપ્રીમ કોર્ટના કહેવાનો મતલબ એ છે કે, દારૂબંધી ના હોય તેના કારણે મરતાં લોકોથી વધારે મોત દારૂબંધી લદાતાં ખાનગીમાં બનતા ઝેરી દારૂ પીવાથી થાય છે તો પછી દારૂબંધીનો શો અર્થ ?

સુપ્રીમ કોર્ટની વાત સાવ સાચી છે ને સુપ્રીમ કોર્ટે તો ઝેરી દારૂ બનતો રોકવા માટે શું કરવું તેના પગલાં પણ સૂચવ્યાં છે. તેની વાત કરતાં પહેલાં આ ચુકાદો આવ્યો એ કેસની વાત કરી લઈએ. મુંબઈના અંધેરીમાં છાયા બારમાં ૧૯૯૧માં વિનાશક લઠ્ઠાકાંડ થયો હતો. બારના માલિકો વધારે કમાણી કરવા માટે નકલી દારૂ વેચતા ને પોલીસની સાંઠગાંઠમાં આ ધંધો ચાલ્યા કરતો હતો. પોલીસને હપ્તો મળી જતો ને બારના માલિકોએ ટેક્સ નહોતો ચૂકવવો પડતો તેથી આ ગોઠવણ બરાબર કામ કરતી હતી પણ ૧૯૯૧માં થયેલા લઠ્ઠાકાંડે બધી પોલ ખોલી નાંખી.

એ વખતે બારમાં પિરસાયેલા દારૂમાં મિથેનોલનું પ્રમાણ વધી ગયું તેથી દારૂ પીનારા ૨૫૦ જેટલા લોકોમાંથી ૯૩ મરી ગયા. આ ઘટનાએ ખળભળાટ મચાવી દીધેલલો એટલે સરકારે ઝેરી દારૂનું વેચાણ રોકવા શું કરવું તેનાં પગલાં સૂચવવા પી.આર. પાર્થસારથીની આગેવાની હેઠળ એક સમિતિ રચી દીધી.

આ સમિતિએ લઠ્ઠાકાંડનાં કારણોની તપાસ કરીને કેટલાંક પગલાંની ભલામણ કરી હતી. તેના આધારે સરકારે ૨૦૧૧માં મહારાષ્ટ્ર પોઈઝન્સ રૂલ્સ, ૧૯૭૨માં સુધારો કરીને નિયમ ૧૮અ અને ૧૮ઇ રદ ઉમેર્યા. મિથેનોલની ખરીદી અને સંગ્રહને નિયંત્રિત કરવા માટે બનાવાયેલા નિયમો હેઠળ બિન-દવા ઉત્પાદકોને વેચાણ કરતાં પહેલાં મિથેનોલમાં રંગ અને કડવો પદાર્થ ભેળવવો ફરજિયાત કરી દેવાયો હતો.

આ નિયમો સામે સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ હતી. અરજદારોની દલીલ હતી કે, મિથેનોલ માત્ર દવાઓ કે દારૂ બનાવવામાં જ નથી વપરાતો પણ ફોર્માલ્ડીહાઇડ, પેરાફોર્માલ્ડીહાઇડ, જંતુનાશકો, પેઇન્ટ, રેઝિન અને સુશોભન લેમિનેટ સહિત ઉત્પાદનો બનાવવામાં પણ વપરાય છે. મિથેનોલમાં ફરજિયાત બિટરન્ટ એટલે કે કડવાશ અને રંગ ઉમેરવાથી કાચો માલ બદલાઈ જશે તેથી ઔદ્યોગિક ઉત્પાદનોની ગુણવત્તા, સ્વીકાર્યતા અને વ્યાપારી કાર્યક્ષમતા પર અસર થશે.

અરજદારોએ એવી દલીલ પણ કરી કે, નવા નિયમો હેઠના પ્રતિબંધો અપ્રમાણસર અને મનસ્વી છે તેથી બંધારણની કલમ ૧૪ અને ૧૯(૧)(લ)નું ઉલ્લંઘન કરે છે. બંધારણની કલમ ૧૪ સમાનતાનો અધિકાર આપે છે જ્યારે કલમ ૧૯(૧)(લ) કોઈ પણ વ્યવસાય કરવાની સ્વતંત્રતાનો અધિકાર આપે છે.

સુપ્રીમ કોર્ટે આ દલીલો સ્વીકારીને મહારાષ્ટ્ર પોઈઝન્સ રૂલ્સ, ૧૯૭૨ના નિયમ ૧૮અ અને ૧૮ઇ રદ કરી દીધા છે. આ ચુકાદાની સાથે સુપ્રીમ કોર્ટે ઝેરી દારૂની સમસ્યાને નાથવા માટે કેટલાંક પગલાં પણ સૂચવ્યાં છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, સિસ્ટમમાં વ્યાપેલો ભ્રષ્ટાચાર આ સમસ્યા માટે જવાબદાર છે તેથી પહેલાં તો આ ભ્રષ્ટાચારને બંધ કરાવવો પડે. મિથેનોલ ઉદ્યોગો અને દવા માટે જરૂરી છે પણ તેની ચોરી કરીને કે ઈરાદાપૂર્વક ગેરકાયદે રીતે દારૂ બનાવનારાં સુધી પહોંચાડાય છે તેમાં તંત્રનો ભ્રષ્ટાચાર મુખ્ય ભૂમિકા ભજવે છ એટલે ભ્રષ્ટાચાર બંધ ના થાય ત્યાં લગી કશું જ ના થાય.

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને કેમિકલ સોલ્વન્ટ બનાવતી ઔદ્યોગિક એકમો પર નજર રાખવાની સલાહ આપી છે કેમ કે મુખ્યત્વે આ એકમો આ સોલ્વન્ટ ગેરકાયદે રીતે દારૂ બનાવનારાઓને વેચે છે. આ સિવાય મિથનોલની હેરફેર અલગ ટેન્કર અથવા કન્ટેનરમાં થવી જોઈએ એવું સૂચન પણ કર્યું છે. સુપ્રીમ કોર્ટનું માનવું છે કે, તેનાથી મિથેનોલની ચોરી અથવા તેની જગ્યાએ અન્ય પદાર્થ ભરવાની શક્યતા દૂર થશે. કોર્ટે ગેરકાયદે રીતે દારૂની હેરફેર પર રોક લગાવવા માટે આંતરરાજ્ય સરહદો પર દેખરેખ વધારવા પણ સૂચન કર્યું છે.

આ સૂચનો સારાં છે પણ તકલીફ એ છે કે, તેનો અમલ સુપ્રીમ કોર્ટે નથી કરવાનો પણ સરકારી તંત્રે કરવાનો છે. અત્યાર સુધીનો અનુભવ કહે છે કે, સરકારી તંત્રને સુપ્રીમ કોર્ટ કે બીજાં કોઈનાં પણ સૂચનોનો અમલ કરવામાં રસ નથી પડતો કેમ કે અમલ કરવા જાય તો તેમની ઉપરની કમાણી જતી કરવી પડે. નકલી દારૂના કિસ્સામાં તો આ કમાણી તોતિંગ છે ને સિસ્ટમમાં બેઠેલા લગભગ તમામ લોકોની તેમાં ભાગબટાઈ હોય છે તેથી કોઈને તેમાં રસ નથી પડતો.

નકલી દારૂની ફેક્ટરીઓ મોટા ભાગે રાજકારણીઓની હોય છે કે પછી તેમના આશીર્વાદથી ચાલતી હોય છે. આ ફેક્ટરીઓમાં મિથેનોલ સહિતનો કાચો માલ પોલીસ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર્સની રહેમ નજર હેઠળ પહોંચે છે. નકલી દારૂ તૈયાર થાય પછી સામાન્ય લોકો સુધી પણ પોલીસની રહેમનજર હેઠળ જ માલ પહોંચે છે. નકલી દારૂ વેચનારા સહિતના આખા નેટવર્ક પાસેથી પોલીસ ને નેતાઓ હપ્તા લે છે તેથી સુપ્રીમ કોર્ટ ગમે તેટલાં સારાં સૂચનો કરે તો પણ આ ધંધો બંધ થવાનો નથી.

નકલી દારૂની સમસ્યા પાછી દારૂબંધી છે એ રાજ્યોમાં જ નથી પણ દારૂના વેચાણની છૂટ છે એ રાજ્યોમાં પણ છે. સરકારનો ટેક્સ ચૂકવ્યા વિનાનો સસ્તો દારૂ વેચીને કમાણી કરવા માટે બધે નકલી દારૂ બને જ છે.

સુપ્રીમ કોર્ટનું કાયદાનું અર્થઘટન કરવાનું છે. એ દરમિયાન સુપ્રીમ કોર્ટે નૈતિક જવાબદારી સમજીને લોકોની ભલાઈની વાતો કરે છે એ સારું છે પણ તંત્રમાં બેઠેલા લોકો મગરની ચામડી ધરાવે છે તેથી તેમના પર કોઈ અસર થતી નથી. બધું પથ્થર પર પાણી છે. લઠ્ઠાકાંડના કારણે લોકો મરી જાય છે તો પણ તેમને કશો ફરક પડતો નથી તો પછી સુપ્રીમ કોર્ટ ટપારે તેની તો શું અસર થાય?

વાતનો સાર એ જ કે, સુપ્રીમ કોર્ટે ફરજ બજાવી પણ તંત્રમાં બેઠેલા કશું નહીં કરે. પરિણામે ઝેરી દારૂનો વેપલો ચાલતો રહેશે ને લોકો મરતાં રહેશે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, સોમવાર, તા. ૨૧-૯-૨૦૨૬,**
**શ્રી દયાનંદગીરી ગુરુ બ્રહ્મગીરી ચાને શ્રી મુંડિયાસ્વામી જન્મજયંતી**

- ભારતીય દિનાંક ૩૦, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરાષાઢા
- ચંદ્ર ધનુમાં સવારે ક. ૧૧-૧૪ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૯, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૬, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતી ઃ સવારે ક. ૦૮-૪૪, રાત્રે ક. ૨૦-૧૧
- ઓટઃ બપોરે ક. ૧૫-૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૦ (તા. ૨૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ – દસમી. શ્રી દયાનંદગીરી ગુરુ બ્રહ્મગીરી ચાને શ્રી મુંડિયાસ્વામી જન્મજયંતી (સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાત), નારાયણગુરુ સમાધિ દિન (કેરાલા)
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, સૂર્ય-ચંદ્ર દેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, નિત્ય થતાં દુકાન-વેપાર, દસ્તાવેજ, નોકરી સંબંધિત કાર્યો, ખેતીવાડીના કાર્યો. મુહૂર્ત સાધવાના કામકાજ નિષેધ છે.
- શ્રી ગણેશ મહિમાઃ ગણેશજી સંવેદ્ના, સંરક્ષણ અને સંવર્ધનના દાતા છે. ગણપતિ મનુષ્યને પ્રતિષ્ઠાનું રક્ષણ અને પ્રતિષ્ઠા વધારે એવા કાર્યોમાં પ્રવૃત્ત થવાની પ્રેરણા આપે છે. ગણેશજી બુદ્ધિના દેવતા છે. તેઓ જે સાંભળ્યું છે તેને પૂર્ણપણે ચકાસી નિર્ણય લેવાનું શીખવે છે.
- આચમનઃચંદ્ર-મંગળ પ્રતિયુતિ ઉદ્યમી સ્વભાવ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સામાજિક પ્રતિષ્ઠા મેળવી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ. બુધ ચિત્રા પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી, ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# ભારતની સેમી-કન્ડક્ટર ક્ષમતા કાર, ટેલિવિઝન, રેફ્રિજરેટર સહિતના ઉત્પાદન ક્ષેત્રો સુધી પહોંચેઃ અશ્વિની વૈષ્ણવ

નવી દિલ્હીઃ ભારત ઈચ્છે છે કે તેની સેમી-કન્ડક્ટર ક્ષમતા આવનારાં વરસોમાં કાર, ટેલિવિઝન, રેફ્રજરેટર ને આવશ્યક ઊર્જા માળખા સહિતના ઉત્પાદન ક્ષેત્રો સુધી પહોંચે, એમ ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું.

આગામી વરસોમાં ભારતની સેમિ-કન્ડક્ટર ક્ષમતા વિકસાવવાથી દેશના ડીપ-ટેક ક્ષેત્રને વેગ મળશે અને દેશમાં રોજગારની નવી તકો ઊભી થશે. ભારતે વૈશ્વિક સેમિ-કન્ડક્ટર શૃંખલામાં પોતાની હાજરી સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખયું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતુ કે સરકાર ચિપ ડિઝાઈન, એસેમ્બલી અને ટેસ્ટિંગથી આગળ વધીને ફેબ્રિકેશન, ઉપકરણો અને સાધનસામગ્રી ક્ષેત્રે પણ ક્ષમતા વિકસાવવા માગે છે. સેમિ-કન્ડક્ટર કાર્યક્રમના બીજા તબક્કા અંતર્ગત સરકારે સ્થાનિક ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને વૈશ્વિક રોકાણને આકર્ષવા માટે ૧.૨૭ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે, એમ તેમણે કહ્યું હતું.

આ અઠવાડિયે સેમિ-કન્ડક્ટર ક્ષેત્રે કેટલાક મોટા રોકાણની જાહેરાત થઈ હતી જેમાં વર્ષ ૨૦૩૫ સુધીમાં અપ્લાઈડ મટિરિયલ્સ સહિતની યોજનાઓ મારફતે ભારત પાંચ અબજ ડૉલરના રોકાણનો સમાવેશ થાય છે. લામ રિસર્ચે પણ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણનો પ્રસ્તાવ મૂક્યો છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સે ધોલેરા ખાતે ૩૬૩ એકરમાં વેન્ડર પાર્ક અને ફૂજીફિલ્મ્સે સેમિ-કન્ડક્ટર મટિરિયલ્સ પ્લાન્ટમાં ૮૦૦ કરોડ રૂપિયાના રોકાણનો પ્રસ્તાવ મૂક્યો છે.

ભારતે કાર, પાવર સિસ્ટમ, ટેલિવિઝન, રેફ્રિજરેટર અને અન્ય ઉપકરણો માટેની ચિપ્સની ડિઝાઈન અને ઉત્પાદન દેશમાં જ કરવું જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

# દેવભૂમિમાં જોખમમાં છે ૨૩ મોટા ગ્લેસિયર

દેહરાદૂન ઃ ઉત્તરાખંડના મધ્ય હિમાલયના ૨૩ મોટા ગ્લેસિયર દર વર્ષે ૨૩.૨૩ મીટર જેટલા પાછળ સરકે છે અને આમાના થોડા તો દર વર્ષે ૮૮ મીટર હિમ ગુમાવી રહ્યા છે. નવા સંશોધન પ્રમાણે વધતું તાપમાન, ગ્લેસિયરની લાક્ષણિકતા અને સ્થાનિક ભૂગોળને લીધે હિમની ક્ષતિ થઈ રહી છે.

૧૯૯૦થી ૨૦૨૪ સુધીના સેટેલાઈટની તસવીરો અને નિરિક્ષણો આધારિત સંશોધન 'ભારતના મધ્ય હિમાલયમાં ગ્લેસિયરનું પાછું હટવાનો સમય આધારિત અંદાજ' છે.

આ મહિનાની શરૂઆતમાં ડિસ્કવર જિયો સાયન્સમાં આ અભ્યાસ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ સંશોધન વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ હિમાલયન જીયોલોજીના મનિષ મહેતા અને દેહરાદૂનની યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ ઍન્ડ એનર્જી ઈન્સ્ટિટ્યૂટનાં જ્યોતિ કુમારી, ગિરિશ સી. કોથયારી અને અતુલકુમાર પાટીદારે કર્યું હતું.

મહેતાના જણાવ્યા પ્રમાણે મધ્ય હિમાલયમાં હિમનું પાછળ ખસવાનું દર વર્ષે ૨૩.૨૩ મીટર છે. જોકે દરેક ગ્લેસિયરમાં પાછળ હટવાનો દર અલગ છે.આ ખસવાનું ઉત્તરકાશી જિલ્લાના ભાગીરથી વેલીમાં અને ચમોલી જિલ્લાના સતોપંથમાં કાટમાળના આવરણ ધરાવતા ગ્લેસિયરમાં ઓછું છે અને તેમનું પાછળ હટવાનું દર વર્ષે ૩.૭ મીટર છે. બીજી બાજુ તેહરી ગઢવાલની ભાગીરથી વેલીમાં ખાટલિંગ ગ્લેસિયર ફક્ત હિમનો હોવાથી અહીં હિમનું પાછળ ખસવાનું એક વર્ષદીઠ ૮૦ મીટર છે. અભ્યાસમાં માલુમ પડ્યું હતું કે પાછળ ખસવામાં શુદ્ધ હિમ અને કાટમાળથી ઢંકાયેલી ગ્લેસિયરમાં મોટો તફાવત છે. શુદ્ધ હિમના ગ્લેસિયર ઝડપથી પીગળી જાય છે, જ્યારે કાટમાળ ધરાવતા ગ્લેસિયરમાં કાટમાળ ઈન્સ્યુલેટરનું કમ કરતા હોવાથી તે ઝડપથી પીગળતા નથી.

સંશોધકોએ બીજું એવું તારણ શોધી કાઢ્યું છે કે હિમ એકઠા થવાની ઝેન અને હિમ પીગળવાની ઝેનને અલગ પાડતી 'ઈક્વિબિરિયમ લાઈન એલ્ટિટ્યૂડ'(ઈએલએ ઊંચી જાય છે. આ સદીની શરૂઆતથી અમુક વિસ્તારમાં આ ઈએલએ ૫૦૦ મીટર ઊંચી થઈ છે. આને લીધે ગ્લેસિયરને તાજો હિમ મળતો નથી. આ કારણને લીધે ગ્લેસિયરના હિમના દ્રવ્યમાં ઘટાડો થતો જાય છે. (એજન્સી)■

## જાપાનના લડાકુ વિમાનોએ પ્રથમવાર ભારતીય જમીન પરથી ઉડાન ભરી

નવી દિલ્હીઃ દ્વિપક્ષી હવાઈ કવાયત 'વીર ગાર્ડિયન-૨૦૨૬'ના ભાગરૂપ જાપાનના લડાકુ વિમાનોએ પ્રથમવાર ભારતીય જમીન પરથી ઉડાન ભરી હતી. ભારત અને જાપાન વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે સહાકરની દિશામાં આ એક નવું પગલું છે.

નવથી બાવીસ સપ્ટેમ્બર એમ ૧૪ દિવસ જોધપુરસ્થિત ઍરફોર્સ સ્ટેશન ખાતે ચાલનારી આ કવાયતમાં ભારતીય વાયુસેના અને જાપાન ઍર સેલ્ફ ડિફેન્સ ફોર્સના અગ્રણી લડાકુ વિમાનો ભાગ લઈ રહ્યા છે.

આ કવાયતનો હેતુ ઍડવાન્સ ઑપરેશનલ મિશન, વ્યાવસાયિક અનુભવોની આપ-લે તથા મિશન પ્લાનિંગ, એન્જિનિયરિંગ અને એરોસ્પેસ સુરક્ષા અંગે ચર્ચાવિચારણા કરવાનો છે. ભારતીય વાયુસેના તેનાં લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ, એસયુ-૩૦એમકેઆઈ અને રાફેલ સાથે તો જાપાનનું ઍર ડિફેન્સ ફોર્સ તેના એફ-ટૂએ લડાકુ વિમનો સાથે આ કવાયતમાં ભાગ લઈ રહ્યા છે. આ કવાયત માટે જાપાનના લડાકુ વિમાનોને જાપાનના ત્સુઈકી ઍરબેઝથી જોધપુર લાવવામાં આવ્યા છે.

દ્વિપક્ષી કવાયત દરમિયાન જેએએસડીએફના લડાકુ વિમાનોએ પ્રથમવાર ભારતીય જમીન પરથી ઉડાન ભરી હતી. (એજન્સી)■

## યુપીમાં બાબાસાહેબ આંબેડકરની ૧૫૧ પ્રતિમા ખંડિત થઈઃ અખિલેશ

લખનઊઃ ભાજપના રાજમાં ઉત્તર પ્રદેશના ૭૨ જિલ્લાઓમાં બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૫૧ પ્રતિમાઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે, પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૧૪ ધરપકડ કરવામાં આવી હોવાનું સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે રવિવારે જણાવ્યું હતું. અખિલેશ યાદવે આરોપ લગાવતા કહ્યું કે પ્રતિમાઓની તોડફોડ જાણી જોઇને કરવામાં આવી હતી. કારણ કે ભાજપ બંધારણમાં ફેરફાર કરવા માગતું હતું, પરંતુ તેમ કરવામાં નિષ્ફળ રહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની પ્રતિમાઓને સૌથી વધુ નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. ભાજપના રાજમાં ૭૨ જિલ્લાઓમાં ૧૫૧થી વધુ આંબેડકરની પ્રતિમાઓને નુકસાન અથવા તોડી પાડવામાં આવી છે. યાદવે લખનઊમાં પાર્ટી કાર્યાલયમાં પત્રકારોને જણાવ્યું કે આ જાણી જોઇને કરવામાં આવ્યું હતું કારણ કે તેઓ બંધારણમાં ફેરફાર કરવા માગતા હતા પરંતુ તેમ કરી શક્યા નહીં. તેથી જ્યારે પણ ભાજપ અને તેની વિચારધારા અનુસરતા લોકો હુમલો કરે છે ત્યારે તેઓ પહેલા બંધારણની પ્રતને નિશાન બનાવે છે.સરકારી આંકડાઓનો ઉલ્લેખ કરતાં યાદવે કહ્યું કે સમાજવાદી પાર્ટી કુલ ૧૫૧ કેસોના રેકોર્ડ મેળવી શકી છે. માત્ર ૧૪ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. ૪૫ કેસમાં અજાણ્યા લોકો સામે કેસ દાખલ કરવામાં આવ્યા હતા. આઠ કેસમાં નામજોગ એફઆઇઆર નોંધવામાં આવી હતી. ■

# હમીદ અન્સારીના નિવેદનથી રાજકીય વિવાદ

નવી દિલ્હીઃ હમીદ અન્સારીએ જવાહરલાલ નહેરુના જૂના નિવેદનના કરેલા ઉલ્લેખે રાજકીય વિવાદ જગાડ્યો છે. ભાજપના નેતાઓએ આ મામલે હમીદ અન્સારી સામે સવાલ ઉઠાવી પર વળતો પ્રહાર કર્યો હતો.

અન્સારીએ આ નિવેદનને એ. જી. નૂરાનીના પુસ્તકમાં સમાવિષ્ટ નહેરુની જૂની ટિપ્પણીનો સંદર્ભ લેખાવ્યું હતું. દેશના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારીના એક નિવેદનને કારણે રાજકીય વિવાદ જાગ્યો છે.

એ. જી. નૂરાની મેમોરિયલ લેક્ચરમાં તેમણએ પંડિત નહેરુની જૂની ટિપ્પણીનો ઉલ્લેખ કર્યો હતો જેના પર ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદના નેતાઓએ સવાલ ઉઠાવ્યા છે.

વિશ્વ હિન્દુ પરિષદના પ્રવક્તા વિનોદ બંસલે કહ્યું હતું કે બહુસંખ્યક હિન્દુ સમાજને જોખમ લેખાવતા અગાઉ તેમણે પોતાના જાહેરજીવનની અંદર નિહાળવું જોઈએ.

અન્સારીએ પોતાના ભાષણમાં નહેરુને ટાંકીને કહ્યું હતું કે ભારત માટે સામ્યવાદ નહીં, પરંતુ હિન્દુ વામપંથી સાંપ્રદાયિકતા જોખમી છે.

તેમણએ સ્પષ્ટતા કરી હતી કે વર્ષ ૨૦૧૯માં પ્રકાશિત થયેલું પુસ્તક ધ આરએસએસઃ અ મિનેશ ટૂ ઈન્ડિયામાં છપાયેલા નહેરુના નિવેદનના સંદર્ભમાં તેમણે આ વાત કરી છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### કોસ્ટલ રોડ

મહાલક્ષ્મી ખાતે લોટસ જેટ્ટી નજીકની લાલા લજપત રાય કૉલેજ સામે બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓની ઓળખ ધૈર્ય દર્શન શેઠ (૧૭), આદિત્ય જકાસણિયા (૧૯) અને શનય ફાલ્ગુન ગજ્જર (૨૧) તરીકે થઈ હતી. વધુ તપાસ તાડદેવ પોલીસ કરી રહી છે.

તાડદેવ પોલીસ સ્ટેશનનાં સિનિયર ઈન્સ્પેક્ટર મીના જગતાપે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અકસ્માતમાં એક વિદ્યાર્થી આદિત્ય કલ્પેશ્વર ઓસવાલ (૨૩) ગંભીર રીતે ઘવાયો હતો. સારવાર માટે તેને નાયર હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. કારમાં દક્ષિણ મુંબઈ આવેલા ચારેય વિદ્યાર્થી ગુજરાતના અમદાવાદ શહેરના વતની હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

મળતી માહિતી અનુસાર અમદાવાદના નવરંગપુરામાં સામવેદ હૉસ્પિટલ સામેની સ્વસ્તિક સોસાયટીમાં રહેતો શનય ગજ્જર, અમદાવાદના જ સિંધુ ભવન માર્ગ પરના શોમપોળ ખાતે રહેતો આદિત્ય જકાસણિયા અને ધૈર્ય શેઠ મુંબઈના જૂહુ વિસ્તારમાં આવેલી એનએમઆઈએમએસ કૉલેજમાં આર્કિટેક્ટનો કોર્સ કરતા હતા અને નજીકની હોસ્ટેલમાં રહેતા હતા, જ્યારે જખમી આદિત્ય ઓસવાલ કુર્લાની કૉલેજમાં ભણતો હતો. ચારેય જણ રવિવારની વહેલી સવારે દક્ષિણ મુંબઈ શા માટે આવ્યા હતા તેની પોલીસને તાત્કાલિક જાણ થઈ નહોતી.

પોલીસે જણાવ્યું હતું કે કાર પુરપાટ વેગે મરીન ડ્રાઈવથી હાજી અલીની દિશામાં આવી હતી. કાર શનયના બિઝનેસમૅન પિતાની હતી અને ઘટના સમયે શનય કાર ચલાવતો હતો. નૉર્થ બાઉન્ડ પર વળાંક પાસે શનયે કારનો પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર બ્રિજની રૅલિંગ કુદાવ્યા પછી બે ગુલાંટ ખાઈને સીધી રસ્તા પર પડી હતી. અકસ્માતને કારણે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કારમાંની ઍરબેગ ખૂલી હતી અને વિદ્યાર્થીઓએ સીટ બૅલ્ટ પણ લગાવ્યો હતો, પરંતુ કાર આટલે ઊંચાઈથી પટકાઈ હોવાને કારણે વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા હતા.

દરમિયાન બનાવની જાણ થતાં તાડદેવ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બેભાન ચારેય જણને નાયર હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે ત્રણ વિદ્યાર્થીને મૃત જાહેર કર્યા હતા. અકસ્માતમાં ઓસવાલને પણ ગંભીર ઇજા થઈ હોવાથી તેની સારવાર ચાલી રહી છે. આ મામલે પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

જોકે તપાસ બાદ કાર ચલાવનારા વિદ્યાર્થી વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવશે. ઘટના સમયે વિદ્યાર્થીઓ નશામાં હતા કે કેમ તે અંગે પોસ્ટમોર્ટમના અહેવાલ અને બ્લડ સૅમ્પલના અહેવાલ પરથી જાણી શકાશે, એવું પોલીસનું કહેવું છે. ■

### ઈરાનની અમેરિકાને

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના પ્રતિભાવની રાહ જોઇ રહ્યા છીએ.

આમ છતાં, મોહસીન રેઝાઇએ આ સાત શરત કઇ છે, તે અંગે કોઇ સત્તાવાર જાહેરાત નહોતી કરી, પરંતુ આ સાત શરતમાં દરેક મોરચે લડાઇ રોકવાનો, ઇરાનના સ્થગિત કરાયેલા ભંડોળને છૂટું કરવાનો અને અમેરિકાના નૌકાદળ દ્વારા લગાવાયેલી નાકાબંધી ઉઠાવી લેવાની શરતનો સમાવેશ થતો હોવાનું કહેવાય છે.

ઇરાનની નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના સચિવે જણાવ્યું હતું કે આ બધી શરત સ્વીકારવાનું વૉશિંગ્ટનના હિતમાં જ રહેશે. ટ્રમ્પ ધમકી આપીને કોઇ પરિણામ મેળવી નહિ શકે. અમે નિર્ણાયક યુદ્ધ માટે તૈયાર છીએ.

ઇરાને અમેરિકા દ્વારા વધુ એક મોટા હુમલાની તૈયારી કરાતી હોવાનો દાવો કર્યો હતો.

મોહસીન રેઝાઇએ જણાવ્યું હતું કે અમને મળેલી માહિતી મુજબ અમેરિકાનું લશ્કર હાલમાં ઇરાનના સૈન્યના મથક પર વધુ એક મોટો હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે. તહેરાને તેનો સામનો કરવા માટેનો વ્યૂહ ઘડી કાઢ્યો છે. ઇરાન આ યુદ્ધનો બને એટલો જલદી અંત લાવવા માગે છે.

તેમણે જણાવ્યું હતું કે તહેરાન ઓમાનના અખાત, અરબી સમુદ્ર સહિત ઇરાનના અખાતના જળ અને ભૂમિ વિસ્તાર ખાતે કાર્યરત અમેરિકાના લશ્કરી મથકોને લક્ષ્ય બનાવશે. ઇરાને હવે આ યુદ્ધ માટેનો પોતાનો વ્યૂહ બદલ્યો છે. મોહસીન રેઝાઇએ દાવો કર્યો હતો કે ઇરાને તાજેતરમાં અમેરિકાના જહાજ કે અન્ય વિમાનવાહક યુદ્ધ-જહાજની નજીક જહાજ-વિરોધી મિસાઇલનું પરીક્ષણ કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે વૉશિંગ્ટન જો ઇરાન પર હવે કોઇ હુમલો કરશે, તો તહેરાન અમેરિકાના લશ્કરી મથક અને આ વિસ્તારમાંની અમેરિકાની કંપનીઓ પર હુમલા કરશે. (એજન્સી)■

### ટાટા સન્સના

રાખવા માટેના ઠરાવને ચાર વિરુદ્ધ એક મતથી પસાર કર્યો હતો. ટાટા ટ્રસ્ટ્સના ચેરમેને નોએલ ટાટાએ ઠરાવની વિરુદ્ધ મત આપ્યો હતો.

અગાઉ, ચંદ્રશેખરનને આ હોદ્દા પર ત્રીજી મુદત માટે ચાલુ રહેવાની અનિચ્છા દર્શાવી હતી, પરંતુ બૉર્ડની વિનંતિને પગલે આ પદ પર વધુ પાંચ વર્ષ ચાલુ રહેવા સહમત થયા હતા. (એજન્સી)■

### સઉદીની રાજધાની

યાનબુમાંના મથક પર હુમલા કર્યા હતા અને તેને લીધે ભીષણ આગ લાગી હતી.

ખનિજ તેલની વિશ્વની સૌથી મોટી કંપની અરામ્કોએ આ સંબંધમાં કોઇ પ્રતિભાવ નહોતો આપ્યો.

દરિયાઇ માર્ગે ખનિજ તેલના વહનના વધુ એક જળવિસ્તાર પર હુમલા શરૂ થતાં તેલ-બજાર પર પુરવઠાને લગતું અને આર્થિક દબાણ વધ્યું છે.

હુતીના લશ્કરી પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહ્યા સારીએ ક્રૂઝ, બેલિસ્ટિક અને ડ્રોન્સ દ્વારા હુમલા કરાયા હોવાનો દાવો કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે સઉદીએ યમનની બાજુમાં આવેલા સાના શહેર પર અમારા પર હુમલા કરવાનો પ્રયાસ કર્યો હતો. (એજન્સી)■

### કૉંગ્રેસ જોકરોનો પક્ષ

ગાંધીમાં રાજકીય નેતા તરીકે તેમને ગંભીર લેવામાં આવે એવી સમજ કે ગંભીરતા નથી. વિરોધ પક્ષના નેતાએ આમાં વૃદ્ધાની મજાક ઉડાવીને નારીશક્તીનું અપમાન કર્યું છે.

ભાજપના નેતાએ તાજેતરમાં દિલ્હી વિદ્યાપીઠના સ્ટુડન્ટ્સ યુનિયનની ચૂંટણીમાં કૉંગ્રેસના દેખાવની પણ ટીકા કરી હતી. વિરોધ પક્ષનું રાજકારણ યુવાન મતદાતા સાથે નાતો જોડી શક્યું નથી. આથી જ ચૂંટણીમાં તેનો રકાસ થયો છે. આરએસએસને સંલગ્ન એબીવીપીએ ડીયુસીયુની ચારમાંથી ત્રણ સેન્ટ્રલ પેનલ પોસ્ટ જીતી હતી એક પોસ્ટ એનએસયુઆઈએ જેને ટિકિટ નથી આપી એ દિપાંશુ શોકીને જીતી હતી.

કેન્દ્રના શિક્ષણ પ્રધાન પ્રહ્લાદ જોશીએ પણ રાહુલ અને કૉંગ્રેસની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે આ મિમિક્રિએ મોદીની માતાનું અપમાન કર્યું છે. (એજન્સી)■

# કોન્સ્ટેબલ ડાભીની આત્મહત્યા કેસમાં ચેતક કમાન્ડોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી અને ગાંધીનગર રહેતી જહાન્વી ડાભીની આત્મહત્યાના કેસમાં એક નવો વળાંક આવ્યો છે. પોલીસે તેનાં કથિત પ્રેમી ચેતક કમાન્ડો પ્રકાશ ચૌહાણની ધરપકડ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

જહાન્વીના સંબંધીના કહેવા અનુસાર તેનાં પિતાએ પણ આત્મહત્યા કરી હતી. ત્યારબાદ માતાએ બીજા લગ્ન કરી લેતા સંતાનો દાદા-દાદી પાસે ઉછર્યા હતા. જન્હાવીએ લવ મેરેજ કર્યા હતા, પરંતુ પહેલા પતિના અવસાન બાદ પરંપરા અનુસાર તેનાં લગ્ન જેઠ સાથે કરી દેવાયા હતા. જોકે આ લગ્નમાં ખટરાગ થતા તે અલગ રહેતી હતી. જહાન્વીએ લગ્ન બાદ પોતાની મહેનતે જ પોલીસની પરીક્ષ પાસ કરી હતી અને નોકરી મેળવી હતી. ઈન્સ્ટાગ્રામ પર લગભગ ૨૫૦૦૦ ફોલોઅર્સ ધરાવતી જહાન્વી બાઈક સ્ટંટની એક ઈવેન્ટમાં અરવલ્લી ગઈ હતી. અહીં ચેતક કમાન્ડો પ્રકાશ ચૌહાણ સાથે તેનો પરિચય થયો હતો અને બન્ને રિલેશનશિપમાં હોવાનું સૂત્રો જણાવે છે. પરિણિત અને બે સંતાનના પિતાએ જહાન્વી સાથે લગ્નની તૈયારી બતાવી હતી. ત્યારબાદ તેણે પહેલા પતિ સાથે છૂટાછેડા લીધા હોવાનું પણ જાણવા મળ્યું હતું, સૂત્રોએ જણાવ્યું હતું.

જોકે પછીથી પ્રકાશનું વર્તન બદલાયું અને તે જહાન્વી પર શક કરતો થયો અને તેણે તેનાં ઘરમાં વેબ કેમેરા પણ રાખ્યા હતા, જેથી જહાન્વી પર સતત નજર રાખી શકાય. તે લગ્નની ના પાડતો હતો અને સતત માનસિક અને શારિરિક ત્રાસ આપતો હતો, જેનાથી કોન્સ્ટેબલ કંટાળી ગઈ હતી. પોલીસને શક છે કે પ્રકાશે તેની આત્મહત્યા પણ લાઈવ જોઈ હશે. મહિલાનો મૃતદેહ સડેલી હાલતમાં મળ્યો હતો, આથી તેણે બે દિવસ અગાઉ આત્યંતિક પગલું ભરી લેવાની શંકા પણ પોલીસને છે. ■

# ટેન્ડરની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો સરકારનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વિકાસ અને બાંધકામના કામોને ઝડપી બનાવવા અને વહીવટી પ્રક્રિયાઓમાં બિનજરૂરી વિલંબ અટકાવવાના ઉદ્દેશ્યથી ટેન્ડર મંજૂરી પ્રક્રિયા માટે વિવિધ સ્તરે મહત્તમ સમય મર્યાદા નિર્ધારિત કરવાનો નિર્ણય લીધો છે.

હાલની સિસ્ટમ હેઠળ, ટેન્ડર મંજૂરી પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સામાન્ય રીતે લગભગ ૧૨૦ દિવસનો સમયગાળો ધ્યાનમાં લેવામાં આવતો હતો. કામો વહેલામાં વહેલી તકે શરૂ થાય તે માટે, મુખ્ય પ્રધાને હવે પ્રક્રિયા પૂર્ણ કરવા માટે કડક સમયમર્યાદા રજૂ કરી છે.

તદનુસાર, જે ટેન્ડરોમાં કોન્ટ્રાક્ટરોની પૂર્વ-લાયકાત માટેની કોઈ જોગવાઈ નથી અને ફક્ત નાણાકીય બિડ સામેલ છે, ત્યાં પ્રાદેશિક કાર્યાલય સ્તરથી લઈને સચિવાલય અને નાણાં વિભાગ સુધીની સમગ્ર પ્રક્રિયા મહત્તમ ૫૧ દિવસની અંદર પૂર્ણ કરવાની રહેશે.

જે ટેન્ડરોમાં કોન્ટ્રાક્ટરોની પૂર્વ-લાયકાત જરૂરી હોય અને ટેકનિકલ અને નાણાકીય બિડ બંને સામેલ હોય, ત્યાં તમામ સ્તરે ચકાસણી સહિતની સમગ્ર પ્રક્રિયા મહત્તમ ૬૬ દિવસની અંદર પૂર્ણ કરવાની રહેશે. હાલની ૧૨૦ દિવસની ટેન્ડર માન્યતા અવધિ પણ ઘટાડીને ૯૦ દિવસ કરવામાં આવી છે. એવું પણ નક્કી કરવામાં આવ્યું છે કે જો કોઈ દરખાસ્તનો નિકાલ નિર્ધારિત સમયમર્યાદામાં ન થાય, તો વિલંબના કારણો સંબંધિત સ્તરે નોંધવાના રહેશે, અને વિલંબની જવાબદારી સંબંધિત અધિકારી પર નક્કી કરવામાં આવશે.

આ નિર્ણયમાં વધુમાં જણાવાયું છે કે અધૂરા પ્રસ્તાવોને કારણે થતા વિલંબની સંપૂર્ણ જવાબદારી પ્રસ્તાવ જે સ્તરેથી રજૂ કરવામાં આવ્યો હતો તેની રહેશે. લેવાયેલા નિર્ણયોથી રાજ્યભરમાં રસ્તાઓ, પુલો અને સરકારી ઇમારતો સહિત માળખાગત પ્રોજેક્ટ્સની મંજૂરી પ્રક્રિયા ઝડપી અને વધુ પારદર્શક બનવાની અપેક્ષા છે. આ પ્રક્રિયાઓ જેમ બને તેમ જલ્દી પૂરી થાય તો જાહેરહીતના કામ પણ ઝડપથી થઈ શકે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. ■

# વરસાદના બીજા રાઉન્ડ પછી પણ સૌરાષ્ટ્ર-કચ્છમાં ઘટ, દક્ષિણ ગુજરાત છલોછલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા એકાદ અઠવાડિયાથી સમગ્ર ગુજરાતમાં મેઘમહેર થઈ રહી છે. આવનારા અઠવાડિયામાં પણ ૨૫ સપ્ટેમ્બર સુધી વરસાદી માહોલ રહેશે, તેવી આગાહી છે. જોકે તેમ છતાં સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદની સારી એવી ઘટ છે. ગયા અઠવાડિયા પહેલા જે દુષ્કાળની સ્થિતિના ભણકારા વાગતા હતા, તેના કરતા સ્થિતિ સારી હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. ગુજરાતમાં દક્ષિણ ગુજરાતમાં સિઝનનો પૂરતો વરસાદ થઈ ગયો છે જ્યારે બાકીના વિસ્તારોમાં ૮૦ ટકા કરતા ઓછો વરસાદ નોંધાયો છે, જે સારી એવી ઘટ સૂચવે છે.

૨૦ સપ્ટેમ્બર સુધીમાં, ગુજરાતમાં સરેરાશ ૮૮% વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાત ૧૧૩.૭૧% સાથે ટોચ પર છે, ત્યારબાદ પૂર્વ-મધ્ય ગુજરાત ૮૯.૧૦% સાથે આવે છે. જોકે, ત્રણ પ્રદેશમાં હજુ પણ ઘટ છે, જેમાં કચ્છ ૫૭.૧૬%, સૌરાષ્ટ્ર ૬૮.૦૭% અને ઉત્તર ગુજરાતમાં ૭૦.૮૧% વરસાદ પડ્યો છે. આ ત્રણેય પ્રદેશોમાં પરિસ્થિતિ આદર્શ નથી, કારણ કે સરેરાશ વરસાદના ૮૦% કરતા ઓછો વરસાદ પડ્યો છે.

થોડા દિવસો પહેલા, સરેરાશ ટકાવારી તરીકે કચ્છમાં ૨૯.૯૫%, સૌરાષ્ટ્રમાં ૫૬.૩૫%, ઉત્તર ગુજરાતમાં ૫૬.૨૩% અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૭૫.૧૪% વરસાદ પડ્યો હતો. રાજ્યની સરેરાશ ૭૫.૭૪% હતી. ફક્ત દક્ષિણ ગુજરાતમાં જ કોઈ ઘટ નહોતી.

એક અઠવાડિયા પહેલા ૭૫.૭૪% (૬૮૮.૩૭ મીમી) થી, ગુજરાત હવે તેના સરેરાશ ચોમાસાના વરસાદના ૮૮% સુધી પહોંચી ગયું છે. ૨૦૨૬ ચોમાસાની ઋતુના અંત સુધીમાં ગુજરાતમાં કેટલો વરસાદ પડે છે તે જોવાનું બાકી છે.

દરમિયાન હવામાન વિભાગે સપ્ટેમ્બરના અંતમાં ચોમાસું વિદાય લેશે તેવી આગાહી કરી છે. જ્યારે હવામાન નિષ્ણાત આંબાલાલ પટેલના કહેવા અનુસાર સપ્ટેમ્બર મહિનાના અંતમાં સારોએવો વરસાદ થવાની સંભાવના છે જ્યારે નવેમ્બર મહિનામાં ચક્રવાતની પણ શક્યતા છે. ■

# વડોદરા-આણંદને જોડતો ગંભીરા બ્રિજ મુખ્ય પ્રધાનના હસ્તે ખુલ્લો મૂકાયો




(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહી નદી પર વડોદરા અને આણંદ જિલ્લાને જોડતો ગંભીરા પુલનું રવિવારે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઈ-ઉદઘાટન કરવામાં આવ્યું હતું. રૂ. ૨૩૫ કરોડ ખર્ચે તૈયાર થયેલા આ પુલનું નિર્માણ લગભગ એક વર્ષમાં થયું છે. બ્રિજ શરૂ થતાં વડોદરા, આણંદ, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનો વાહનવ્યવહાર ફરી સરળ બનશે.

વડોદરા જિલ્લાના વરણામા સ્થિત ત્રિમંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રૂ. ૧,૨૯૭ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.

મુખ્ય પ્રધાને ડો. બાબાસાહેબ આંબેડકર સંકલ્પ ભૂમિ સ્મારકનું પણ ઉદઘાટન કર્યું, જે ૨૮.૫૯ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યું છે. સ્મારક સંકુલમાં એક સંગ્રહાલય, ઓડિટોરિયમ, પુસ્તકાલય, ઓડિયો ગાઇડ સુવિધા, ડો. બી.આર. આંબેડકર પર હાઇપર-રિયાલિટી અને મલ્ટીમીડિયા પ્રદર્શન અને અન્ય સુવિધાઓનો સમાવેશ થાય છે.

એક ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ પણ જરૂરિયાતમંદ બાળકોને સમર્પિત કરવામાં આવ્યું હતું. ૨,૧૮૬ ચોરસ મીટરમાં ૮.૩૫ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી આ સુવિધામાં ૫૦ બાળકો રહેવાની ક્ષમતા છે. તેમાં કમ્પ્યુટર પ્રયોગશાળા, યોગ સુવિધાઓ, પુસ્તકાલય, આરોગ્ય સેવાઓ અને ભોજનની વ્યવસ્થાનો સમાવેશ થાય છે.

કાર્યક્રમ દરમિયાન, ૬૭૬.૬૮ કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સ માટે શિલાન્યાસ કરવામાં આવ્યો હતો, જ્યારે ઉપરોક્ત પ્રોજેક્ટ્સ સહિત ૩૫૨ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. એકસાથે, શિલાન્યાસ અને ઉદઘાટન સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સનું મૂલ્ય આશરે ૧૨૯૭.૬૮ કરોડ રૂપિયા છે.

# ગુજરાત વિદ્યાપીઠની હોસ્ટેલમાં રેડ, સડેલી ભોજન સામગ્રી મળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) એ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની હોસ્ટેલમાં અચાક છાપો માર્યો હતો. અહીં સડેલા અને નબળી ગુણવત્તાવાળા ભોજન અને ભોજન સામગ્રી મળી આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

એબીવીપીએ સ્ટુડન્ટ્સ રેડના નામે અભિયાન શરૂ કર્યું છે. તેમણે વિદ્યાપીઠની મેસમાં મેસમાં વપરાતા વિવિધ ખાદ્ય પદાર્થોની તપાસ કરી, જેમાં તેમની ગુણવત્તા, પેકેજિંગ અને એક્સપાયરી ડેટનો સમાવેશ થાય છે. એબીવીપીના કાર્યકરો અનુસાર તેમને એક્સપાયર્ડ ડેટની ફૂડ આઈટમ્સ મળી આવી હતી. સડેલા કાંદા-ટમેટા મળી આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ગત શુક્રવારે ભારે વરસાદ બાદ અહીંની મેસમાં પાણી ભરાઈ ગયા હતા અને કાનખજૂરો તરતો દેખાતો હોવાના કથિત વીડિયો વાયરલ થયા હતા તેમ જ વિદ્યાર્થીઓએ પાણી ભરાયેલા હોલમાં ઊભા ઊભા ભોજન લેવાની ફરજ પડી હતી, તેવી ફરિયાદો થઈ હતી. એબીવીપએ વિદ્યાપીઠના સંચાલકોને નિયમિત રીતે મેસનું ફૂડ અને સામગ્રી ચેક કરવા અને વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન થાય તેની તકેદારી રાખવાની માગણી કરી હતી. ■

# ગુજરાત પોલીસ 'જવાન' થઈ: અડધા અધિકારી મિલેનિયલ્સ અને જેન-ઝી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યભરમાં ઈન્ડિયન પોલીસ સર્વિસ(આઈપીએસ)ની કેડરમાં યુવાન અધિકારીઓની સંખ્યા ૫૩ ટકા થઈ છે. હાલમાં રાજ્યના ૧૯૮ અધિકારીમાંથી ૧૦૫ અધિકારી યુવાન છે, તેમ એક અહેવાલ જણાવી રહ્યો છે.

માર્ચ ૧૯૯૭ થી માર્ચ ૨૦૦૦ ની વચ્ચે જન્મેલા જેન-ઝી અધિકારીઓનો સમાવેશ કરતી ગુજરાત કેડરની યાદીમાં સિમરન ભારદ્વાજ, જયવીર ગઢવી, હર્ષ શર્મા, ગૌતમ વિવેકાનંદન, માનસી મીના, મૌસમ મહેતા, અનિકેત પટેલ અને આકાશ ચાવડાનો સમાવેશ થાય છે. ૨૦૦૦ માં જન્મેલા ભારદ્વાજ અને મીના બંને ગુજરાત કેડર માટે યાદીમાં સૌથી નાની ઉંમરના અધિકારીઓ છે. આ અધિકારીઓ વિવિધ સેવા આપી રહ્યા છે અથવા તાલીમ લઈ રહ્યા છે, જેમાં સહાયક પોલીસ અધિક્ષક તરીકે ફિલ્ડ પોસ્ટિંગનો સમાવેશ થાય છે. ૧૦૫ અધિકારીમાં ૮ જેન-ઝી અને ૯૭ મિલેનિયલ્સ છે.

આ આંકડા સિવિલ લિસ્ટના વર્ગીકરણ અનુસાર ૧૯૮૧ થી ૧૯૯૬ ની વચ્ચે જન્મેલા અધિકારીઓ તરીકે મિલેનિયલ અને ૧૯૯૭ કે પછી જન્મેલા જેન-ઝી અધિકારીઓ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. જોકે જેન-ઝીની ટકાવારી ચાર ટકા છે, પરંતુ તેમનો પ્રવેશ કેડરમાં થઈ ગયો છે. જ્યારે મલેનિયલ્સ ઘણી જ મોટી સંખ્યામાં છે.

સિવિલ લિસ્ટ કેડરમાં હજુ ધીમે ધીમે ફેરફાર થશે કારણ કે ગુજરાત-કેડરના ચાર અધિકારીઓ ૨૦૨૬ માં, ચાર ૨૦૨૭ માં, છ ૨૦૨૮ માં, ચાર ૨૦૨૯ માં અને છ ૨૦૩૦ માં નિવૃત્ત થવાના છે, તેમ અહેવાલ જણાવે છે. ■

# રેન્ટ ગરબા પાર્ટનર: સોશ્યલ મીડિયા પર વાઈરલ થતી પોસ્ટ્સ પોલીસના રડારમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતનો સૌથી લોકપ્રિય તહેવાર હવે માત્ર માતાજીની ભક્તિ આરાધનાનો ન રહેતા, વ્યાવસાયિક બની ગયો છે ત્યારે નવરાત્રીના એક મહિના પહેલા વાયરલ થયેલી સોશિયલ મીડિયા પોસ્ટ્સ પર પોલીસનું ધ્યાન ગયું છે અને અમુક સામાજિક સંસ્થાઓએ પણ વિરોધ નોંધાવ્યો છે. આ સાથે સાયબર નિષ્ણાતોએ પણ લોકોને સાબદા રહેવાની સલાહ આપી છે. રેન્ટ ગરબા પાર્ટનર નામની ખૂબ વાયરલ થયેલી પોસ્ટ અંગે સુરત પોલીસે જણાવ્યું હતું કે આ બાબતની તપાસ ચાલી રહી છે. સોશિયલ મીડિયા પર આવી પોસ્ટ્સ અંગેની વિગતો પોલીસના ધ્યાન પર લાવવામાં આવી છે. આ પોસ્ટ્સની ચકાસણી કરી રહ્યા છીએ અને જો કંઈ શંકાસ્પદ જણાશે તો પગલાં લેવામાં આવશે. આ પોસ્ટ્સમાં લોકો એક દિવસ, અમુક કલાકો કે સંપૂર્ણ નવરાત્રી રમવા માટે પોતાની જાતને ભાગીદાર તરીકે ઓફર કરી રહ્યાન છે. જેનો ચાર્જ રૂ. ૧૦૦૦થી ૧૦,૦૦૦ સુધી અલગ અલગ પેકેજ પ્રમાણે છે. સિલ્વર, ગોલ્ડ, પ્લેટિનમ એમ અલગ અલગ કેટેગરીમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતીમાં આ પોસ્ટ્સ વાયરલ થઈ રહી છે.

આ જાહેરાતોમાં માત્ર સાથે ગરબા રમવા નહીં, પણ પેકેજના આધારે સોશિયલ મીડિયા અકાઉન્ટ પર સાથે સેલ્ફી, ગરબા સ્ટેપ્સ શિખવાડવાના, રિલ્સ અને વીડિયો સાથે બનાવવાની ઓફર પણ છે.

આમાંથી ઘણા અકાઉન્ટ્સમાં ફોલોઅર્સ પણ ઘણા છે. તેનો અર્થ એમ પણ થઈ શકે કે તેમને રિસ્પોન્સ મળી રહ્યો છે. જોકે સાયબર એક્સપર્ટ્સ આ મામલે લોકોને ચેતવી રહ્યા છે. ખાસ કરીને યુવાનો કોઈ સાથે પૈસાની લેવડ-દેવડ ન કરે તેમ જ પોતાની વ્યક્તિગત માહિતી શેર ન કરે કારણે કે આગળ જતા તેમને નુકસાન થઈ શકે છે. આ સાથે અમુક સામાજિક સંસ્થાઓના કહેવા અનુસાર માતાજીના ગરબા ભક્તિભાવ સાથે જોડાયેલા છે. આ રીતે પાર્ટનર શોધવાનો તહેવાર નથી, જો કંઈ પણ અજુગતું થશે તો અમે પગલાં લઈશું. ■

# અંકલેશ્વરમાં પેઈનકિલરના ઓવરડોઝથી બે યુવકનાં મોતનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અંકલેશ્વરના સારંગપુર અને જીઆઈડીસી વિસ્તારમાં બે યુવાનના શંકાસ્પદ મોતની ફરિયાદ પરિવારે કરી હતી. પ્રાથમિક અનુમાન અનુસાર પેઈનકિલરના ઈન્જેક્શનના ઓવરડોઝને કારણે ફરમાન અલી અને રાહુલ સિંહને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેમના મોત થયા હતા. પરિવારે ફરિયાદ કરતા પોલીસ દ્વારા પોસ્ટમોર્ટમ અને વિસેરા તપાસ ચાલી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

પ્રાથમિક અનુમાન મુજબ, થાક ઉતારવાના ઇરાદે લેવાયેલા પેઇનકિલર ઇન્જેક્શનના ઓવરડોઝ અથવા તેની આડઅસરને કારણે હૃદય પર હુમલો આવવાથી બંનેના મોત થયાની આશંકા છે. આ ઘટનામાં અન્ય એક યુવક અભિષેક ગંભીર હાલતમાં સારવાર હેઠળ હોવાની જાણકારી પણ સૂત્રો દ્વારા મળી હતી. બન્ને યુવકના મોતના સમાચારથી પરિવારો ભાંગી પડ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર મોતનું કારણ હૃદયરોગનો હુમલો હોવાનું જણાય રહ્યું છે. મેડિકલ રિપોર્ટ આવ્યા બાદ જ મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે. જોકે પરિવારોઓએ બન્નેના મોત અંગે શંકા વ્યક્ત કરી હતી. જ્યારે નિષ્ણાતોના જણાવ્યા અનુસાર પેઈનકિલરનો ઓવરડોઝ લેવાથી હૃદયરોગનો હુમલો આવી શકે છે. આ ઘટના અંગે સંબંધિતો સાથે સીધો સંપર્ક થઈ શક્યો ન હતો. ■

# અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાનો પ્રારંભ, પ્રસાદના ૪૦ લાખ પેકેટ તૈયાર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં શકિતપીઠ અંબાજી ખાતે રવિવારથી ભાદરવી પૂનમ મેળાનો પ્રારંભ થયો હતો. જેમાં પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં માઇભક્તો અંબાજી પહોંચ્યા છે. ત્યારે ભાદરવી પૂનમ મહામેળા ૨૦૨૬ માટે માં અંબાના પ્રસાદરૂપે ૪૦ લાખ પેકેટ મોહનથાળ તૈયાર કરવામાં આવી રહ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ભક્તો માટે તૈયાર કરવામાં આવી રહેલા ૪ લાખ કિલો મોહનથાળમાં ૬,૦૦૦ ડબ્બા શુદ્ધ ઘીનો ઉપયોગ કરવામાં આવશે. તેમજ ૨૬ પ્રસાદ વિતરણ કેન્દ્રો મારફતે ભક્તો સુધી પ્રસાદ પહોંચાડવાની તૈયારીઓ થઈ રહી છે.

ભાદરવી પૂનમના મેળા દરમિયાન લાખોની સંખ્યામાં પદયાત્રીઓ અંબાજી પહોંચતા હોય છે. તેમજ મંદિર પરિસરમાં ભીડ નિયંત્રિત કરવા માટે વહીવટી તંત્રએ ખાસ વ્યવસ્થા ઉભી કરી છે. જેમાં અલગ અલગ સ્થળોએથી પ્રવેશ માટેની વ્યવસ્થામાં પણ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. ભાદરવી પૂનમના પગલે વહીવટી તંત્ર દ્વારા ૨૮ જેટલી સમિતિઓ બનાવાઈ છે. જેને જુદા જુદા કામ અને સુરક્ષાની જવાબદારી સોંપી દેવામાં આવી છે. જિલ્લા પોલીસવડા તરફથી એક ટીમ તૈયાર કરીને પદયાત્રીઓના પોષાક પર નાઈટ વિઝન ટેગ લગાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, અંબાજીમાં ભાદરવી પૂનમના મેળા દરમિયાન આકાશમાં આધુનિક ડ્રોન શો અને ઝળહળતી રોશની આકર્ષણનું કેન્દ્ર બનશે. સમગ્ર અંબાજી ધામ અત્યારથી જ ભક્તિમય માહોલમાં રંગાયું છે. વહીવટી તંત્ર દ્વારા પદયાત્રીઓની સુવિધા, સુરક્ષા અને દર્શન માટેનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે દર્શનના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ■

# વલસાડના ઉમરગામમાં યુવકે જાહેરમાં ગળું ચીરી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વલસાડ જિલ્લાના ઉમરગામમાં ચકચારી ઘટના પ્રકાશમાં આવી હતી. અહીં એક યુવકે જાહેરમાં પોતાના ગળા પર ચાકુ ફેરવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. મળતી વિગતો અનુસાર આ ઘટના સિદ્ધિ વિનાયક મંદિર પાછળ બની હતી. લોહીલુહાણ હાલતમાં યુવકને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આમ કરવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું ન હતું, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર યુવકને બહેનના લગ્નની ચિંતા હોવાથી તેણે આમ કર્યું હતું. શહેરમાં ગાંધીવાડી અનવરભાઈની ચાલમાં રહેતા ૩૨ વર્ષીય સોનુકુમાર અશોક પ્રસાદ કુશવાહે અચાનક હાથમાં રહેલા ચાકુ વડે પોતાના ગળાના ભાગે ઈજા પહોંચાડી હતી. યુવકને આમ કરતો જોઈ આસપાસના લોકો દોડી આવ્યા હતા, પંરતુ પહેલા યુવકે તેમને પણ ઈજા પહોંચાડવાની કોશિશ કરી હતી. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર તેઓ મૂળ બિહારના છે. અહીં ત્રણેક વર્ષથી રહે છે. બહેનનાં લગ્ન, ઘરના ઘર તમામ માટે તે કમાણી કરે છે, પરંતુ પૂરું ન પડતું હોવાથી ચિંતામાં પડી ગયો હતો અને થોડા દિવસથી નિરાશ રહેતો હતો. ત્યારે અચાનક તેણે હાથમાં ચાકુ લઈ આ રીતે પોતાનું ગળું ચિરવાની કોશિશ કરી હતી. હાલમાં યુવક વલસાડ ખાતે સારવાર લઈ રહ્યો છે. પોલીસ તે સ્વસ્થ થાય પછી તેનું નિવેદન લેશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લઈ કેદીઓ સાથે સંવાદ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લઈને કેદીઓ સાથે સહજ સંવાદ કર્યો હતો. તેમણે કેદીઓ સાથે હળવા મૂડમાં વાતચીત કરી વાતાવરણને હળવું બનાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જેલમાં બનાવવામાં આવતી વસ્તુઓ સામાન્ય નાગરિકો સુધી પહોંચે છે અને અહીંના ભજિયા પણ પ્રખ્યાત છે. મુખ્ય પ્રધાને કેદીઓ પાસેથી 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' ભજનનું શ્રવણ કર્યું હતું તેમજ ભજનમાં દર્શાવેલા મૂલ્યોનું અનુસરણ કરી સાચા અર્થમાં વૈષ્ણવજન બનવા અનુરોધ કર્યો હતો.



તેમણે જણાવ્યું હતું કે, એક નાની એવી ભૂલના કારણે મોટું નુકસાન થઈ શકે છે. એટલું જ નહીં, તેનું પરિણામ આખા પરિવારને ભોગવવું પડે છે. આ માટે તેમણે સૌને સંયમના માર્ગે ચાલવા અનુરોધ કર્યો હતો. ભૂપેન્દ્ર પટેલે સાબરમતી મધ્યસ્થ જેલમાં કેદીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ વસ્તુઓની ખરીદી પણ કરી હતી. આઝાદીની લડત દરમિયાન સરદાર પટેલ, ઝવેરચંદ મેઘાણી, અબ્બાસ તૈયબજી, રવિશંકર મહારાજ અને રસિકલાલ પરીખ જેવા મહાનુભાવોએ સાબરમતી મધ્યસ્થ જેલના જે ઓરડાઓમાં નિવાસ કર્યો હતો, તેની મુલાકાત પણ લીધી હતી. ■


# વડોદરાના સિકંદરાપુરામાં ધજા હાઈટેન્શાન વાયરને અડકી: આઠને ઝટકો લાગ્યો, બે ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા જિલ્લાના સિકંદરાપુરામાં બાબા રામદેવપીરના નેજા (ધજા)ને લઈ પગપાળા યાત્રા જઈ રહી હતી ત્યારે ગંભીર અકસ્માત ઘટ્યો હતો. આ ધજા હાઈટેન્શન વાયરને અડકી જતા કરંટ ઉતર્યો અને ૮ જેટલા યુવક તેની ઝપેટમાં આવી ગયા હતા, જેમાંથી બે યુવકની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર, સિકંદરપુરા ગામેથી યુવાનોનો એક સમૂહ રામદેવપીરની ધજા લઈ નીકળ્યો હતો. યાત્રા દરમિયાન ઉત્સાહ સાથે જઈ રહેલા યુવાનોના હાથમાં રહેલો ધજાનો ઊંચો દંડો (નેજો) રસ્તા પરથી પસાર થતી વીજ કંપનીની મુખ્ય લાઈનના જીવંત વીજ વાયરને અડી ગયો હતો અને આ કરંટ ધજા પકડીને ચાલી રહેલા અને આપસાપના ૮ જેટલા યુવકને લાગ્યો હતો. અમુકને ઝટકો લાગ્યો હતો જ્યારે બેને ગંભીર ઈજા થયાના અહેવાલો મળ્યા હતા. પિયુષ અને અક્ષય નામના યુવક ઉછળીને પડ્યા હતા. બન્નેની સારવાર ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઘટનાએ સમગ્ર ગામમાં સોંપો પાડી દીધો હતો. ■

## રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબે સમજાવ્યા ‘મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જપ સાધના’માં મંત્રોચ્ચારની ઊર્જા, ગુરુભક્તિ અને જીવન ઉપયોગી અનેક સૂત્રો



મુંબઈ : રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના દિવ્ય સાંનિધ્યમાં રવિવારે ઘાટકોપર ખાતે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર જપ સાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ગુરુદેવે ભગવાન પાર્શ્વનાથની સ્તુતિરૂપ ‘શ્રી ઉવસગ્ગહર સ્તોત્ર’ના રહસ્યોને તેમની આગવી રસાળ શૈલીમાં સમજાવ્યા હતા.

“ ગુરુ-શિષ્ય સંબંધની મહત્તા સમજાવતા ગુરુદેવે કહ્યું કે, વ્યક્તિનો વિનય તેને સર્વ ક્ષેત્રે સફળતા અપાવે છે. જ્યારે શિષ્ય ગુરુની આજ્ઞાનો વાહક બની જાય છે ત્યારે ગુરુ પણ તેના ચાહક બની જાય છે. કોઈપણ શબ્દોનો માત્ર અર્થ નહીં, પરંતુ તેનો ગૂઢાર્થ અને રહસ્ય સમજવાની જરૂરિયાત પર ભાર મૂકતાં તેમણે કહ્યું કે, કિનારે ફક્ત છીપલા કે કોડી મળે છે, જ્યારે સાગરના ઊંડાણમાં રત્નો મળે છે.”

કાર્યક્રમ દરમિયાન પરમ ગુરુદેવના ૫૬વિં જન્મોત્સવ અંતર્ગત ૨૬ - ૨૭ સપ્ટેમ્બરના યોજાનારા ‘માનવતા મહોત્સવ’ની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી. જેમાં ૨૦થી ૨૬ સપ્ટેમ્બર સુધીમાં ભાવિકો ૫૬ કલાકની મૌન સાધના અર્પણ કરશે તે ઉપરાંત રિક્ષાચાલકો, શાકભાજી વેચનારાઓ, મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા ઘરમાં સેવા આપતા ગૃહસેવકોના સન્માન જેવા માનવતાભર્યા કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી હતી. સાથે ૨૯ નવેમ્બર,૨૦૨૬ના યોજાનારા દીક્ષા મહોત્સવની પણ માહિતી આપવામાં આવી હતી. ■

## થાણેમાં ૧૨ માળની બિલ્ડિંગમાં આગ: સાતને બચાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે(પશ્ચિમ)માં શિવાઈ નગરમાં આવેલી ગ્રાઉન્ડ પ્લસ ૧૨ માળની રહેણાક ઈમારતમાં શનિવારે મોડી રાતે આગ લાગ્યા બાદ સાત લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ શનિવારે રાત્રે લગભગ ૯.૩૦ વાગ્યે દેવદયા નગર વિસ્તારમાં આવેલા ઉન્નતિ ગાર્ડન નજીકની ટ્યુલિપ બિલ્ડિંગના આઠમા માળે આવેલા ફ્લેટ નંબર ૮૦૨માં આગ ફાટી નીકળી હતી.

આગની જાણ થતા ઘટના સ્થળે ત્રણ ફાયર એન્જિન, થાણે ડિઝાસ્ટર કંટ્રોલ ફોર્સ સહિત પોલીસ પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગની જ્વાળાઓ અને ધુમાડો ઉપર ફેલાઈ જતા સાત લોકો સૌથી ઉપરના માળે ફસાઈ ગયા હતા. ડિઝાસ્ટર કંટ્રોલ મેનેજમેન્ટ ટીમે સાતેય લોકોને સુરક્ષિત રીતે નીચે ઊતાર્યા હતા.

ફાયરબ્રિગેડે એક કલાકમાં આગ પર નિયંત્રણ મેળવ્યું હતં. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી, પરંતુ ફ્લેટમાં રહેલા એસી,ટીવી, ઈલેક્ટ્રિક વાયરિંગ સહિતનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ■

## મેટ્રોની કન્સ્ટ્રક્શન સાઈટ પરનું પતરું પડતાં બાઈકસવારનું મોત

મુંબઈ: ઘાટકોપર નજીક ચાલતા મેટ્રોના કન્સ્ટ્રક્શન વર્ક ખાતે વજનદાર પતરું પડવાને કારણે બાઈક પર જઈ રહેલા પ્લમ્બરે જીવ ગુમાવ્યો હતો.

પાર્કસાઈટ પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારે ઘાટકોપર નજીક એલબીએસ રોડ પર બની હતી. આ ઘટનામાં મૃત્યુ પામેલા શખસની ઓળખ વાસિમ હૈદર રિઝવી (૫૪) તરીકે થઈ હતી.

ઘાટકોપરના અશોક નગરમાં રહેતો રિઝવી બાઈક પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે લગભગ ૬ બાય ૮ ફૂટનું બેરિકેડ તરીકે ગોઠવેલું લોખંડનું પતરું અચાનક તેના પર પડ્યું હતું. બાયોટેક કંપની બિલ્ડિંગ નજીક બનેલી ઘટનામાં રિઝવી ગંભીર રીતે ઘવાયો હતો. રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવાયેલા રિઝવીને તબીબે મૃત જાહેર કર્યો હતો.

ઘટનાને પગલે પાર્કસાઈટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ ઘટના બાદ ફરી મેટ્રો સાઈટ ફરતે રાહદારીઓની સુરક્ષાનો મુદ્દો ઊભો થયો હતો.

અગાઉ ૧૪ ફેબ્રુઆરીએ મુલુંડમાં મેટ્રો કન્સ્ટ્રક્શન સાઈટ ખાતે કૉન્ક્રીટનો પેરાપેટ વાહનો પર તૂટી પડ્યો હતો. એ ઘટનામાં એક જણે જીવ ગુમાવ્યો હતો, જ્યારે ત્રણ ગંભીર રીતે ઘવાયા હતા. (પીટીઆઈ)■

## હિન્દુ મરણ

સ્વ.હસમુખરાય વીરચંદભાઈ રાયચુરા (ઉં. વ. ૭૨) તે ભારતીબેન હસમુખરાય રાયચુરાના પતિ. તે પિયુષભાઈ હસમુખરાય રાયચુરા, તે પ્રીતિબેન પ્રદીપકુમાર વસાણી, તે જયોતિબેન મુકેશકુમાર સાયાણીના પિતાશ્રી. તે દિપકભાઈ, જીતુભાઇ રાયચુરાના ભાઈ, તે સ્વ.શાંતિલાલ મોરારજી ખખ્ખર પરિવારના જમાઇનું તા.૧૯-૦૯-૨૦૨૬, શનિવારના દુઃખદ અવસાન થયેલ છે. બેસણું તા.૨૧-૦૯-૨૬, સોમવારે સાંજે ૪ થી ૬, સ્વામિનારાયણ મંદિર, યોગી હોલ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. સસરા પક્ષનું બેસણું પણ સાથે રાખેલ છે.

**કચ્છ વાગડ મચ્છુ કઠિયા સઇ સુથાર**

ભચાઉ નિવાસી હાલ મુંબઇ સ્વ. ધવલ દિનેશભાઇ પીઠડીયા (ઉં. વ. ૩૯) તા. ૧૮-૯-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે જયોત્સનાબેન દિનેશભાઇ પીઠડીયાના પુત્ર. જસવંતીબેન શાંતીલાલ ગડાના જમાઇ. રિદ્ધિબેનના પતિ. ખ્યાનના પિતાશ્રી. મનિષાબેન, આશિષભાઇ, જીગ્નાબેનના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૨૧-૯-૨૬ને સોમવારના ૪થી ૫.૩૦ કલાકે. ઠે. યોગી સભા હોલ, દાદર ઇસ્ટ, મુંબઇ-૪૧.

**ભાટિયા**

સ્વ. વર્ષા (સુનંદા) વિનોદભાઇ ઉદેશી (ઉં. વ. ૭૧) સ્વ. વિનોદભાઇ જમનાદાસભાઇ ઉદેશીના ધર્મપત્ની. સ્વ. જમનાબેન (જવબેન) જમનાદાસભાઇ ઉદેશીના પુત્રવધૂ. સ્વ. કાન્તાબેન વસનજી શામજી બજરીયા (મુંદ્રા)ના પુત્રી. ગં. સ્વ. તારાબેન રણજીતભાઇ આશર (આફ્રિકા), અ. સૌ. માલતી (મલ્લિકાબેન) પ્રતાપભાઇ સંપટ (આફ્રિકા), અશોકભાઇ, જલેશભાઇ, રાજેનભાઇ (લંડન)ના બહેન. સ્વ. બહાદુરસિંહ જમનાદાસ કાનાણી (મુંદ્રા), સ્વ. મંજુલાબેન જીવણદાસ બજરીયા (લંડન)ના ભાણેજી. શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠીયા વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી હાલ મુંબઇ (કોલભાટ લેન) ગં. સ્વ. પુષ્પાબેન લક્ષ્મીદાસ શાહ (ઉં. વ. ૯૦) તા. ૧૮-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લક્ષ્મીદાસ જમનાદાસનાં ધર્મપત્ની. આદિત્યાલાવાળા સ્વ. અમૃતબેન દેવજી અમરચંદ શાહના સુપુત્રી. ગં. સ્વ. ચંદ્રીકા ધનસુખલાલ શાહ, સ્વ. ભારતી પ્રવીણચંદ્ર ઝવેરી, સ્વ. હંસાબેન, ધર્મિષ્ઠા કિરીટકુમાર શાહ, અનિલભાઇ, નીતીનભાઇ (હઠુ), હિતેશભાઇ (ટીનુ)ના માતુશ્રી. કેયુરના દાદી. લીના, અલ્પા, હર્ષદ, હીમાંશુના નાની. લૌકીક વ્યવહાર બંધ છે.

**ભાવનગરી મોચી**

કુઢડા નિવાસી હાલ બોરીવલી બોઘાભાઇ રાણાભાઇ પરમાર (ઉં. વ. ૯૬) તા. ૧૯-૯-૨૬ના શનિવારના રામશરણ પામ્યા છે. સ્વ. સવિતાબેન, બોઘાભાઇ પરમારના પતિ. સ્વ. માધુભાઇ, સ્વ. જીણાભાઇ, કરશનભાઇ, વિનુભાઇ, હસુભાઇ, વિમળાબેનના પિતાશ્રી. સરોજબેન, મંગુબેન, સ્વ. ભાવનાબેન, રેખાબેન, હંસાબેન, સ્વ. ધારશીભાઇ, કરશનભાઇ, સોડાંગરના સસરા. નટુભાઇ, નીતિનભાઇ, રમાબેન, દિપકભાઇ, ગીરીશભાઇ, અનીલભાઇ, આશાબેન, મનીષ, અનિલ, અશ્વીન, નિતાબેન, જેકીન, કેતન, યોગીતા, હાર્દિકભાઇ, ધવલ, મયુરભાઇના દાદા. પ્રાર્થનાસભા તા. ૨૧-૯-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. લુહાર સુતારની વાડી, અંબાજી મંદિરની સામે, કાર્ટર રોડ નં.૩. બોરીવલી (ઇસ્ટ).

**રામાનંદી સાધુ**

મૂળ વતન ભડી ભંડારીયા (જી. ભાવનગર) હાલ મીરા રોડ-મુંબઇ ભગવતીબેન કુબાવત (ઉં. વ. ૭૧) શુક્રવાર તા. ૧૮-૯-૨૬ના રામચરણ પામેલ છે. ભગીરથભાઇ (રામભાઇ)ના ધર્મપત્ની. તે જીજ્ઞેશ, નિલેશ, પારુલના માતુશ્રી. તે નયના, સગુણા, યોગેશકુમારના સાસુમા. તે બાલકૃષ્ણભાઇ અગ્રાવતના બહેન. તે સોહમ, ધર્મ, વીંદા, રીયાનના દાદીમા. તે રાજવીરના નાનીમા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨૧-૯-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, શાંતિ પાર્ક, ફેસ નંબર-૩, એચડીએફસી બેન્કની સામે, મીરારોડ (ઇસ્ટ).

**લાડ વણિક**

વિલેપાર્લે નિવાસી સ્વ. સુરેખાબેન રમણલાલ ઝવેરીના પુત્રવધૂ અ. સૌ. મના (ઉં.વ.૭૧) તે જયેશ ઝવેરીના ધર્મપત્ની તા. ૧૯-૯-૨૬ને શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રીતિ વિજય ઝવેરીના દેરાણી. નિયતીના મમ્મી. તથા બકુલેશ કાણકિયાના સાસુ. ધ્રુવના નાની. યોગેશ, પુષ્પસેન ચોકસી અને સંજય પ્રમોદચંદ્ર ચોકસીના બહેન. અનુજા રસેશ ઝવેરીના કાકી. લૌકિક વ્યવહાર બંધ છે.

**છ ગામ પાટીદાર**

ગામ સોજિત્રા સ્વ. પંકજ રાજનીકાંત પટેલ તે સ્વ. રાજનીકાંત પટેલ અને કુંદનબેન પટેલના સુપુત્ર. પિયૂષ રાજનીકાંત પટેલ અને હિમાંશુ રાજનીકાંત પટેલના ભાઇ. પૂર્ણિમા (પૂનમ) પટેલના પતિ. પ્રવીણભાઇ માનભાઇ પરીખના જમાઇ. અ. સૌ. જિનલના પિતા અને રાઘવના નામ્બીંરાજના સસરા. તા. ૧૯-૯-૨૬ સપ્ટેમ્બર અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૯- ૨૬ના સાંજે ૬થી ૭.૩૦. ઠે. ધ એન.એ.બી. વર્કશોપ ફોર બ્લાઇન્ડ, ડો. એની બેસન્ટ રોડ, મ્યુનિસિપલ કોલોની, શિવાજી નગર, સરિમરા સેન્ચ્યુરી બજાર, વરલી, મુંબઇ-

## પારસી મરણ

ફરોખ મંચેરશાહ વરીયાવા તે દીનાઝ ફરોખ વરીયાવાના ખાવીંદ. તે મરહુમો મંચેરશાહ તથા નરગીશ વરીયાવાના દીકરા. તે રોશની તથા ફરહાદ વરીયાવાના બાવાજી. તે મરહુમ પરવીન વરીયાવાના ભાઇ. તે ફરઝીન તથા હારવરના ફુવાજી. તે પરસી હારવરના બનેવી. (ઉં. વ. ૮૩) રે. ઠે. એફ-૫૦, ખુશરૂ બાગ, શાહીદ ભગતસિંહ કો. ઇલેક્ટ્રી હાઉસની બાજુમાં, કોલાબા કોઝવે-મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૧-૯-૨૬ના દિવસે સાંજે ૩.૪૫ એ ડુંગરવાડી ભાભા બંગલી ૧માં કરવામાં આવશેજી.

## જૈન મરણ

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાની ખાખરના નેમજી વિરજી દેઢીયા (ઉં. વ. ૭૭) તા. ૧૯-૯-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. સોનબાઇ વિરજીના પુત્ર. હેમલતાના પતિ. નમિતા, પંકજ, રાહુલના પિતા. સ્વ. હસમુખના ભાઇ. ગંગાબેન લાલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રાહુલ નેમજી દેઢીયા, ૦૦૪, પુનમ સ્ટાર, વિદ્યા વિહાર સ્કુલની બાજુમાં, ભાજી ગલી, આગાશી રોડ, વિરાર (વેસ્ટ).

લાખાપુરના તલકશી લખમશી શેઠીયા (ઉં. વ. ૯૧) તા. ૧૯-૯-૨૬ બેંગ્લોર મુકામે અવસાન પામેલ છે. રૂક્ષ્મણીના પતિ. લક્ષ્મીબેન લખમશીના પુત્ર. શીરીષ ચંદન વર્ષા હીનાના પિતા. જગશી, રતાડીયાના ઝવેર ચાંપશી, પત્રીના કેસર ઠાકરશી, પાલનપુરના જયા અમૃતલાલ, લાખાપુરના હેમલતા શાંતીલાલના ભાઇ. ગુંદાલાના મેઘબાઇ લાલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ચંદન વસંત ગાલા, પુર્વા સ્કાયવુડ, સિલ્વર કાઉન્ટી રોડ, બેંગ્લોર-૫૬૦૦૬૮.

૪૦૦૦૩૦.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

પુષ્પાબેન પ્રતાપરાય ત્રિવેદી (ઉં. વ. ૮૦) ગામ કુકડ હાલ કાંદિવલી ૨૦.૯.૨૬ ના દેવલોક પામ્યા છે. તે પ્રતાપભાઈના પત્ની. શાંતાબેન હરગોવિંદ જોશીના દીકરી. પરસનબેન, રવિભાઈ, કુંદનબેન, વામનભાઈના ભાભી. તરલા, આશા, સંજય, અસ્મિતા, રક્ષાના માતા. સ્વ. ગીરીશભાઈ, મહેન્દ્ર, મુકેશ, કશ્યપ, ભક્તિના સાસુ તથા વિવાન ના દાદી. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

સૌ. શ્રીમતી પ્રમિલાબેન ગોવિંદભાઈ મોરઝરિયા, મૂળ અંકલેશ્વર- હાલ- દીવા (મુંબઈ), (ઉં. વ. ૬૬), તે ગોવિંદભાઈ વલ્લભદાસ મોરઝરિયાના ધર્મપત્ની, સોહન ગોવિંદભાઈ મોરઝરિયા (રાજકોટ), સેજલબેન વિપુલકુમાર બદિયાણી ( જામનગર) તથા ડિમ્પલબેન વ્રજદાસ તન્ના (જામ - ખંભાળિયા)ના માતુશ્રી તથા ગોરધનદાસ ધનજી રાયઠઠ્ઠાના પુત્રી તથા ગો.વા. જ્યોત્સનાબેન વિનોદભાઈ બદિયાણી, લલિતભાઈ તથા ગો. વા. જયેશના બહેન તા. ૧૯/૦૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**મચ્છુ કાઠિયા ચાતુર્વેદિય મોઢ બ્રાહ્મણ**

મૂળ નસિતપર નિવાસી, હાલ મુલુંડ, મુંબઈ નિવાસી ભારતી પ્રકાશ પંડ્યા (ઉં. વ. ૫૬ ) તે પ્રકાશ પ્રેમશંકર પંડ્યાના પત્ની. જીગરની માતા. વિશાખાના સાસુ. સ્વ. હરીશભાઈ, સ્વ. કોકિલાબેન જ્ઞાનેશ્વર જોશી, પ્રદીપભાઈ. જનકભાઈનાં નાના ભાઈના ધર્મપત્ની, સ્વ. સરસ્વતીબેન, ઊર્મિલાબેન, સ્મિતાબેનના દેરાણી, રાજકોટ નિવાસી સ્વ. ભગવાનલાલ મણિશંકર પંડ્યા, પ્રભાબેનના દીકરીનો કૈલાસવાસ તા. ૧૭-૯-૨૬ ને ગુરુવારનાં થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૦૯-૨૬ સોમવાર સાંજે ૫ થી ૭. ઠે. સ્થાનઃ શ્રી ગોપુરમ હોલ, રાજેન્દ્ર પ્રસાદ રોડ, ગ્યાંનસરિતા સ્કુલની બાજુમાં, મુલુંડ વેસ્ટ.

**કપોળ**

દેલવાડા વાળા હાલ મુંબઈ, વૈદ્ય હર્ષિલા ગોરડીયા (ઉં. વ. ૮૩) તે સ્વ. દિનેશચંદ્ર દામોદરદાસ ગોરડીયાના પત્ની. ડો. નીતિન - ડો. ઋચિરા, , સૌ. નીલમ- પ્રણવ દવે, મયુર - શ્વેતાના માતુશ્રી. શકુંતલા - અરુણકુમાર ગાંધી, સ્વ. નિર્મળ કુમાર - ભારતીબેન, ડો. દિપક - સુષ્મા, સૌ.અલ્કા ચેતન મહેતાના મોટા ભાભી. દામનગરવાળા હાલ અમેરિકા કુસુમબેન-સ્વ.હેમંતભાઈ, સ્વ. સુધાબેન-શરદભાઈ, ઉષાબેન-નરેશભાઈ ત્રિકમદાસ મહેતા, નિરંજના બેન, પ્રવિણા બેન, અંજનાબેન, શર્મિષ્ઠાબેન, રેખાબેનના બહેન તા. ૧૯/૯/૨૬ના શ્રીજી પામ્યા છે. પ્રાર્થના સભા સ્થળઃ એસી બેન્કવેટ હોલ લક્ષ્મીનારાયણ મંદિર, માધવબાગ કમ્પાઉન્ડ, સી.પી. ટેન્ક, મુંબઈ -૪૦૦૦૪ તા. ૨૧/૦૯/૨૬ (સોમવાર) સમયઃ સાંજે ૫ થી ૭

**કચ્છી ભાટીયા**

મૂળ વતન માંડવી હાલ વાલકેશ્વર (મુંબઈ) નિવાસી ગ. સ્વ. દીપા પોરેચા (ઉં. વ. ૫૬) , તે સ્વ. ભાવિન પોરેચાના પત્ની. હંસાબેન અને વિજયસિંહ પોરેચા ના પુત્રવધૂ. પિયરપક્ષે સ્વ. સરોજબેન અને સ્વ. નવનીતલાલ સંઘવી ની સુપુત્રી, તે હેમંત, કવિતા, જાગૃતી અને અભયના બહેન તા : ૧૮/૦૯/૨૬ ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## સુધારેલી કનેક્ટિવિટી અને માળખાગત સુવિધાઓ સાથે આગામી પાંચ વર્ષમાં મુંબઈની કાયાપલટ થશે: ફડણવીસ

નાગપુર : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે સરકાર દ્વારા હાથ ધરવામાં આવનાર કનેક્ટિવિટી નેટવર્ક, માળખાગત સુવિધાઓના વિસ્તરણ અને સર્વાંગી વિકાસને કારણે આગામી પાંચ વર્ષોમાં મુંબઈમાં નોંધપાત્ર પરિવર્તન આવશે. નાગપુરમાં ‘આવાડા ગ્રૂપ’ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓ સાથે વાતચીત કરતી વખતે તેમણે ‘મુંબઈ થ્રી’ અને ‘મુંબઈ ફોર’ના વિકાસ પર ભાર મૂક્યો હતો.

ફડણવીસે કહ્યું કે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સરકાર ૨૦૨૮ સુધીમાં બાંદ્રા-વરસોવા વિભાગ માટે આગળ વધશે, જ્યારે વરસોવાથી ભાયંદર સુધીનો ઉત્તર તરફ જતો કોસ્ટલ રોડ માર્ચ ૨૦૨૯ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે થાણે અને બોરીવલી વચ્ચે નિર્માણાધીન ટ્વિન ટનલ જેવા પ્રોજેક્ટ્સને કારણે પૂર્વ-પશ્ચિમ કનેક્ટિવિટીમાં સુધારો થશે.હાલ લગભગ ૨૩ કિલોમીટરનું અંતર કાપવામાં અંદાજે દોઢ કલાકનો સમય લાગે છે. પરંતુ આ ટ્વિન ટનલ દ્વારા માત્ર ૧૫ થી ૧૭ મિનિટમાં થાણેથી બોરીવલી પહોંચી શકાશે, એમ ફડણવીસે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે આગામી ત્રણથી ચાર વર્ષમાં તે પૂર્ણ થઈ જશે. તેમણે કહ્યું કે મુલુંડ-ગોરેગાંવ લિંક રોડ પર ટનલ બનવાથી પૂર્વ-પશ્ચિમ કનેક્ટિવિટી સુધરશે.

“મને વિશ્વાસ છે કે આ પ્રોજેક્ટ્સ અને અનેક ફ્લાયઓવર્સ વિવિધ રીતે મુંબઈમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરી રહ્યા છે. હવે અમે એક નવો લૂપ તૈયાર કરી રહ્યા છીએ, જે બાંદ્રા-વરલી સી-લિંક જ્યાં પૂરી થાય છે ત્યાંથી શરૂ થશે. બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ સુધી એક ટનલ બનાવવામાં આવશે અને તે બીકેસીમાં બુલેટ ટ્રેન સ્ટેશન નજીક ખુલશે.”

“બીકેસીથી એક તરફ કુર્લા તરફ અને બીજી એરપોર્ટના ટીર (ટર્મિનલ ૨) તરફ જશે. અન્ય એક શાખા સીધી નોર્થ કોસ્ટલ રોડ સાથે જોડાશે” તેમણે કહ્યું. લૂપ પ્રોજેક્ટ તૈયાર થયા પછી, મુંબઈમાં ગમે ત્યાં ૪૫ મિનિટમાં પહોંચી શકાશે.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે સરકાર ‘મુંબઈ ફોર’ વિકસાવવાની યોજના બનાવી રહી છે, જ્યાં વિરારના કોરે બીચ નજીક ઉત્તર તરફ દેશનું પ્રથમ ઓફશોર એરપોર્ટ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજનનું ત્રીજું એરપોર્ટ સ્થપાશે. “અમે પ્રી-ફિઝિબિલિટી સ્ટડી (પ્રારંભિક શક્યતા અભ્યાસ) પૂર્ણ કરી લીધો છે અને ડીપીઆર તૈયાર કરી રહ્યા છીએ,” એમ તેમણે કહ્યું. તેમણે ઉમેર્યું કે સરકાર મહારાષ્ટ્રમાં એક નવી સંકલિત ઇકોસિસ્ટમ અમલમાં મૂકવાનો પણ પ્રયાસ કરી રહી છે. ■

## ઉમર ખાલિદ ફિલ્મનું પ્રદર્શન રોકવા માટે પોલીસનું દબાણ: કાર્યકરોનો આરોપ

મુંબઈ : કાર્યકરો સૃષ્ટિ ખન્ના અને પ્રશાંત પુંદિરે આક્ષેપ કર્યો છે કે મુંબઈ પોલીસે દિલ્હી રમખાણોના કેસમાં ૨૦૨૦માં ધરપકડ કરાયેલા જેએનયુ સ્ટુડન્ટ્સ યુનિયનના ભૂતપૂર્વ નેતા ઉમર ખાલિદ પરની એક ડોક્યુમેન્ટરીના સ્ક્રીનિંગને રદ કરાવ્યું હતું.

ઇન્સ્ટાગ્રામ પરની એક પોસ્ટમાં ખન્નાએ જણાવ્યું હતું કે, તેઓ અહીં ૧૯ સપ્ટેમ્બરના રોજ ખાલિદ અને શરજીલ ઈમામ (જેઓ પણ ૨૦૨૦થી જેલમાં છે) ને સમર્થન આપવા માટે “પ્રિઝનર નં. ૬૨૬૭૧૦ ઇઝ પ્રેઝન્ટ” નું સ્ક્રીનિંગ કરવાના હતા. મુંબઈ પોલીસે કાયરતાની તમામ હદો વટાવી દીધી છે! ઉમર ખાલિદના સ્ક્રીનિંગ માટેના મૂળ સ્થળ પર પણ તેમણે દરોડા પાડ્યા છે, જે સ્થળ પરનો કાર્યક્રમ ડરને કારણે અમે અગાઉ જ રદ કરી દીધો હતો. પુંદિરે કહ્યું કે, સાદાવેશમાં પોલીસ અમારા મૂળ સ્થળની આસપાસ ફરી રહી છે જેથી ત્યાં કોઈ પણ પ્રકારનું સ્ક્રીનિંગ ન થાય તે સુનિશ્ચિત કરી શકાય.

પોલીસે અમારા બીજા સ્થળની પહેલા સાદા વેશમાં અને બાદમાં પોલીસ વાનમાં મુલાકાત લીધી હતી. સ્થળના સંચાલકને ધમકાવવામાં આવ્યા અને સ્ક્રીનિંગ રદ કરવા માટે દબાણ કરવામાં આવ્યું, અને આખરે તે રદ કરવામાં આવ્યું. સંભવિત સ્થળોની શોધ દરમિયાન પોલીસે બાંદ્રાના અન્ય એક જાણીતા સ્થળની પણ મુલાકાત લીધી હતી, જેની સાથે તેમણે અગાઉ માત્ર વાતચીત કરી હતી,એમ ખન્નાએ કહ્યું. ખાલિદ સામે ‘ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ’ (યુએપીએ) અને અન્ય જોગવાઈઓ હેઠળ આરોપ મૂકવામાં આવ્યા છે અને તેની ધરપકડ બાદથી તે કસ્ટડીમાં છે. (પીટીઆઈ) ■

## ગણેશોત્સવમાં મહાપ્રસાદ બનાવવા માટે કમર્શિયલ સિલિન્ડર ફરજિયાત

### ઘરેલુ સિલિન્ડરના ઉપયોગ પર પ્રતિબંધ

થાણે: ગણેશોત્સવ સહિત આગામી તહેવારો દરમિયાન મહાપ્રસાદ અને મોટા પાયે સામૂહિક ભોજન બનાવતી વખતે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો છે. થાણેના સહાયક જિલ્લા પુરવઠા અધિકારી યોગેશ જાંગળે જિલ્લાના તમામ તહસીલદારોને આ અંગે સૂચના આપી છે. સબસિડીવાળા ઘરેલુ ગેસ સિલિન્ડરના દુરુપયોગને અટકાવવાની સાથે તહેવારો દરમિયાન આગ અને વિસ્ફોટનું જોખમ ઘટાડવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ, અનેક ગણેશ મંડળો મોટા પ્રમાણમાં ભોજન બનાવતી વખતે અજાણતા અથવા બેદરકારીથી ઘરેલુ સિલિન્ડરનો ઉપયોગ કરે છે. ઘરેલુ અને કોમર્શિયલ સિલિન્ડરની ક્ષમતા, બર્નરની રચના અને ગેસના દબાણમાં તફાવત હોય છે, તેથી મોટા પાયે રસોઈ માટે ઘરેલુ સિલિન્ડરનો ઉપયોગ ગંભીર જોખમ ઊભું કરી શકે છે. ગેરકાયદે ઉપયોગથી અકસ્માત થાય તો વીમાનો દાવો નકારાઈ શકે છે. આવા ઉપયોગને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ હેઠળ ગંભીર ગુનો માનવામાં આવે છે અને આવી દુર્ઘટનાઓના કિસ્સામાં મંડળના હોદ્દેદારો સામે ફોજદારી કાર્યવાહી થઈ શકે છે.

જિલ્લા પુરવઠા અધિકારીએ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ અને પોલીસને સંયુક્ત પરિપત્ર બહાર પાડી મંડળોને અગાઉથી જાણ કરવા સૂચના આપી છે. તહસીલદારોને સ્થાનિક સમિતિઓને માહિતી આપી આ નિર્ણયના પાલનનો અહેવાલ જિલ્લા મુખ્યાલયમાં મોકલવા પણ જણાવ્યું છે. ગ્રાહક દક્ષતા કલ્યાણ ફાઉન્ડેશનના સ્થાપક અને રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન સોળંકેએ નિર્ણયનું સ્વાગત કરતાં કહ્યું કે ધાર્મિક ઉજવણી દરમિયાન પણ સલામતી સાથે કોઈ સમાધાન થવું જોઈએ નહીં. ■

**યુપીઆઈ ચાર્જ સામે પેટ્રોલ પંપનો વિરોધ**

## નજીવા ચાર્જનો વિરોધ ન કરવો જોઈએ: ફડણવીસ

મુંબઈ: યુપીઆઈ વ્યવહારો માટે ચાર્જ વસૂલવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે પેટ્રોલ પંપ દ્વારા કરવામાં આવી રહેલા વિરોધ વચ્ચે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે પોતાની પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે યુપીઆઈ અને ડિજિટલ વ્યવહારોને કારણે વેપાર વધ્યો છે અને દેશના વ્યવહારો વધુ સરળ બન્યા છે. દેશને વધુ આગળ લઈ જવા અને યુપીઆઈ વ્યવહારો વધારવા માટે નજીવો ચાર્જ ચૂકવવાની તૈયારી રાખવી જોઈએ અને વેપારીઓ કે પેટ્રોલ પંપ સંચાલકોએ તેનો વિરોધ ન કરવો જોઈએ.

મધ્ય પ્રદેશના પેટ્રોલ પંપ સંચાલકોએ રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈના વ્યવહારો સ્વીકારવાનો ઈનકાર કરવાની ભૂમિકા લીધા બાદ આ ચર્ચા વધુ ગરમાઈ છે. ફડણવીસે જણાવ્યું હતું કે પેટ્રોલ પંપ સહિતના વ્યવસાયોમાં ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ મોટા પ્રમાણમાં વધી રહ્યો છે. યુપીઆઈને કારણે ગ્રાહકો માટે ચુકવણી સરળ બની છે અને વેપારીઓના વ્યવસાયને પણ તેનો લાભ મળ્યો છે. સરકાર તરફથી યુપીઆઈ વ્યવહારો માટે અત્યંત નજીવા ચાર્જનો પ્રસ્તાવ હોવાનું તેમણે જણાવ્યું હતું.

ફડણવીસે વધુમાં દાવો કર્યો કે યુપીઆઈ અને ડિજિટલ વ્યવહારોને કારણે પારદર્શિતા વધવા સાથે ભ્રષ્ટાચાર ઘટાડવામાં પણ મદદ મળી છે. તેમણે કહ્યું કે યુપીઆઈ વ્યવહારો પર ચાર્જ અંગે અનાવશ્યક ગેરસમજ ઊભી કરવામાં આવી રહી છે. તેમના જણાવ્યા મુજબ, અગાઉ સંસદીય સમિતિ દ્વારા પણ યુપીઆઈ વ્યવહારો પર ચાર્જ અંગે ભલામણ કરવામાં આવી હતી. આ સમિતિમાં કૉંગ્રેસ સહિત તે સમયની યુપીએના કેટલાક નેતાઓ સામેલ હતા અને પૂર્વ કેન્દ્રીય નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ પણ તેનો ભાગ હતા, એવો ફડણવીસે દાવો કર્યો હતો.

મુખ્ય પ્રધાને સ્પષ્ટતા કરી હતી કે પ્રસ્તાવિત ચાર્જ તમામ યુપીઆઈ વ્યવહારો પર મોટા પાયે લાગુ કરવાનો નથી, પરંતુ ચોક્કસ અથવા નાના પ્રકારના વ્યવહારો પૂરતો મર્યાદિત હોઈ શકે છે. તેથી ગ્રાહકો અને વેપારીઓમાં ગેરસમજ ફેલાવવાને બદલે ડિજિટલ પેમેન્ટના વ્યાપક ફાયદાઓ પર ધ્યાન આપવાની જરૂર હોવાનું તેમણે જણાવ્યું. પેટ્રોલ પંપ પર યુપીઆઈની સુવિધા બંધ કરવાને બદલે ડિજિટલ વ્યવહારોને વધુ સુરક્ષિત અને સરળ બનાવવાની દિશામાં કામ કરવું જોઈએ, તેમ તેમણે કહ્યું.

આ દરમિયાન ફડણવીસે મહારાષ્ટ્રમાં પાયાભૂત સુવિધાઓ અને ઔદ્યોગિક વિકાસની યોજનાઓ અંગે પણ માહિતી આપી હતી. સમૃદ્ધિ એક્સપ્રેસ વે સાથે માલવાહતુક માટે ડેડિકેટેડ ફ્રેટ રેલ માર્ગનો પ્રસ્તાવ છે અને તેનો ડીપીઆર તૈયાર કરવાની જવાબદારી મહારાષ્ટ્ર રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીને સોંપવામાં આવી છે. વાઘવાન અને જવાહરલાલ નહેરુ પોર્ટને નાશિક, જાલના, સેલૂ, વર્ધા અને ગઢચિરોલી સાથે માલવાહક રેલવે દ્વારા જોડવાનું આયોજન હોવાનું તેમણે જણાવ્યું હતું. સાણવેર વિસ્તારમાં ડિફેન્સ, ન્યુક્લિયર અને એરોસ્પેસ ક્ષેત્રના પ્રોજેક્ટ્સ માટે જમીન ઉપલબ્ધ કરાવવાની તથા ઔદ્યોગિક વિસ્તારોમાં રોજગારની તકો વધારવાની પણ તેમણે માહિતી આપી હતી. ■

## ભાતમાં ઉંદર મારવાની દવા ભેળવીને ખાનારી મહિલાનું મૃત્યુ

થાણે: ભાતમાં ઉંદર મારવાની દવા ભેળવીને ખાઈ જનારી કલ્યાણમાં રહેતી મહિલાનું સારવાર દરમિયાન ચાર દિવસ બાદ મુંબઈની સાયન હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

ખડકપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે શોભા વાસુદેવ દળવી (૬૯) માનસિક સમસ્યાથી પીડાતી હતી. પાંચમી સપ્ટેમ્બરે દીકરો દહીંહંડીની ઉજવણી માટે ગયો હતો ત્યારે સાપડગાંવ ખાતેના ઘરમાં શોભાએ ભાતમાં ઉંદર મારવાની દવા ભેળવી હતી. પછી એ ભાત પોતે ખાઈ ગઈ હતી. થોડા સમય પછી શોભાનું સ્વાસ્થ્ય કથળ્યું હતું. તેને નજીકની ખાનગી હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી. વધુ સારવાર માટે શોભાને મુંબઈની સાયન હૉસ્પિટલમાં લઈ જવાની સલાહ ડૉક્ટરે તેના પુત્રને આપી હતી. પરિણામે તેને સાયન હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન નવમી સપ્ટેમ્બરે તેનું મૃત્યુ થયું હતું. (પીટીઆઈ) ■

## વીજળી પડવાથી બે કઝિનનાં મોત

નાગપુર: વરસાદને કારણે મંદિર બહાર આશરો લેનારા બે ખેડૂત પિતરાઈ ભાઈઓનાં વીજળી પડવાથી મૃત્યુ થયાં હોવાની ઘટના નાગપુર જિલ્લામાં બની હતી.

મોહપા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના શનિવારની રાતે તિશ્તી ખુર્દ ગામમાં બની હતી. મૃતકોની ઓળખ તિબુરાજ રાજેરામ કાનફાડે (૬૪) અને લક્ષ્મણ ઘનશ્યામ કાનફાડે (૫૫) તરીકે થઈ હતી. બન્ને ભાઈ ખેડૂત હતા અને ખેતરમાં જનાવરોને ચરાવવા લઈ ગયા હતા. મોડી સાંજ સુધી બન્ને ઘરે પાછા ન ફરતાં પરિવારજનો શોધવા નીકળ્યા હતા. શોધખોળ દરમિયાન ગામના એક મંદિર બહાર બન્ને મૃત અવસ્થામાં મળી આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## જોગેશ્વરીમાં કૃત્રિમ તળાવમાં વીજળીનો કરંટ લાગતા યુવકનું મોત

મુંબઈ: મુંબઈ માટે રવિવારનો દિવસ દુર્ઘટનાગ્રસ્ત રહ્યો હતો. રવિવારે જોગેશ્વરી(પૂર્વ)માં એક કૃત્રિમ વિસર્જન તળાવમાં મૂર્તિનું વિસર્જન કરવા માટે ઉતરેલા યુવકનું વીજળીનો કરન્ટ લાગવાથી મૃત્યુ થયું હોવાની દુર્ઘટના બની હતી. પાલિકાના કે-ઉત્તર વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, જોગેશ્વરી પૂર્વમાં લિલી વાઈટ બિલ્ડિંગ નજીક શ્યામ નગર તળાવ ખાતે પાંચ કૃત્રિમ વિસર્જન કુંડ બનાવવામાં આવ્યા હતા. શનિવારે મધ્યરાત્રિ બાદ ચાર કુંડ બંધ કરી દેવામાં આવ્યા હતા. જ્યારે કૉન્ટ્રાક્ટર દ્વારા નિયુક્ત એક કામદાર મૂર્તિ વિસર્જન માટે અગાઉથી બંધ કરી દેવાયેલા કૃત્રિમ કુંડમાં પ્રવશ્યો ત્યારે તેને વીજળીનો આંચકો લાગવાની ઘટના બની હતી. ■

## પેડર રોડ પર બેઝમેન્ટમાં બે દુકાનનો સ્લેબ તૂટી પડયો: કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં મહાલક્ષ્મી મંદિર નજીક તિરુપતિ અપાર્ટમેન્ટમાં ગ્રાઉન્ડ પ્લસ બેઝમેન્ટમાં રહેલી બે દુકાનના સ્લેબ તૂટી પડયા હોવાનો બનાવ રવિવારે વહેલી સવારે બન્યો હતો. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. ડિઝાસ્ટર કંટોલના જણાવ્યા મુજબ ભુલાભાઈ દેસાઈ રોડ પર મહાલક્ષ્મી મંદિર નજીક તિરુપતિ અપાર્ટમેન્ટ આવેલું છે. રવિવારે વહેલી સવારના લગભગ ૨.૫૩ વાગ્યાની આસપાસ અપાર્ટમેન્ટના બેઝમેન્ટ પ્લસ ગ્રાઉન્ડ ફ્લોરની બે દુકાનમાં એસી શીટ અને આરસીસી સ્લેબ (સિલિંગ)નો ભાગ તૂટી પડયો હતો. બે દુકાનમાં એક રેડીમેડ કપડાનું બુટિક હતું તો બીજી દુકાન મીઠાઈવાલાની હતી. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મ તેજ

## ઈર્ષા ને દ્વેષ માણસના આનંદનું આયુષ્ય ઓછું કરે છે...



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



બહુ જૂની સૌરાષ્ટ્રની કથા છે. એક ગામમાં એક ખેડૂત પરિવાર રહેતો હતો. ખૂબ ભાવુક અને સાધુ-સંતો પ્રત્યે શ્રદ્ધા રાખનાર પરિવાર. એ ખેડૂતે પોતાના ખેતરમાં એક નવો કૂવો બનાવ્યો. વિચાર્યું કે કોઈ સંત પાસે ઉદ્ઘાટન કરાવું. એની ઈચ્છા હતી કે આ નવા કૂવાનું ઉદ્ઘાટન તો કોઈ મહાત્માના હાથે જ કરાવવું. રોજ તપાસ કરે કે ગામમાં કે આસપાસમાં કોઈ સાધુ-સંત, ફકીર આવ્યા છે? જો આવે તો મારો મનોરથ પૂરો થાય. એવામાં કોઈ મસ્તરામ સંત મળી ગયા. ખેડૂતે ઈચ્છા વ્યક્ત કરી કે મેં મારા ખેતરમાં એક નવો કૂવો બનાવ્યો છે અને આપ મારા નવા કૂવાનું ઉદ્ઘાટન કરો. મહાત્માએ પૂછ્યું કે ‘હું કૂવાનું ઉદ્ઘાટન કેવી રીતે કરું, હું અંદર પડું?’ ખેડૂત કહે ‘નહિ, નહિ, આપ એમાંથી એક બાલદી પાણી કાઢીને સ્નાન કરો, જલપાન કરો, બસ, પછી આપણે એમાંથી પાણી ઉપયોગ માટે લઈશું.’ મહાત્માએ કહ્યું કે ‘ભલે, તારા નવા કૂવાનું આપણે ઉદ્ઘાટન કરશું.’ ખેડૂત પરિવાર રાજી રાજી થઇ ગયો. ખેડૂતે પૂછ્યું ‘કે ક્યારે ઉદ્ઘાટન રાખીશું?’ મહાત્મા કહે ‘આવતા સોમવારે સવારે નવ વાગ્યે રાખીશું.’

જે દિવસે આ કાર્યક્રમ નક્કી થયો તે દિવસે શનિવાર હતો. ખેડૂતે મહાત્માને વિનંતી કરી કે, ‘બાપજી, આપ મારે ત્યાં બે દિવસ રોકાઈ જાવ ને.’ એ પરિવારનો ભાવ જોઈ મહાત્માએ એને ત્યાં રોકવાની સંમતિ આપી. બીજે દિવસે એટલે કે રવિવારે સાંજે ખેડૂતને થયું કે કાલે સવારે ઉદ્ઘાટન છે, ગામલોકો પણ આવશે, લાવ ખેતરમાં જઈને જોઈ લઉં કે બધું બરાબર છે ને? પણ આ શું? કૂવા પાસે જઈને જુએ તો કૂવામાંથી માથું ફાટી જાય એવી દુર્ગંધ આવતી હતી. અરે ! કેમ આમ ? પાસેના ખેતરના લોકોએ કહ્યું કે તમે બે દિવસ ખેતરમાં આવ્યા નહીં ત્યારે બે કૂતરાં લડતા લડતા આવ્યા હતા. તે બે કૂતરાં અંદર પડી ગયા ને મરી ગયા લાગે છે અને તેની આ દુર્ગંધ આવે છે. પેલો બિચારો ખૂબ મૂંઝાઈ ગયો. ખેડૂતને થયું કે કાલે તો ઉદ્ઘાટન છે ને હવે કેમ થશે? ચાલો, બાબાને પૂછું. ઘેર આવી મહાત્માને વાત કરી. મહાત્માએ કહ્યું, ‘કંઈ વાંધો નહિ, થોડું પાણી સીંચીને કાઢી નાંખો. અને જો તારે ત્યાં અથવા આડોશી-પડોશીનાં ઘરમાં ગંગાજળ, જમુનાજળ હોય તેનો કૂવામાં છંટકાવ કર, આવું તો બને.’ ખેડૂત અને તેનો આખો પરિવાર કામે લાગી ગયો. આખી રાત પાણી કાઢવાનું કામ કર્યું. કોઈને ત્યાંથી મળ્યું એટલું ગંગાજળ, જમુનાજળ પણ કૂવામાં નાખ્યું.

બીજે દિવસે સવારે મહાત્માને લઈને ખેતર પર પહોંચે છે પણ જોયું કે કૂવામાંથી દુર્ગંધ તો એવી ને એવી આવતી હતી. મહાત્માએ કહ્યું કે ‘મેં તને પાણી કાઢી નાખવા કહ્યું હતું.’ કહે કે આખી રાત કાઢ્યું ને ગંગાજલ પણ છાટ્યું છે. મહાત્માએ પૂછ્યું કે ‘પેલા બે કૂતરાં કાઢ્યા કે નહિ? કહે કે, એ તો નથી કાઢ્યા!’

**सोचनीय सबहीं बिधि सोई ।**
**जो न छाडि छलु हरि जन होई ।।**

બાપ, લાખ ગંગાજળ, જમુનાજળ નાખો, પાણી ઉચેલો, પણ જ્યાં સુધી રાગ-દ્વેષરૂપી કૂતરાં ન કાઢો,ત્યાં સુધી આપણે જાગૃત નથી; સૂતેલા જ છીએ, રાગ-દ્વેષ ત્યાં સુધી જીવિત છે. હું ને તમે આપણી ભૂમિકા પરથી વિચારીએ. રાગ અને દ્વેષમાં જ્યાં સુધી આપણે રમમાણ રહીશું,આપણે સૂતેલા જ છીએ. કથા સાંભળીએ છીએ,ભજન પણ કરીએ છીએ,વ્યાખ્યા કરીએ છીએ,કલાકો સુધી બોલીએ છીએ,યજ્ઞ કરીએ છીએ,તપ કરીએ છીએ,તીર્થયાત્રા કરીએ છીએ. બધું કરીએ છીએ,પણ રાગ,દ્વેષ જો ન મટ્યા તો સમજો કે આપણે હજી સૂતેલા જ છીએ,આપણે જાગૃત નથી. હું ફરી વાર કહું કે,રાગ અને દ્વેષ પણ છે અને આપણે ભજન કરીએ છીએ તો ભજનનું ફળ તો મળશે પણ રસ નહીં મળે ! રસ વગરનું ફળ શું કામનું ?જ્યાં સુધી રાગ-દ્વેષ જીવનમાં રહે છે ત્યાં સુધી એક પ્રકારનું સૂવાનું જ છે. કોઈ પણ પાપ જાગૃતિમાં થઈ શકતું જ નથી. પાપ સદૈવ સૂતેલો માણસ જ કરી શકે છે. જાગેલો પાપ કેવી રીતે કરે ? ભવિષ્ય અને ભૂતકાળના અનુસંધાનમાં જીવે તે એક પ્રકારે સૂતેલો જ છે. બીજાના આધાર પર પ્રસન્ન થાય,ઉધાર પ્રસન્નતા છે. એ સૂતેલો છે. વાત વાતમાં ક્રોધ કરે,અકારણ ક્રોધ કરે તે સૂતેલો છે. લોકોની સમસ્યા છે કે ક્રોધ બહુ આવે છે. ક્રોધને થોડો અવસર આપી દો,મુદત નાખી દો કે પાંચ મિનિટ પછી ક્રોધ કરીશ,તમે નહીં કરી શકો. આવો સુંદર અવસર મળ્યા પછી પણ જે જાગૃત નથી અને જે હરિ નથી ભજતો તે સૂતેલો છે.


હું યુવાન ભાઈઓ-બહેનોને ખાસ કહું છું કે રામકથા સાંભળ્યા બાદ બીજું કંઈ કરો કે ના કરો, પરંતુ ઈર્ષા, દ્વેષ અને નિંદાથી દૂર રહેવું. તમે રામ નામનો જપ કરો, કૃષ્ણ નામનો જપ કરો, કોઈ શાસ્ત્રનું વાંચન કરો તો વ્યાસપીઠ પરથી આપને નમન, પરંતુ એ કંઈ પણ ન કરી શકો તો ચિંતા નહીં ; યુવાન શ્રોતા ભાઈઓ-બહેનો, મારી ‘માનસ વાટિકા’ના ફ્લાવર્સ, હું એટલી અપીલ કરું છું કે કોઈની ઈર્ષા ન કરો. હું ડરાવવા માટે નથી કહેતો, ઘણા અનુભવો બાદ કહું છું કે ઈર્ષા માણસનું આયુષ્ય ઓછું કરે છે. આયુષ્ય ઘટે કે વધે એની મને ખબર નથી પરંતુ ઈર્ષા આનંદનું આયુષ્ય ઓછું કરી નાખે છે, પ્રસન્નતાનું આયુષ્ય ખતમ કરી નાખે છે. દ્વેષ દુઃખમાં વૃદ્ધિ કરે છે. અને નિંદા વિશે તો શું કહું? તો સાવધાન રહેવું. ઈર્ષ્યા, દ્વેષ અને નિંદા એ ત્રણ જો બંધ થઈ જાય તો સૌથી મોટી પૂજા થઈ જશે, સૌથી મોટી સાધના થઈ જશે.

ઈર્ષા, દ્વેષ અને નિંદા એ ત્રણેયમાંથી ધીરે ધીરે ક્રમશઃ સફળતા ત્યારે મળે છે જ્યારે કોઈ બુદ્ધ પુરુષનાં ચરણોમાં આપણી નિષ્ઠા થઈ જાય છે. હું મારી યાત્રામાં જોઈ રહ્યો છું કે આજે લોકોની શરણાગતિ બિલકુલ વ્યભિચારિણી થઈ ચૂકી છે ! ફોટો પડાવવા માટે, કોઈની બાજુમાં બેસવા માટે કે ક્યારેક એવું બધું કરવા માટે માણસો ગમે ત્યાં જાય છે ! સન્માન સૌને આપો, પરંતુ શરણાગતિ કેવળ એકની જ રાખો. મને ત્રિભુવનનું રાજ મળે તો પણ હું તલગાજરડાના ત્રિભુવનને ન છોડું. આપણા ગુરુ,આપણા ગુરુ છે. કોઈ તમને બાંધી ન દે એટલા માટે કોઈ એક મહાપુરુષના આશ્રયમાં રહો કે જેથી આપણે આપણી જાતને ખોઈ ન નાખીએ. આપણે આપણી નિજતાને જાળવી રાખીએ. મારી આસપાસ એવા ઘણા લોકો છે સાહેબ! હું જોઉં છું કે એ લોકો ભટકી રહ્યા છે ! એ બિચારા ક્યારેય શાંત નહીં થઈ શકે ! આપણી વ્યભિચારિણી ભક્તિ ક્યાં ક્યાં દોડાદોડ કરાવે છે ! ડાળી ન છોડો. ડાળી સાથે ફળ જોડાયેલું હોય કે ન જોડાયેલું હોય, કોઈ ફરક નથી પડતો. પરંતુ જોડાયેલા ફળને પકવવાની વૃક્ષની જવાબદારી છે. એવી રીતે બુદ્ધ પુરુષની જવાબદારી છે કે જે મારી સાથે જોડાયેલા છે એને હું પરિપક્વ કરી અને રસમય બનાવીને છોડીશ. આ શરણાગતિનો સિદ્ધાંત છે.

- સંકલન જયદેવ માંકડ ■

## ધન્ય છે દેવી સુકન્યા! તમારા સતિત્વથી મારી દૃષ્ટિ ને યૌવન પરત આવ્યા

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombaysamachar.com



ક્રોધિત થયેલા ભગવાન ગણેશને જોઈ માતા પાર્વતી તેમને શાંત પાડે છે અને કહે છે ‘પુત્ર ગણેશ તમે ક્રોધિત ન થાઓ, સિંદુરાસુર એટલી હિંમત તો નહીં જ ધરાવતો હોય કે એ વૈકુંઠલોક અને કૈલાસ પર આક્રમણ કરે. તમારી જરૂરત જણાતા હું તમારું આવાહન કરીશ.’ માતાની વાત યોગ્ય લાગતાં ભગવાન ગણેશ શાંત થઈ જાય છે. બીજી તરફ સિંદુરાસુર વૈકુંઠલોક પહોંચે છે ત્યાં કોઈ ન દેખાતાં તે કૈલાસ તરફ પ્રયાણ કરે છે. સિંદુરાસુર કૈલાસ પહોંચતાં જ દેવગણો ભગવાન શિવને પોકારવા લાગે છે. દેવગણોનો કોલાહલ સંભળાતાં ભગવાન શિવ તપને ત્યાગે છે. સમસ્ત દેવતાઓ ભગવાન શિવની પાછળ છુપાઈ જાય છે. સામે સિંદુરાસુર પોતાને મહાકાય બનાવી ભગવાન શિવ સહિત સમસ્ત દેવતાઓને પોતાની ભુજામાં ઉંચકી લે છે. પરિસ્થિતિ વિકટ જણાતાં માતા પાર્વતીના આવાહન પર ભગવાન ગણેશ તુરંત પ્રગટ થાય છે. માતા પાર્વતીની વાત સાંભળવામાં વ્યસ્ત સિંદુરાસુર કંઈ વિચારે એ પહેલાં ભગવાન ગણેશે તેમની સૂંઢથી સિંદુરાસુરની ડોકને જકડી લે છે. ભગવાન ગણેશના સૂંઢની પકડ એટલી મજબૂત હતી કે સિંદુરાસુર શ્વાસ પણ લઈ ન શક્યો. સિંદુરાસુરના બાહુપાશની પકડ ઢીલી થતાં સમસ્ત દેવગણો છુટકારો મેળવે છે. સિંદુરાસુર નિશ્વાસ થઈ ઢળી પડે છે. સમસ્ત દેવતાઓ ભગવાન ગણેશનો જયજયકાર કરે છે. કૈલાસ ખાતે આનંદનું વાતાવરણ થઈ જતાં સમસ્ત દેવગણો અને શિવગણો નૃત્ય કરી ઉત્સવ ઉજવે છે. ઉત્સવ બાદ દેવતાગણ કૈલાસ ખાતે મહેમાનગતિ માણી પોત પોતાના લોક તરફ પ્રયાણ કરે છે. ભગવાન ગણેશ અને સિદ્ધિ-બુદ્ધિ પણ ગણેશ લોક જવાની પરવાનગી માંગે છે પણ ભગવાન શિવ તેમને રોકે છે. એક દિવસ સંધ્યા ટાણે ભગવાન શિવ, માતા પાર્વતી, ભગવાન ગણેશ અને સિદ્ધિ-બુદ્ધિ સાથે ગગન વિહાર માટે નીકળે છે. આકાશ માર્ગેથી આગળ વધતાં તમને પૃથ્વી પર એક ઋષિ અને ઋષિપત્ની ભગવાન શિવની આરાધના કરતા દેખાય છે. બુદ્ધિ કહે છે, ‘જુઓ કેટલા યુવાન ઋષિ નવયુગલ પતિ-પત્ની આરાધનામાં લીન છે.’ માતા પાર્વતી કહે છે, ‘આપણે જે જોઈ રહ્યા છીએ એ નવયુગલ નથી, તેઓ ઘણા વરસોથી આરાધના કરી રહ્યા છે.’ સિદ્ધિ કહે છે, ‘ઘણા વરસોથી આરાધના કરતા હોય તો તેઓ આટલા યુવાન કઈ રીતે હોઈ શકે, માનવ માત્ર હંમેશા યુવાન રહેતા નથી.’ માતા પાર્વતી સમજાવતાં કહે છે. ‘જે ઋષિ છે તેમનું નામ ચ્યવન ઋષિ છે અને તેમની પત્ની છે એ રાજા શર્યાતીની પુત્રી સુકન્યા છે. હું તેમના વિશે વિગતવાર સમજાવું.

***

બુદ્ધિ: ‘માતા જલ્દી કહો ચ્યવન ઋષિ અને સુકન્યા કઈ રીતે હંમેશાં યુવાન રહે છે, અમારે એ કથા સાંભળવી છે.’

માતા પાર્વતીઃ ‘તો સાંભળો, ઘણા વરસોથી ભગવાન શિવની આરાધના કરતા ઋષિ ચ્યવન ક્યારે વૃદ્ધ થઈ જાય છે એની પણ એમને ખબર પડતી નથી. એક સમયે રાજા શર્યાતી પોતાની પુત્રી સુકન્યાની સાથે વનવિહાર માટે લઈ જાય છે.

વનવિહાર દરમિયાન સુકન્યાને લાંબેથી માટીના મોટાં ઢેફામાં બે ચમકદાર મોતી દેખાય છે. મોતી એટલા ચમકદાર હોય છે કે એને લઈ લેવા એ ઉત્સુક થઈ જાય છે. માટીનાં ઢેફા નજદીક જતાં તે જુએ છે કે તેનો હાથ મોતી સુધી પહોંચી શકતો નથી. સુકન્યા એના હાથમાં રહેલાં બે તીરથી એ મોતી કાઢવાની કોશિશ કરે છે. તીર માટીના ઢેફામાં ખૂંપતાં જ ચ્યવન ઋષિ બરાડા પાડતાં ઊભા થઈ જાય છે. એમની બંને આંખો ફૂટી ગઈ હોય છે.’

ચ્યવન ઋષિઃ ‘આ દુષ્ટ કોણ છે? જેણે મારી આંખો ફોડી નાંખી, હું તો ઘણા વરસોથી આરાધનામાં વ્યસ્ત છું, બોલો, જલ્દી અથવા હું શાપ આપીશ તો ક્યાંયના નહીં રહો.’

ગભરાયેલી સુકન્યા પિતાને લઈને આવે છે.

સુકન્યાઃ ‘ઋષિવર, મને માફ કરો. બે ચમકદાર મોતી જોતાં હું લલચાઈ ગઈ અને મારા હાથમાં રહેલા તીર ખૂંપી બેસી. હું તમારી માફી માંગું છું.’

રાજા શર્યાતીઃ ‘હા... ઋષિવર મારી પુત્રી રાજકુમારી સુકન્યાની કોઈ ભૂલ નથી. તમારી આંખોને ચમકદાર મોતી સમજી તીર ખૂંપી બેસી છે, એને માફ કરો, હું રાજા શર્યાતી તમારી માફી માંગું છું.’

ચ્યવન ઋષિઃ ‘રાજન! તમે માફી માંગો તો શું અર્થ? મારે તો જીવનભર આંખોની રોશની વગર જ જીવવું પડશે ને? મારી પિડા કઈ રીતે શાંત થશે?’

ત્યાં ઉપસ્થિત રહેલા કોઈપણ કંઈ ન બોલતાં ચ્યવન ઋષિ કહે છે, ‘બોલો રાજન! બોલો મારે મારું જીવન કઈ રીતે વ્યતિત કરવું?’

સુકન્યાઃ ‘હે ઋષિવર, ચિંતા ન કરો, તમારે જ્યોતિર્હિન બની નહીં જીવવું પડે, અજાણતાં થયેલા પાપનું હું તમારા આંખોની જ્યોતિ બની પ્રાયશ્ચિત કરીશ, હું તમારી દાસી બની તમારી આંખોને રોશની આપીશ.’

ચ્યવનઋષિઃ ‘રાજકુમારી તમને તમારી પિતા પરવાનગી આપશે?’

સુકન્યાઃ ‘હે પિતાશ્રી! મારાથી થયેલા પાપનું હું પ્રાયશ્ચિત કરવા માંગું છું, મને આજ્ઞા આપો કે હું ઋષિ ચ્યવનની પત્ની તરીકે તેમની આંખોની રોશની બની તેમની સેવા કરું.’

રાજા શર્યાતીઃ ‘પુત્રી તમારી ઈચ્છા રાજપરિવારની ગરિમાને ઉજાગર કરનારું છું, હું તમને આશીર્વાદ આપું છું કે તમે સુખી રહો.’

રાજા શર્યાતીની અનુમતી મળતાં જ રાજકુમારી સુકન્યા ને ચ્યવન ઋષિના લગ્ન ધામધૂમથી પૂર્ણ થાય છે. રાજકુમારી સુકન્યા હવે ઋષિપત્ની બની ચ્યવન ઋષિની આંખોની રોશની બની આશ્રમમાં પોતાના પાપનું પ્રાયશ્ચિત કરે છે.

એક સમયે સુકન્યા નદી કિનારે પાણી ભરવા જાય છે, પાણી ભરીને ફરવા જાય છે તો તેની સામે બે યુવાન ઊભા હોય છે.

યુવાનઃ ‘હે સુકન્યા, તમે ખૂબ જ સુંદર છો. તમે વૃદ્ધ નેત્રહીન ચ્યવન ઋષિ સાથે લગ્ન કરી જીવનની સૌથી મોટી ભૂલ કરી છે. તમારા યૌવન અને જીવન સાથે અન્યાય કર્યો છે, અમારામાંથી કોઈપણ એકને પતિ તરીકે સ્વીકાર કરી તારું યૌવન અને જીવન સફળ કરી શકે છે. અમે અમારી ઔષધિઓથી તારા પતિનું કાયાકલ્પ કરી તેમને દૃષ્ટિ અને યૌવન ફરી આપી દેશું. દેવી સુકન્યા તું પણ પાપમુક્ત થઈ જશે.’

સુકન્યાઃ ‘હે અશ્વિનીકુમારો! તમે તો મારા પૂજ્ય છો. હું એક સતિ નારી છું, મારી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂકી તમારું દેવત્વ અને મારા સતિત્વને લાંછન લગાડી રહ્યા છો. આપ દેવતાઓના વૈદ્ય છો અને મારા પતિ ચ્યવનઋષિને સ્વસ્થ કરવા સક્ષમ છો. તમે મારા પર કૃપા કરવા પ્રગટ થયા છો તો કૃપા કરી મારા પતિને સ્વસ્થ બનાવી તેમને ફરી દૃષ્ટિ આપો. મારી પ્રાર્થના સ્વીકારો પ્રભુ.’

અશ્વિની કુમારઃ ‘દેવી સુકન્યા! અમે ભગવાન શિવના આદેશથી જ અહીં પ્રગટ થયા છીએ. અમે તમારી દૃઢતા અને સતિત્વની જ પરીક્ષા લઈ રહ્યા હતા, ચાલો અમને ચ્યવનઋષિ પાસે લઈ જાઓ.’

સુકન્યાઃ ‘ચાલો પ્રભુ ચાલો.’

અશ્વિનીકુમારો ચ્યવન ઋષિના આશ્રમે પહોંચે છે, અશ્વિનીકુમારો ચ્યવન ઋષિની આંખોમાં તેમની ઔષધિઓનો લેપ કરે છે.

અશ્વિનકુમારઃ ‘ચ્યવન ઋષિ તમારી આંખો પરથી લેપને ધીરે ધીરે દૂર કરો.’

ચ્યવનઋષિ બેઠાં થઈ ધીરે ધીરે તેમનો લેપ દૂર કરે છે અને આંખો ખોલતાં જ સામે સુકન્યા દેખાય છે.

ચ્યવનઋષિઃ ‘સુકન્યા હું તમને જોઈ શકું છું, મારી દૃષ્ટિ પરત આવી છે. આપ ધન્ય છો અશ્વિનકુમારો. તમે મારા પર મહાન ઉપકાર કર્યો છે.’

અશ્વિનકુમારઃ ‘અમે તો ભગવાન શિવના આદેશનું પાલન કર્યું છે. હવે તમે આ પ્રાશનું સેવન કરો. આ પ્રાશના સેવનથી તમારું યૌવન ફરી આવશે. તમે યુવાન બની જશો.’

ચ્યવનઋષિ અશ્વિનકુમાર દ્વારા અપાયેલા પ્રાશનું સેવન કરતાં જ યુવાન થઈ જાય છે.

ચ્યવન ઋષિઃ ‘ધન્ય છે દેવી સુકન્યા! તમારા સતિત્વથી મારી દૃષ્ટિ અને યૌવન પરત આવ્યું છે. હું ફરી યુવાન થઈ ગયો છું. ધન્ય છે દેવી.’


સુકન્યાઃ ‘હે અશ્વિનકુમાર, ભગવાન શિવના આદેશથી તમે સ્વામિને દૃષ્ટિ આપી યુવાન બનાવ્યા એ બદલ હું તમને નમન કરું છું.’

અશ્વિનકુમારઃ ‘હે ચ્યવનઋષિ સમગ્ર સંસારમાં આ પ્રાશને જે પણ આરોગશે તે પોતાની યુવાની જાળવી રાખશે અને સમગ્ર સંસારવાસીઓ આ પ્રાશને ચ્યવનપ્રાશના નામે ઓળખશે.

(ક્રમશઃ)■

ચિંતન
હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

## ધ્યાન એટલે ચંચળ મનનું નિયંત્રણ



સનાતની સંસ્કૃતિમાં ધ્યાન વિશે વધુ વિસ્તારપૂર્વક ધ્યાનબિંદુ ઉપનિષદમાં જણાવાયું છે. એક રીતે પતંજલિના યોગસૂત્ર સાથે, યોગ અને ધ્યાન પર આધારિત આ એક મહત્ત્વનો ગ્રંથ છે, જે મુખ્યત્વે એકાગ્રતા, પ્રાણાયામ, ‘ૐ’કાર, શરીરની સૂક્ષ્મ રચના અને આંતરિક ધ્યાન વિશે કેટલીક સ્પષ્ટતા આપે છે. અહીં ‘બિંદુ’ એટલે ચેતનાનું બિંદુ અને ધ્યાન એટલે તેને પ્રાપ્ત કરવાનું માધ્યમ; આ બિંદુ પર ધ્યાન ધરવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય. સામાન્ય રીતે યોગ સમજવા માટે યોગસૂત્રનો ઉલ્લેખ થતો હોય છે, પરંતુ સનાતની સંસ્કૃતિમાં અન્ય અનેક શાસ્ત્રોમાં એક યા બીજા સ્વરૂપે યોગની વાત સમજાવવામાં આવી છે. અહીં ધ્યાનબિંદુ ઉપનિષદમાં પણ યોગનાં વિવિધ પાસા વિશે વિસ્તારપૂર્વક સ્પષ્ટતા કરવામાં આવી છે. દરેક પાપના નિવારણ માટે ધ્યાનનું મહત્ત્વ અહીં સ્થાપિત કરવામાં આવ્યું છે; અહીં જણાવાયું છે કે ધ્યાનયોગ વડે મોટું પાપ પણ ક્ષણભરમાં નાશ પામે છે.

ધ્યાનબિંદુ ઉપનિષદમાં કેટલીક વાતો ખાસ ધ્યાન ખેંચે છે. અહીં જણાવાયું છે કે આધ્યાત્મિક પ્રગતિ માટે મનનું નિયંત્રણ જરૂરી છે. મન ચંચળ છે અને તે ધ્યાન દ્વારા નિયંત્રિત થઈ શકે, શાંત થઈ શકે, સ્થિર બની શકે. ધ્યાનબિંદુ ઉપનિષદ મુજબ ‘મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ’ અર્થાત મનુષ્યનાં બંધન અને મોક્ષનું કારણ મન જ છે. જ્યારે મન સ્થિર થાય છે, ત્યારે ધ્યાન શક્ય બને, યોગની શરૂઆત થઈ શકે. મનના નિયંત્રણની વાત ભગવદ્ ગીતામાં પણ જોવા મળે છે. અહીં મનને અભ્યાસ અને વૈરાગ્યથી નિયંત્રિત કરી શકાય તેમ કહેવામાં આવ્યું છે. સનાતની સંસ્કૃતિનાં લગભગ દરેક શાસ્ત્રમાં મનને સમગ્ર સૃષ્ટિની રચનાનું મુખ્ય કારણ ગણાવાયું છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણ જણાવે છે કે આ સૃષ્ટિ મારાં ‘ભાવ’ને કારણે મારાં ‘મન’ વડે સર્જાઈ છે. અહીં એમ સ્થાપિત થાય છે કે જો મન લય પામે તો સૃષ્ટિ શૂન્યતા પામી જાય અને ચૈતન્ય પૂર્ણતાને પ્રાપ્ત કરે.

આ ઉપનિષદના અભિપ્રાય મુજબ ધ્યાનની પ્રક્રિયામાં બિંદુનું મહત્ત્વ છે, તેમ કહેવાય. આ ઉપનિષદ જણાવે છે કે ‘બિંદુના નશ્યતે ચિત્તં બિંદુરેવ પ્રકાશતે’ અર્થાત્ બિંદુ પર ધ્યાન ધરવાથી ચિત્ત લય પામે છે અને ચેતનાનો પ્રકાશ અનુભવમાં આવે. યોગ માટે પ્રવૃત્ત વ્યક્તિએ ‘ૐ’કાર સાથેનાં બિંદુનું નિત્ય ધ્યાન કરવું જોઈએ. યોગી ધ્યાનયોગ વડે જે અનાહત નાદનું અનુસંધાન કરે છે અને પરબ્રહ્મને પામે છે તે અનાહત નાદ, ‘ૐ’ સ્વરૂપે આપમેળે જાગ્રત થયેલો હોવાથી, અંતરના ઊંડાણમાં સતત પ્રવર્તમાન રહે છે. તેની અનુભૂતિ કરવી એ જ ધ્યાનયોગની પૂર્ણતા. સાંપ્રત સમયમાં તો આ બિંદુ બહારના વિશ્વમાં હોઈ શકે તેમ પણ કહેવાય છે, પરંતુ મારા વ્યક્તિગત અભિપ્રાય પ્રમાણે તે પ્રક્રિયાને ત્રાટક કહેવાય, ધ્યાન નહીં. ગીતામાં બે ભ્રૂકુટી વચ્ચેનાં આજ્ઞાકેન્દ્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત છે. આ દર્શાવે છે કે આ બિંદુ પોતાની ચેતનાનું કોઈ બિંદુ હોઈ શકે, બાહ્ય નહીં. ચેતનાનો પ્રકાશ આ બિંદુ પર છે તેવી સમજ સાથે આ પ્રકાશિત બિંદુની ધારણા કરી તેનાં પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે. આમ કરવાથી આત્મ-સાક્ષાત્કારની સંભાવના ઊભી થાય. મોક્ષ માટે, મુક્તિ માટે આત્મ-સાક્ષાત્કારની અનુભૂતિ આવશ્યક છે.

અસ્તિત્વના ચેતનાના કોઈ બિંદુ ઉપરાંત આ ઉપનિષદમાં ‘ૐ’નું ધ્યાન ધરવાની પણ વાત છે. અહીં ‘ૐ’કારને બ્રહ્મનું શબ્દ સ્વરૂપ જણાવી તેનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન થયો છે. મંડૂક્ય ઉપનિષદમાં ‘ૐ’ના ચાર ભાગ - અ ઉ મ અને તુર્ય - દ્વારા ચેતનાની અવસ્થા સમજાવવામાં આવી છે; જે ચેતનાના ઊંડાણને સમજવા માટે જરૂરી છે. કઠ ઉપનિષદ મુજબ ‘ૐ’ એ પરમાત્માનું ઉત્તમ પ્રતીક છે, ઉત્તમ પ્રતિનિધિ છે. શાસ્ત્રોમાં ‘ૐ’નું જે મહત્ત્વ દર્શાવાયું છે તેની ધ્યાનબિંદુ ઉપનિષદ જાણે સાક્ષી પૂરે છે. અહીં ધ્યાનની પ્રક્રિયામાં અંતર્મુખતાનું મહત્ત્વ પણ સમજાવાયું છે. બહારનાં વિશ્વ પરથી સૂક્ષ્મ અસ્તિત્વને પરતવાળી અંતર-ધ્યાનથી ૐ’કાર પર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત અહીં જોવાં મળે છે. આ ઉપનિષદમાં પ્રાણાયામનું મહત્ત્વ પણ સમજાવવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં પ્રાણાયામને ફેફસાંની કસરત તરીકે જોવાનો અભિગમ પ્રચલિત બની રહ્યો છે. તે પ્રાણાયામ નથી. પ્રાણાયામમાં તો શ્વાસના નિયંત્રણ દ્વારા, પૂરક - કુંભક - રેચક દ્વારા, પ્રાણની ગતિનું નિયમન કરવાનો પ્રયત્ન થતો હોય છે. શરીરમાં જે ‘પવન’ ફરતો હોય છે તે પ્રાણાયામ માટે અગત્યનું માધ્યમ ગણાય છે. શ્વાસ, પ્રાણ અને ચેતનાને એક કરવાની આ વાત છે. પ્રાણાયામ વડે પવનની ગતિને નિયંત્રિત કરવાથી ધ્યાનનો અભ્યાસ સરળ બને; અને સાથે તેનાથી તે ‘ૐ’કારનો મનમાં લય થવાથી પરમપદનો સાક્ષાત્કાર શક્ય બને છે. પતંજલિનાં યોગસૂત્રમાં પણ પ્રાણાયામને યોગનું મહત્ત્વનું અંગ છે. શરીરની સૂક્ષ્મ રચનાનાં સંદર્ભમાં અહીં મણીપુર વગેરે નામોથી જાણીતાં સાત ચક્રો, ઈડા પિંગલા સુષુમ્ણા ગાંધારી પૂષા વગેરે દસ મુખ્ય નાડીઓ, પ્રાણ અપાન સમાન ઉદાન અને વ્યાન જેવા દસ પ્રાણ અને આવી અન્ય બાબતોનું વર્ણન અને મહત્ત્વ સમજાવાયાં છે.

ઉપનિષદ એટલે ગુરુની જોડે બેસીને પ્રાપ્ત કરાયેલું જ્ઞાન. આ જ્ઞાન વાંચીને કદાચ બુદ્ધિની સમજમાં આવી શકે પરંતુ તે માત્ર માહિતી સમાન બની રહે. આ જ્ઞાન, જ્ઞાનમાં રૂપાંતરિત ત્યારે જ થાય જ્યારે તેની અનુભૂતિ થાય. અહીં ગુરુનું મહત્ત્વ એટલાં માટે છે કે ધ્યાનની પ્રક્રિયામાં ઝીણી ઝીણી બાબતોનું પણ મહત્ત્વ હોય છે જે શાસ્ત્રના વાંચનથી ધ્યાનમાં ન પણ આવે. એમ કહી શકાય કે ભગવદ ગીતા જીવનમાં ધ્યાનનું મહત્ત્વ સમજાવે છે, યોગસૂત્ર તેની તકનીક દર્શાવે છે અને ઉપનિષદ તેની સાથે સંકળાયેલાં તત્ત્વજ્ઞાનની વાત કરે છે. આ બધાં સાથે ધ્યાનબિંદુ ઉપનિષદ ગુરુનું મહત્ત્વ પણ સ્થાપિત કરે છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombay samachar.com

# સ્વામિનારાયણી સંતકવિ બ્રહ્માનંદ સ્વામી દ્વારા લખાયેલ સિદ્ધેશ્વર મહાદેવનું સ્તવન



બ્રહ્માનંદ સ્વામી (વિદાયઃ ઈ.સ.૧૮૩૨,વિ.સ.૧૮૮૮ મહાસુદ ૫ વસંતપંચમી)એ જૂનાગઢના સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતા સિદ્ધેશ્વર મહાદેવનું એક ગીત લખ્યું છે-

**ધરા ઉપરા અગાધ ધરા, હરા નરા રૂપ ધરા,**
**અમરા નમરા કંધ ભ્રમરા અમીર,**
**કરા ખરા ગેમ હરા કામરા વિનાશ કરા,**
**ભરા ભરા ક્રિત ભરા બુધિરા ગંભીર..(૧)**
**સાગરા રાગરા લેત નાગરા શ્રંગાર સરા,**
**આગરા સાગરા ચિન ભાગરા અથાહ,**
**જ્યાગરા અધિશ રૂદ્ર સદા ધ્યાન પ્રજાગરા ,**
**બાધરા અંબરા વેણ બાગરા સુવાહ. (૨)**
**ડંમરા ભ્રમરા ફરા દેખ ભેખ આડંબરા,**
**થરથરા અથરાહો ડરા કાલ ઠીક,**
**જરા જીત જામ જરા અજરા હલાહલ જરા,**
**જરા તરા અંગ પરાનાં જરા નજીક (૩)**
**વરા દેણ સતી વરા શેખરા સરીત વરા,**
**પરવરા જોગેસરા ઉચરા અપાર,**
**સીરા ગંગ નીરઝરા મુનિ બ્રહ્મ અનુસરા,**
**સિધેસરા દેવ ખરા ઉધરા સંસાર..(૪)**
**(દોહા)**
**પારવતી પતિ અતિ પ્રબલ, વિમલ સદા નર વેશ,**
**નંદિ સંગ ઉમંગ નિત, સ્મરત ગુણ જેહિ શેષ.**
**(છંદ ત્રિભંગી)**
**સમરત જેહિ શેષા, દિપત સુરેશા, પુત્ર ગુણેશા નિજ પ્યારા,**
**બ્રહ્માંડ પ્રવેશા, પ્રસિધ પરેશા, અજર ઉમેશા ઉદ્દારા,**
**બેહદ નર વેશા, ક્રત શિર કેશા, ટલત અશેશા અઘરેશા,**
**જય દેવ સિધેશા, હરન કલેશા, મગન હમેશા માહેશા...(૧)**

(શેષનાગ જેનું કાયમ સ્મરણ કરે છે અને તમામ દેવોના ઈશ રૂપે શોભનારા, જેનો વહાલો પુત્ર ગુણેશ ગણનાયક છે, જેનો સમગ્ર બ્રહ્માંડમાં પ્રવેશ છે, પ્રસિદ્ધ પરમેશ્વર તરીકેની જેની નામના છે એવા હે ઉમાના ઈશ તમે તો અજર અમર દેવતા છો, ઉદાર મતવાલા, બેહદ વેશ ધરાવનારા, મસ્તક પર સુંદર જટા ધારણ કરનારા, જેના દર્શનથી તમામ પાપકર્મોની રેખાઓ ટળી જાય એવા સિદ્ધેશ્વર દેવ તમારી જય થાઓ. તમામ કલેશોને હરનારા હે મહેશ્વર તમે સદા આનંદમાં રહો.)

**ભક્તન થટ ભારી, હલક હજારી, કનક અહારી, સુખકારી,**
**શિર ગંગ સુ ધારી, દ્રઢ બ્રહ્મચારી, હર દુઃખ હારી, ત્રિપુરારી,**
**રહે ધ્યાન ખુમારી ,બ્રહ્મ વિહારી, ગિરિજા પ્યારી, જોગેશા,**
**જય દેવ સિધેશા, હરન કલેશા, મગન હમેશા માહેશા...(૨)**
**કૈલાસ નિવાસી, જોગ અધ્યાસી,રિધિ સિધિ દાસી,પતિ કાશી,**
**ચિદ્ વ્યોમ વિલાસી,હિત જુત હાસી,રટત પ્રયાસી સુખરાશી,**
**મુનિ સહસ્ત્ર અઠાસી, કહિ અવિનાશી, જેહિ દુઃખ ત્રાસી, ઉપદેશા,**
**જય દેવ સિધેશા, હરન કલેશા, મગન હમેશા માહેશા...(૩)**
**ગૌરી નિત સંગા, અતિ શુભ અંગા, હાર ભુયંગા, શિર ગંગા,**
**રહવત નિજ રંગા, ઉઠત અથંગા,ગ્યાન તરંગા, અતિ ચંગા,**
**ઉર હોત ઉમંગા, જય ક્રત જંગા, અચલ અભંગા આવેશા,**
**જય દેવ સિધેશા, હરન કલેશા, મગન હમેશા માહેશા...(૪)**
**નાચત નિઃશંકા, મૃગમદ પંકા, ઘમ ઘમ ઘમકા, ઘુંઘરુકા,**
**ઢોલૂકા ઢમકા, હોવત હંકા, ડમ ડમ ડમકા ડમરુ કા,**
**રણતૂર રણંકા, ભેર ભણંકા, ગગન ઝણંકા, ગહરેશા,**
**જય દેવ સિધેશા, હરન કલેશા, મગન હમેશા માહેશા...(૫)**
**મણિધર ગલ માલા,ભૂપ ભુજાલા,શિશ જટાલા,ચરિતાલા,**
**જગ ભૂલ પ્રજાલા, શ્રુલ હથાલા,જન પ્રતિપાલા, જોરાલા,**
**ડ્ગ ત્રતિય કરાલા, હાર ફણાલા,રહત કપાલા, રાકેશા,**
**જય દેવ સિધેશા, હરન કલેશા, મગન હમેશા માહેશા...(૬)**
**ખલક્ત શિર નીરા, અદલ અમીરા, પીરન પીરા, હર પીરા,**
**વિહરત સંગ વીરા, ધ્યાવત ધીરા, ગૌર શરીરા, ગંભીરા,**
**દાતાર રિધિરા, ઝાઝ બુધિરા, કાંત સિધિરા, શિર કેશા,**
**જય દેવ સિધેશા, હરન કલેશા, મગન હમેશા માહેશા...(૭)**
**નર રૂપ બનાયા, અકલ અમાયા,કાયમ કાયા,જગરાયા,**
**તન કામ જલાયા,સાંબ સુહાયા,મુનિ ઉર લાયા,મન ભાયા,**
**સિદ્ધેશ્વર છાયા, જન સુખ પાયા, મુનિ બ્રહ્મ ગાયા,ગુણ લેશા,**
**જય દેવ સિધેશા, હરન કલેશા, મગન હમેશા માહેશા...(૮)**
**(છપ્પય)**
**જય જય દેવ સિધેશ, શેશ નિશ દિન ગુણ ગાવે,**
**દરશ પરશ દુઃખ દૂર ,સુર જન અંતર લાવે,**
**અણભય અકલ અપાર, સાર સુંદર જગ સ્વામી,**
**અગણિત કીન ઉધાર ,નાર નર ચૈતન ધામી,**
**નર રૂપ ભૂપ મૂર્તિ નવલ, નહીં સંખ્યા જેહિ નામકી,**
**કહે બ્રહ્મ મુનિ બલિહાર મેં, સિદઘેશ્વર જગ સામકી.**

'છંદ રત્નાવલિ'માં સ્વામિનારાયણી સંતકવિ બ્રહ્માનંદજીએ માનવ અવતારનું મહત્વ સમજાવીને સત્સંગનો મહિમા ગાયો છે.

**નીચનકે સંગ પ્રીત કરી સો મટી કે મટી કે મટી કે મટી હે,**
**જૂધકું દેખી ત્રિયાનકી ટોરી હટી કે હટી કે હટી કે હટી હે,**
**સૂરજ દેખકેં કુંદ કલી સો, ફટી કે ફટી કે ફટી કે ફટી હે,**
**બ્રહ્મ મુનિ ત્યૂં હિ દેહ કી આયુ, ઘટી કે ઘટી કે ઘટી કે ઘટી હે..**
**(સિંહાવલોકન સવૈયા)**
**રટ રે એક નામ નિરંજન કો,મન રંજન મેલ સબેહ ટરે,**
**હટરે વિષયા સુખનેં અબ તો,ઘટ જાત છીને છીનમેં ઘટરે,**
**સુખ કાજ અકાજ ભ્રમે સઠ લાજ ન લાજ ન હોય રચો લટરે,**
**લટરે જગસેં સુધ સોધ હરિ, બ્રહ્મા નંદ શ્યામ સદા રટરે.** ■

આતમના અજવાળે

ભાર્ગવ ઠાકર
feedback@bombay samachar.com

# સત્તાના સિંહાસનથી ભીતરના શિખર સુધીની સફરઃ ઓરેલિયસ પ્રુડેન્શિયસ

**'અંધકારની ચાદર હવે સમેટાઈ રહી છે,**
**આત્મા પર જામેલી નિંદ્રાની ધૂળ સાફ થઈ રહી છે;**
**જાગો! પરોઢનો પ્રકાશ સાદ પાડી રહ્યો છે,**
**કેમ કે ખુદ ઈશ્વર હવે તારા દ્વારે ઊભો છે...'**

શિયાળાની કોઈ ફૂલગુલાબી સવારે આંખ ખૂલે અને કોઈ દૂરના દેવળમાંથી આવતો ઘંટારવ સીધો હૃદયમાં ઊતરી જાય, આ પંક્તિઓ વાંચીને આવી જ કોઈ અનુભૂતિ થાય છે. આ શબ્દો કોઈ સંન્યાસીના આશ્રમમાંથી નહીં, પરંતુ ચોથી સદીના એવા રોમન સામ્રાજ્યમાંથી પ્રગટ્યા હતા, જેની ભવ્યતા અને ક્રૂરતા બંને જગજાહેર હતાં. રોમના આરસપહાણના મહેલો, સત્તાના કાવાદાવા અને કોલોઝિયમમાં વહેતા રક્તની વચ્ચે એક અવાજ એવો ઊઠ્યો, જેણે તલવારોનો અવાજ શાંત કરીને આત્માનો સાદ સાંભળ્યો. આ વાત છે એક એવા માણસની, જે આખી જિંદગી રોમના કાયદાઓ માટે લડ્યો અને અંતે ઈશ્વરની અદાલતમાં શરણાગતિ સ્વીકારી લીધી. આ માણસ એટલે મહાન રોમન આધ્યાત્મિક કવિ ઓરેલિયસ ક્લેમેન્સ પ્રુડેન્શિયસ.

વર્ષ ૩૪૮ની આસપાસ સ્પેનના એક કુલીન પરિવારમાં જન્મેલા પ્રુડેન્શિયસનું બાળપણ અને યુવાની આમ સામાન્ય, છતાં અત્યંત મહત્ત્વાકાંક્ષી હતાં. એ સમયનું રોમ એટલે એક એવો જ્વાળામુખી, જ્યાં પ્રાચીન દેવી-દેવતાઓની પૂજા અને નવા પ્રસરતા ખ્રિસ્તી ધર્મ વચ્ચે વૈચારિક સંઘર્ષ ચરમસીમા પર હતો. આ અજંપાભર્યા માહોલમાં પ્રુડેન્શિયસે કાયદાનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. પોતાની તર્કબદ્ધ દલીલો અને અદ્ભુત વાકછટાથી તેમણે રોમના ન્યાયાલયો ગજવી દીધા. તેમની કાબેલિયતના તેને રોમન સમ્રાટ થિયોડોસિયસના દરબારમાં ઉચ્ચ અને મહત્ત્વના પદ સુધી દોરી ગઈ.

સત્તા, સંપત્તિ, ઉચ્ચ હોદ્દો અને રોમન સમાજનું સર્વોચ્ચ સન્માન - જેના માટે સામાન્ય માણસ આખી જિંદગી તરફડતો હોય છે, એ બધું જ પ્રુડેન્શિયસના ચરણોમાં આળોટતું હતું. પણ આત્માની તરસ કોઈ રાજમહેલનાં કોઈ રંગીન પીણાં છીપાવી શકતાં નથી. રોમની ઝાકઝમાળ ભરેલી રંગીન રાતો વચ્ચે પ્રુડેન્શિયસ ૫૭ વર્ષના થયા.



એક રાત્રે સત્તાની સીડીઓ પર ચાલતી વખતે તેમને પોતાના જ પગલાંનો અવાજ સાવ પોકળ અને અર્થહીન લાગવા માંડ્યો. અરીસામાં દેખાતા પોતાના સફેદ વાળ અને કરચલીઓ તેમને કોઈ અલગ જ અદાલતની નોટિસ જેવા લાગ્યા. આખી જિંદગી જે દુનિયાને પામવા તેમણે દોડ લગાવી હતી, એ જ દુનિયા અચાનક તેમને ધૂળ સમાન લાગવા માંડી. ભીતરના આ ખાલીપા અને પસ્તાવાને તેમણે કવિતાનું રૂપ આપ્યું, જે તેમના પ્રખ્યાત 'આત્મવૃત્તાંત'માં કાયમ માટે અમર થઈ ગઈઃ

**'જુવાનીનાં એ વહેતાં વર્ષો,**
**કાયદાનાં કાગળો અને દરબારના ઘોંઘાટમાં વેડફાઈ ગયા;**
**સત્તાના નશામાં મેં રોમની દુનિયા તો જીતી લીધી,**
પણ અફસોસ,
મારો પોતાનો આત્મા જ ક્યાંક હારી ગયો!'

આ માત્ર કવિતા નહોતી, એક જાહેરાત હતી. બસ, એ જ ક્ષણે રોમના સૌથી શક્તિશાળી માણસોમાંના એક એવા પ્રુડેન્શિયસે દરબારમાંથી રાજીનામું આપી દીધું. સત્તાનો મોહ રાતોરાત ત્યજીને તેમણે પોતાનું શેષ જીવન સંપૂર્ણપણે આધ્યાત્મિક કવિતાઓ અને સાદગીભર્યા જીવનને અર્પણ કરી દીધું. એક કાયદાશાસ્ત્રીમાંથી સંત બનવાની આ યાત્રા અત્યંત રોમાંચક હતી.

સત્તાના સિંહાસન પરથી ઊતરી ગયા પછી તેમના જીવનમાં એક અત્યંત હૃદયસ્પર્શી ઘટના ઘટી. જે માણસ એક સમયે રોમન સામ્રાજ્યના ભવ્ય દરબારમાં રેશમી વસ્ત્રો પહેરીને ફરતો હતો, જેના એક ઈશારે ન્યાય તોલાતો હતો, તે જ પ્રુડેન્શિયસ આજે એક સામાન્ય યાત્રાળુ બનીને રોમના જમીન નીચેના અંધારા ભોંયરામાં ભટકી રહ્યો હતો! અહીં તેમણે એવા અનેક અનામી શહીદોની કબરો જોઈ, જેમણે પોતાના ધર્મ અને આત્માના અવાજ ખાતર રોમન સામ્રાજ્યના અત્યાચારો હસતા મુખે સહન કર્યા હતા. પથ્થરો પર કોતરાયેલા એ શહીદોનાં નામો વાંચીને આ ભૂતપૂર્વ કાયદાશાસ્ત્રીની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. તેમને સમજાયું કે સાચો મુગટ સમ્રાટોના માથા પર નહીં, પણ આ શહીદોના મસ્તક પર હોવા જોઈએ. આ ભોંયરાઓના અંધકારમાં તેમને નવો પ્રકાશ મળ્યો અને તેમાંથી જન્મ થયો એક અદ્ભુત ગ્રંથ 'પેરીસ્ટેફેનોન' - શહીદોના મુગટનો. આ ઘટનાએ તેમની કલમમાં એવી આધ્યાત્મિક આગ ભરી કે તેઓ લખી ઉઠ્યાઃ

'રાજમહેલના સુવર્ણ કળશ કરતા,
મને આ માટીની કબરો વધુ પવિત્ર લાગે છે,
જ્યાં સત્તાની તલવારોની ધાર પણ શ્રદ્ધાના સ્મિત સામે બુઠ્ઠી છે;
હે રોમ! તારી ભવ્યતા તારા આરસપહાણમાં નહીં,
પણ આ ભોંયરામાં વહેલા અદૃશ્ય રક્તમાં જીવંત છે.'

પ્રુડેન્શિયસ બહુ સારી રીતે જાણતા હતા કે રોમની પ્રજા શારીરિક યુદ્ધો, હિંસા અને ગ્લેડિયેટર્સની રમતોની આશિક છે. જો આ પ્રજાને આધ્યાત્મિકતા શીખવવી હશે, તો માધ્યમ પણ એવું જ પસંદ કરવું પડશે. આથી તેમણે પશ્ચિમી સાહિત્યનું સૌપ્રથમ અને અદ્ભુત મનોવૈજ્ઞાનિક મહાકાવ્ય રચ્યું - 'સાયકોમેકિયા' - 'આત્માનું યુદ્ધ'. તેમણે લોકોને સમજાવ્યું કે સાચું કોલોઝિયમ બહાર નહીં, પણ માણસની ભીતર છે. એ ભીતરી યુદ્ધના રોમાંચને તેમણે આ રીતે શબ્દદેહ આપ્યોઃ

'કોલોઝિયમની રેતી પર ઢોળાતું રક્ત મેં બહુ જોયું,
પણ ખરી લડાઈ તો ભીતરના મેદાનમાં છે;
જ્યાં અહંકારની તલવાર સામે નમ્રતા ઊભી છે, અને ક્રોધના ભીષણ અગ્નિને
ક્ષમાના આંસુઓથી જ બુઝાવવાનો છે.'

પ્રુડેન્શિયસની સૌથી મોટી તાકાત એ હતી કે તેમણે ઈશ્વરને મંદિરો કે ચર્ચના ગુંબજોમાંથી મુક્ત કરીને સામાન્ય માણસના રસોડાં અને આંગણા સુધી પહોંચાડ્યો. તેમણે રચેલાં 'કેથેમેરિનોન' - રોજિંદા પ્રહરનાં ગીતો આજે પણ સાહિત્યિક જગતમાં અજોડ છે. સવારે ઊઠવાથી લઈને, ભોજન કરતા પહેલાં અને રાત્રે સૂવા જતી વખતે સામાન્ય માણસની દરેક નિત્યક્રિયાને તેમણે પ્રાર્થનામાં ફેરવી નાખી. રોમની એ લાંબી અને અંધારી રાતોમાં જ્યારે ઘરોમાં દીવા પ્રગટાવવામાં આવતા, ત્યારે એ જ્યોતમાં ઈશ્વરની હાજરી જોતાં તેઓ લખે છેઃ

**'હે પ્રકાશના સર્જનહાર, જ્યારે સૂર્ય ક્ષિતિજ પાર ડૂબી જાય છે,**
**અને પૃથ્વી પર રાતનો કાળો ઓછાયો ઊતરે છે;**
**ત્યારે તું આ નાનકડા દીવાની જ્યોતમાં પ્રવેશીને,**
**મારા ભીતરના અંધકારને કેવો હળવેકથી હરી લે છે!'**

રોમન સામ્રાજ્યના ઇતિહાસના ચોપડે પ્રુડેન્શિયસના અંતની કોઈ ચોક્કસ કે ભવ્ય નોંધ નથી મળતી. ઇતિહાસકારો માને છે કે ઈ.સ. ૪૧૩ ની આસપાસ ક્યાંક આ મહાન જીવ ઈશ્વરમાં લીન થઈ ગયો. તેમના મૃત્યુની આ અસ્પષ્ટતા જ કદાચ તેમની કવિતાઓની સૌથી મોટી સાબિતી છે. જે માણસે સત્તાના શિખરેથી ઊતરીને ઈશ્વરના ચરણોમાં સ્વેચ્છાએ ગુમનામી સ્વીકારી લીધી હોય, તેના અંતની નોંધ ભલા જગતના ચોપડે શું કામ હોવી જોઈએ?

રોમન સામ્રાજ્યના એ આરસપહાણના મહેલો આજે ખંડેર બની ગયા છે. સમ્રાટોના નામ માત્ર પથ્થરો પર કોતરાયેલા રહી ગયા છે, પણ પ્રુડેન્શિયસના શબ્દો આજે પંદર સદીઓ પછી પણ જીવંત છે. જ્યારે પણ કોઈ માણસ પોતાની સત્તા, સંપત્તિ કે વ્યસ્તતાની દોડમાં હાંફીને ઘડીભર અટકે છે, ત્યારે પ્રુડેન્શિયસની કોઈ પંક્તિ તેના ખભે હાથ મૂકીને હળવેકથી કહે છેઃ

'બહારની દુનિયા જીતવી સહેલી છે દોસ્ત,
પણ ખરી મજા તો ભીતરના આતમને અજવાળવામાં છે.' ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
feedback@bombay samachar.com

# જ્ઞાનના ત્રણ પ્રકારઃ જ્ઞાન- સુજ્ઞાન ને વિજ્ઞાન


જેમના મૂળિયાં ભારતમાં છે, તેવા પ્રત્યેક ધર્મએ એક સૂરે કહેલી વાત એ છે કે આપણને મળેલું શરીર એ આત્માની અનંતયાત્રામાં એક વાહન માત્રનું કામ કરે છે. પણ આપણે તેને જ જીવન માનીને આત્માને ભૂલી જઈએ છીએ. તેથી એ દરેક ધર્મની ભાષા, રીતરિવાજ કે પરંપરા અલગ હોય તો પણ તેમનો અંતિમ સંદેશ એક જ છે, કે આત્માને ઓળખો.

શરીરની વાત કરતી વખતે આપણે ત્રણ પ્રકારના શરીર સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર વિશે જાણ્યું. તે ત્રણ શરીરો સાથે સંકળાયેલા જ્ઞાનના ત્રણ તબક્કા છેઃ જ્ઞાન, સુજ્ઞાન અને વિજ્ઞાન. સત્ય સાઈબાબાએ તેમના એક પ્રવચનમાં આ વિષય પર સરળ ભાષામાં સુંદર પ્રકાશ પાડ્યો હતો. રસિકોને ક્યારેક મોકો મળે તો જરૂર વાંચવું જોઈએ.

બાહ્ય જગત અને તેના ઘટકોના વ્યવહારમાં રહેલી સમાનતાઓના વિશ્લેષણ દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે 'જ્ઞાન' છે. જ્યારે વ્યક્તિ અને સમાજના શ્રેષ્ઠ હિતો સાધવા માટે આ જ્ઞાનનો વધુ અભ્યાસ અને અમલ કરવામાં આવે છે, ત્યારે તે 'સુજ્ઞાન' એટલે કે કલ્યાણકારી જ્ઞાન બની જાય છે. દૈવી ગુણોથી પરિપૂર્ણ અને શુદ્ધ થયેલી ચેતનામાંથી ઉદ્ભવતા સંકલ્પો અને પ્રેરણાઓ એ જ 'વિજ્ઞાન' એટલે કે સર્વોચ્ચ જ્ઞાન છે.

આપણે જાણીએ જ છીએ કે ભૌતિક જગતમાં વિજ્ઞાન શબ્દનો ઉપયોગ માત્ર 'જ્ઞાન'; એટલે કે ભૌતિક જગત માટે વિશ્લેષણાત્મક માહિતી કે સુવ્યવસ્થિત જાણકારી દર્શાવવા માટે કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં આ શબ્દનો પ્રયોગ 'પરમ જ્ઞાન' માટે થાય છે, જે 'દ્રષ્ટા' (સાક્ષાત્કાર કરનાર) અથવા 'સંત'નું સૂચક છે. આપણા શાસ્ત્રોમાં વિજ્ઞાન એ સૃષ્ટિને સમજવાનો અભ્યાસ છે, પણ તે માત્ર ભૌતિક સૃષ્ટિની વાત નથી. આ વિજ્ઞાનમાં સૂક્ષ્મતમ ચેતનાની ઊંડી સમજ પણ સામેલ છે અને જ્ઞાન વિના વિજ્ઞાનને સમજવું અશક્ય છે. કહેવાનો અર્થ એ કે, જ્ઞાનને પોતે સંપૂર્ણ વિજ્ઞાન કહી શકાય નહીં. જ્ઞાન એ માત્ર સૂક્ષ્મ જગતની સમજ અને અનુભવને લગતો વિષય છે; તેમાં સૃષ્ટિના ભૌતિક કે પદાર્થગત પાસાનો સમાવેશ થતો નથી. બીજી તરફ, વિજ્ઞાન એ સમગ્ર બ્રહ્માંડનો અભ્યાસ છે, જેમાં સૂક્ષ્મ અને ભૌતિક એમ બંને તત્ત્વોનો સમાવેશ થાય છે.

અંગ્રેજીમાં જેને સાયન્સ કહીએ છીએ તે વિજ્ઞાન માત્ર ભૌતિક જગતને લગતું જ જ્ઞાન અને માહિતી પ્રદાન કરે છે; જેને ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવશાસ્ત્ર જેવા વિભાગો દ્વારા આપણે શીખીએ છીએ. તે ભૌતિક તત્વોના અભ્યાસને સમર્પિત એક શાખા છે. આ સાયન્સ આત્મા, પરમાત્મા, લાગણીઓ, વિચારો કે સૂક્ષ્મ જગતનો સ્વીકાર કરતું નથી. તે એવો દાવો કરે છે કે આ જગત માત્ર એવી વસ્તુઓનું બનેલું છે જેને ભૌતિક સાધનો દ્વારા જાણી કે અનુભવી શકાય છે. જ્યારે ધર્મનું વિજ્ઞાન એ સૂક્ષ્મ તત્ત્વોની પણ ચર્ચા કરે છે જેને ભૌતિક વિજ્ઞાન હજી ઉપકરણોથી સાબિત કરી શક્યું નથી.



જ્ઞાનની અવસ્થાએ આપણે બધા વધતે-ઓછે અંશે પહોંચ્યા છીએ. ત્યાંથી કદાચ સુજ્ઞાન સુધી પણ પહોંચ્યા હોઈશું. સુજ્ઞાન એટલે? કદાચ આપણે તેને વિવેક પણ કહી શકીએ. જ્ઞાનનો સાચો અને યોગ્ય ઉપયોગ એ જ ડહાપણ કે વિવેક છે. તે આપણને સાચા અને ખોટા વચ્ચેનો ભેદ પારખતા શીખવે છે તથા આપણા ચારિત્ર્ય, આચરણ અને જીવનને યોગ્ય દિશામાં દોરે છે. તેમ છતાં આત્માના અંતિમ લક્ષ્ય મોક્ષ સુધી પહોંચવા તો શાસ્ત્રકારોએ કહેલા વિજ્ઞાનના પગથિયાં જ ચઢવા પડે.

શ્રીમદ્ ભગવદ ગીતામાં સાતમો અધ્યાય સંપૂર્ણપણે જ્ઞાનવિજ્ઞાન યોગ છે. તેમાં બીજા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સંપૂર્ણ જ્ઞાન અને વિજ્ઞાનનો બોધ કરાવવાનું વચન આપે છે.

જ્ઞાનં તેડહં સવિજ્ઞાનમિદં વક્ષ્યામ્યશેષતઃ
યજ્જ્ઞાત્ત્વા નેહ ભૂયોડન્યજ્જ્ઞાઞાતવ્યમવશિષ્યતે

અર્થાત્, હવે, હું તારી સમક્ષ તે સંપૂર્ણ જ્ઞાન અને વિજ્ઞાન પ્રગટ કરીશ, જેને જાણી લીધા પછી આ સંસારમાં તારે બીજું કંઈ પણ જાણવાનું બાકી નહીં રહે.

એ અધ્યાયમાં જ ભગવાન કહે છે કે રાગ-દ્વેષ, સત્ત્વ-રજસ અને તમસથી મુક્ત થયા વિના, મને (અર્થાત બ્રહ્મને) જાણી શકશે નહીં. તેથી જ એમ પણ કહ્યું કે બ્રહ્મને જાણવા માટે અનેક જન્મો લેવા પડે છે. ભૌતિક જગતમાં સતત પરિવર્તન આવતું રહે છે. તેથી તેની જાણકારી પરિવર્તનશીલ છે. પણ ધર્મનું પરમ સત્ય સનાતન છે. તે બદલાતું નથી. દરેક જન્મમાં આપણું જ્ઞાન તેથી જ બદલાય છે. પણ પરમજ્ઞાનને પામી લીધા પછી એ સનાતન સત્યની પ્રાપ્તિ થાય છે, એ જ વિજ્ઞાન છે.

અંતે, સત્ય સાઈબાબાએ કહેલી એક વાત સાર રૂપે. 'પ્રયોગશાળાના સાધનો વડે ઈશ્વરની શોધ કરવી એ આંખમાં ટીપાં નાખીને પેટના દુખાવાનો ઈલાજ કરવાના પ્રયાસ સમાન છે. તે કાર્ય માટે એક ચોક્કસ પદ્ધતિ અને વિશેષ સાધન છે, જે તે વિદ્યાના નિષ્ણાતોએ વિકસાવ્યા છે અને તેના વિશે માર્ગદર્શન આપ્યું છે.

અનાસક્તિ અને પ્રેમ દ્વારા તમારી દ્રષ્ટિને નિર્મળ બનાવો અને તમારી વિવેકબુદ્ધિને એટલી તીક્ષ્ણ કરો કે તેમાં કોઈ પૂર્વગ્રહ કે પક્ષપાત ન રહે; ત્યારે જ તમે તમારામાં, તમારી આસપાસ અને તમે જે કંઈ જાણો છો, અનુભવો છો તથા જે અસ્તિત્વ ધરાવો છો તે સર્વમાં ઈશ્વરને જોઈ શકશો.' ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay samachar.com

# આત્મ-અન્વેષણ

મનુષ્યનો સ્વભાવ ખૂબ જ વિચિત્ર છે. તે જીવનભર વિચાર્યા વિના આગળ દોડતો રહે છે અને વારંવાર ઠોકર પણ ખાતો રહે છે. સફળતાનો માર્ગ માત્ર દોડવાથી નથી મળતો, આગળ વધવા માટે થોડું થોભીને, પાછલા અનુભવનો વિચાર કરીને આગળના પથનું આયોજન કરવું પડે છે. હા, જીવનમાં સફળતા મેળવવા માટે થોડો સમય થોભવું, પોતાની ભૂલો, અનુભવો અને પરિસ્થિતિઓનું નિષ્પક્ષ વિશ્લેષણ કરવું જરૂરી છે.

દુનિયાનું સૌથી મોટો અંધકાર આંખોની સામે નથી, પરંતુ મનુષ્યના અંતરમાં વસેલો હોય છે. જે દિવસે મનુષ્ય પોતાના અંતઃકરણમાં ઝાંખી કરવાનું શીખી જાય છે, તે દિવસે તેના જીવનમાં નવા પ્રભાતનો ઉદય થાય છે. આ જ અંતર્દૃષ્ટિ છે. એટલે કે પોતાના અંતરમાં ઊતરવાની ક્ષમતા! ખરેખર, પાછળ વળીને જોવાની કળા જ આગળ વધવાનું વિજ્ઞાન છે.

ગીતા કહે છે કે યોગ્ય દિશામાં આગળ વધવા માટે પોતાના અનુભવોનું મૂલ્યાંકન કરવું અત્યંત આવશ્યક છે. વેપારી દર વર્ષે પોતાનો હિસાબ કરે છે. ખેડૂત પાક ઉતાર્યા પછી જુએ છે કે કયું બીજ વધુ ફળદાયી રહ્યું અને કયું નિષ્ફળ ગયું. વિદ્યાર્થી પરીક્ષા પછી પોતાની ભૂલોનું વિશ્લેષણ કરે છે. જો આ બધાં પોતાનાં ભૂતકાળનો હિસાબ ન કરે, તો તેમનું ભવિષ્ય પણ અંધકારમય બની જાય. તો પછી મનુષ્યે પોતાના જીવનનો હિસાબ કેમ ન કરવો જોઈએ? દિવસના અંતે જો તે પોતાને માત્ર એટલું પૂછે કે, આજે મેં શું મેળવ્યું અને શું ગુમાવ્યું? કોને પ્રસન્ન કર્યો અને કોનું હૃદય દુભાવ્યું? તો તેની આવતીકાલ નિશ્ચિતપણે આજ કરતાં વધુ ઉત્તમ બનશે. પ્રકૃતિ પણ આપણને આ જ પાઠ શીખવે છે. જંગલનો સિંહ માત્ર બળવાન હોવાથી રાજા કહેવાતો નથી. તે છલાંગ લગાવતાં પહેલાં થોડો સમય થોભે છે, ચારે તરફ નજર કરે છે, પરિસ્થિતિનું સૂક્ષ્મ અવલોકન કરે છે અને પછી જ આગળ વધે છે. તેનું આ થોભવું તેની નબળાઈ નહીં, પરંતુ તેની સૌથી મોટી શક્તિ છે. જે વિચાર્યા વિના દોડે છે તે પડી જાય છે, જ્યારે જે જોઈ-વિચારીને આગળ વધે છે તે જ પોતાના લક્ષ્ય સુધી પહોંચે છે. મહંત સ્વામી મહારાજ સમજાવે છે કે આજના મનુષ્ય પાસે સમગ્ર દુનિયાને જોવાનો સમય છે, પરંતુ પોતાને જોવાનો સમય નથી. તે બીજાના દોષો શોધવામાં અત્યંત કુશળ છે, પરંતુ પોતાના દોષોની બાબતમાં અંધ બની જાય છે. બીજાની ભૂલોમાં તે કઠોર ન્યાયાધીશ બની જાય છે, જ્યારે પોતાની ભૂલો માટે કુશળ વકીલ બની જાય છે. આ જ વૃત્તિ તેના વિકાસમાં સૌથી મોટો અવરોધ બને છે. જે વ્યક્તિ પોતાના દોષોને સ્વીકારી શકતો નથી, તે તેમને ક્યારેય દૂર પણ કરી શકતો નથી.

આધ્યાત્મિક માર્ગ તો અંતર્દૃષ્ટિ વિના એક પગલું પણ આગળ વધી શકતો નથી. સાધનાનું પ્રથમ સોપાન પોતાના ગુણો અને દોષોનું નિષ્પક્ષ અવલોકન છે. દરરોજ પોતાના અંતરમાં ઊતરીને જોવું કે આજે અહંકાર કેટલો વધ્યો, ક્રોધ ક્યાં પ્રગટ થયો, લોભે ક્યારે મનને ચંચળ બનાવ્યું અને પ્રેમ, કરુણા, નમ્રતા તથા સેવાના ગુણોમાં કેટલી વૃદ્ધિ થઈ ?... આ જ સાચી સાધના છે. જે પોતાના દોષોને ઓળખી લે છે, તે તેમને દૂર કરવાનો માર્ગ પણ શોધી લે છે. જે રોગનું યોગ્ય નિદાન થઈ જાય, તેની સારવાર મુશ્કેલ રહેતી નથી.

ભગવાન સ્વામિનારાયણે પણ અંતર્દૃષ્ટિ પર વિશેષ ભાર મૂક્યો છે. સંતોએ આત્મનિરીક્ષણને જીવનનું દર્પણ કહ્યું છે. દર્પણ ચહેરા પરની ધૂળ બતાવે છે, પરંતુ તેને દૂર કરતું નથી; ધૂળ દૂર કરવાની જવાબદારી તો મનુષ્યે પોતે જ નિભાવવાની હોય છે. તેવી જ રીતે અંતર્દૃષ્ટિ આપણને આપણા દોષોનો પરિચય કરાવે છે, પરંતુ તેમને દૂર કરવાનો પુરુષાર્થ તો આપણે જ કરવો પડે. માત્ર પસ્તાવો પૂરતો નથી; પરિવર્તન આવશ્યક છે. આત્મચિંતન જો આચરણમાં ન ઊતરે, તો તે માત્ર વિચાર-વિલાસ બનીને રહી જાય છે.

આજે મનુષ્ય ચંદ્ર સુધી પહોંચી ગયો છે, પરંતુ પોતાના અંતઃકરણ સુધી પહોંચવાનો માર્ગ ભૂલી ગયો છે. તેથી જીવનની દરેક સંધ્યા આપણને એક મૌન સંદેશ આપે છે; થોડો સમય થોભો, પોતાને વાંચો અને આવતીકાલનું નવું જીવન ઘડો. જે વ્યક્તિ દરરોજ પોતાના જીવનનો નિષ્પક્ષ હિસાબ કરે છે, તે જ પોતાના ભવિષ્યનો સાચો સર્જક બને છે. અંતર્દૃષ્ટિ માત્ર પાછળ જોવાની પ્રક્રિયા નથી; તે તો ભવિષ્યના માર્ગને પ્રકાશિત કરતો દીપક છે. જે પોતાના અંતરના અંધકારને ઓળખી લે છે, તેના જીવનમાં પ્રકાશનો સૂર્યોદય નિશ્ચિત બને છે. ■




ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# પુણેના શ્રીમંત દગડુશેઠ હલવાઇ ગણપતિ



પુણે શહેરના હાર્દ સમા વિસ્તારમાં દગડુશેઠ હલવાઇ ગણપતિનું મંદિર આવેલું છે. આખા વર્ષ દરમિયાન અહીં લાખો લોકો દર્શને આવે છે અને ગણેશોત્સવના ૧૦ દિવસ દરમિયાન અહીં ભક્તોની ખૂબ જ ભીડ જોવા મળે છે. આ દગડુશેઠના ગણપતિ વિશ્વપ્રસિદ્ધ છે અને અહીંની મૂર્તિને ‘નવસાચા ગણપતિ’ પણ કહેવામાં આવે છે. નવસાચા ગણપતિ એટલે કે માનતાના ગણપતિ. અહીં આવનારા ભક્તો ગણપતિ દર્શન કર્યા પછી કોઇને કોઇ માનતા માને છે અને તેમની માનતા પૂરી થઇ જાય તો તેઓ અહીં ફરી દર્શને આવે છે.

ગણેશોત્સવના ૧૦ દિવસ તો ઠીક પણ અહીં આખું વર્ષ ભક્તજનોની અવરજવર રહે છે. આ મંદિરનું બાંધકામ એવી રીતે કરવામાં આવ્યું છે કે રસ્તા પરથી જતાં-આવતાં પણ આ ગણપતિના આસાનીથી દર્શન કરી શકાય છે. સન ૧૮૯૦ની સાલમાં પુણેમાં દગડુશેઠની મીઠાઇની દુકાન હતી. આ દુકાન અત્યારે પુણેમાં દત્ત મંદિર નજીક હજી પણ આવેલી છે અને તેનું નામ ‘દગડુશેઠ હલવાઇ સ્વીટ્સ’ છે.

તે સમયે પૂણેમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. દગડુશેઠ અને પત્ની લક્ષ્મીબાઇને એકમાત્ર પુત્ર હતો. ૧૮૯૨ની સાલમાં પુણેમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો હતો અને તેમના આ પુત્રનું અવસાન થયું હતું. ત્યારે એક મહારાજે પુત્રની યાદમાં પુણેમાં એક ગણપતિનું મંદિર સ્થાપવાની સલાહ આપી. થોડા સમય પછી દગડુશેઠે પોતાના ભત્રીજા ગોવિંદ શેઠને દત્તક લીધો હતો.

દગડુશેઠે જે મંદિર બનાવ્યું હતું અને તેમાં જે ગણપતિની મૂર્તિની સ્થાપના કરી હતી, તે ગોવિંદ શેઠે હટાવીને તેના સ્થઆને નવી મૂર્તિની સ્થાપના કરી તે અત્યારે આ મંદિરમાં બિરાજમાન છે અને દગડુ શેઠે જે મૂર્તિ સ્થાપી હતી તે અત્યારે પુણેમાં આવેલા અકરા મારુતિ ચોકના મંદિરમાં છે. દગડુ શેઠ પોતે એક હલવાઇની સાથે જ પહેલવાન પણ હતા.

ગોવિંદ શેઠે ત્યાર પછી મંદિરમાં ગણેશ ઉત્સવ, દત્ત જયંતી અને બીજા તહેવારો ઉજવવાની શરૂઆત કરી હતી. દગડુશેઠ અને તેમનાં પત્ની લક્ષ્મીબાઇ રહેતાં હતાં તે મકાન જ્યાં હતું. એ વિસ્તારને પુણેમાં લક્ષ્મીરોડ તરીકે ઓળખવામાં આવે છે અને એ મકાન લક્ષ્મીબાઇ દગડુશેઠ હલવાઇ સંસ્થાન દત્ત મંદિર ટ્રસ્ટને નામે ઓળખાય છે.

ગોવિંદ શેઠનું ૧૯૪૩માં મૃત્યુ થયું અને ૧૯૨૬ના તેમના ઘરે જન્મેલા દત્તાત્રેય ગોવિંદરામ શેઠ આ મંદિરમાં જે મૂર્તિ હતી એની જગ્યાએ નવી મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી. અત્યારે મંદિરમાં બિરાજમાન ગણપતિની મૂર્તિ છે એ દત્તાત્રેય સ્થાપેલી મૂર્તિ છે અને એ ‘નવસાચા ગણપતિ’ તરીકે ઓળખાય છે.

૧૨૮ વર્ષથી અહીં કાયમી ગણેશોત્સવ મોટા પાયે ઉજવવામાં આવે છે. ૨૦૨૦માં કોરોનાને કારણે પહેલીવાર અહીં ઉત્સવ મનાવવામાં આવ્યો નહોતો. આ મંદિરની રચના એ રીતે કરવામાં આવી છે કે મંદિરમાં જે પૂજાપાઠ થાય એ બહાર રસ્તા પરથી જોઇ શકાય અને મૂર્તિના દર્શન પણ કરી શકાય.

મંદિરમાં જે ગણપતિની મૂર્તિ છે ૨.૨મીટર ઊંચી અને એક મીટર પહોળી છે. આ મૂર્તિને બનાવતી વખતે અને પછી શણગારતી વખતે ૪૦ કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવે છે. આ મંદિરને જે ભેટ ચઢાવવામાં આવે છે અને જે ડોનેશન તેમને મળે છે તેની દેખરેખ શ્રીમંત દગડુ શેઠ હલવાઇ ગણપતી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે આ ગણપતી અને આ ટ્રસ્ટ એ મહારાષ્ટ્રમાં સૌથી શ્રીમંત ટ્રસ્ટમાંનું એક ગણાય છે.

અહીં ગણેશોત્સવ દરમિયાન ભજન સંધ્યા મહિલાઓ દ્વારા અથર્વશીર્ષના પાઠ, સંગીત સંધ્યા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ બધું આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે અને તેમાં આજુબાજુ મંદિરો પણ જોડાય છે. અહીં મહિલાઓ દ્વારા જે અથર્વશીર્ષના પાઠ કરવામાં આવે છે, તેમાં બહોળી સંખ્યામાં મહિલાઓ જોડાય છે અને તેની ઘણીવાર ગિનીઝ બુકમાં નોંધ લેવામાં આવી છે.

શ્રીમંત દગડુશેઠ હલવાઇ ગણપતિ ટ્રસ્ટ દ્વારા પુણેના કોંઢવા વિસ્તારમાં ‘ઘરડા ઘર’ ચલાવવામાં આવે છે, જેનું નામ ‘પિતાશ્રી’ રાખવામાં આવ્યું છે. આ ‘ઘરડા ઘર’ની સ્થાપના મે-૨૦૦૩માં કરવામાં આવી છે. ટ્રસ્ટની આ ઇમારતમાં જ ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓને રહેવાની પણ સગવડ છે. આ ૪૦૦ વિદ્યાર્થીઓનો ભણતરનો ખર્ચ, રહેવા - જમવાનો ખર્ચ બધું જ આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. આ ટ્રસ્ટ દ્વારા પુણે જિલ્લાના આદિવાસી વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને એમ્બ્યુલન્સની મફત સેવા પૂરી પાડવામાં આવે છે. મંદિરમાં ગણેશોત્સવ, દત્ત જયંતી, ગુડી પડવા અને રામનવમી જેવાં તહેવારો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

દગડુશેઠ હલવાઇના અત્યારના જે ગણપતિ છે અત્યાર સુધી દુનિયામાં એક માત્ર હતા. ગણેશોત્સવ દરમિયાન મૂર્તિકારો એવી મૂર્તિની રચના કરે છે, પણ એનું મંદિર નથી. જોકે થોડા સમય પહેલાં થાઇલેન્ડ ફુકેટમાં અદલ દગડુશેઠના ગણપતિ જેવી જ મૂર્તિની સ્થાપના કરીને મંદિર બનાવવામાં આવ્યું છે અને હાલમાં ત્યાં ગણેશોત્સવનું પહેલી જ વાર આયોજન કરવામાં આવ્યું છે.

જોકે, થાઇલેન્ડમાં સ્થાપવામાં આવેલી આ મૂર્તિની ખૂબ જ રોચક વાત છે. થાઇલેન્ડની એક મહિલા ઉદ્યોગપતિ ૨૦૦૫માં પુણેનાં ‘દગડુશેઠ હલવાઇના ગણપતિ’ના દર્શન કરવા આવી હતી. તે આ મૂર્તિ અને ગણેશની ભક્તિમાં એટલી ઓતપ્રોત થઇ ગઇ અને મોહિત થઇ ગઇ કે પછી દર મહિને તે થાઇલેન્ડથી આ મૂર્તિના દર્શન કરવા આવવા લાગી. તેની ઇચ્છા એવી હતી કે થાઇલેન્ડમાં પણ ‘શ્રીમંત દગડુશેઠ ગણપતિ’ની સ્થાપના કરવામાં આવે.

આ માટે તેણે ટ્રસ્ટનો સંપર્ક કર્યો. પણ ટ્રસ્ટે તેને એની સ્થાપના પરવાનગી ન આપી. જોકે, મહિલાની ભક્તિ જોઇને ટ્રસ્ટે કેટલાંક વર્ષો પછી એ અનુમતી આપી. હૂબહૂ પુણે જેવા ગણપતિ તૈયાર કરવામાં આવ્યા અને ૭૦૦ કિલો વજનની આ મૂર્તિ જહાજ દ્વારા થાઇલેન્ડ મોકલવામાં આવી અને પુણેના મંદિર જેવું જ મંદિર થાઇલેન્ડના ફુકેટમાં ઊભું કરવામાં આવ્યું છે. આમ, એક મહિલાની ભક્તિને કારણે થાઇલેન્ડમાં ‘શ્રીમંત દગડુશેઠ હલવાઇ’ના ગણપતિ બિરાજમાન થયા છે. ■




મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com

# ગણપતિના પ્રદર્શન નહીં દર્શન કરવાના હોય...

મુંબઈમાં ગણેશોત્સવ સમયે લાખો ભક્તો ગલીએ ગલીએ ગણેશજીની મૂર્તિના દર્શન કરવા નીકળતા હોય છે. સાર્વજનિક મંડળો દ્વારા મોટા મંડપોમાં પધરાવેલ ગણેરાજીના દર્શન કરવા લાંબી લાંબી લાઇનો લાગતી હોય છે. મૂર્તિ કેટલી મોટી અને ડેકોરેશન કેટલું ભવ્ય એવી અનેક ચર્ચાઓ લોકોમાં થતી હોય છે. વિવિધ મંડળો પણ લોકોનું ધ્યાન આકર્ષવા ભવ્ય મહાકાય મૂર્તિ માટે આગ્રહ રાખતા હોય છે. મૂર્તિની ઊંચાઈ બાબતે કાયમ હોડ લાગતી હોય છે . જાહેરાતો થતી હોય છે. ટૂંકમાં મૂર્તિઓના દર્શન નહીં પણ પ્રદર્શન થતા હોય છે. આમાં ક્યારેક ભૂલેશ્વરમાં બની તેવી મૂર્તિઓ લાવવા - લઈ જવા વખતે તૂટી પડવાની જીવલેણ દુર્ઘટનાઓ પણ ઘટે છે. ગયા વર્ષે અનેક મોટી મોટી મૂર્તિઓનું દરિયામાં વિસર્જન કરવા માટે ઘણી તકલીફો પડી હતી. મોટી મોટી મૂર્તિઓ દરિયામાં પધરાવી તો દેવાય છે પણ બીજે દિવસે દરિયા કિનારે જે ભાંગેલી - તૂટેલી, અડધી પીગળેલી, રસ્તે રઝળતી મૂર્તિઓ જોવા મળે છે એ જોઈને ખરેખર મન અશાંત થઈ જાય છે. જે મૂર્તિઓને દસ દિવસ સુધી ઉચ્ચ સન્માન આપ્યાં તેમની અગિયારમાં દિવસે આવી અપમાનજનક હાલત?

કળિયુગમાં દર્શનને બદલે પ્રદર્શનને વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે તેથી આવી ઘટનાઓ બને એ સ્વાભાવિક છે.

વેદકાળમાં પર્યાવરણની પૂજાનું વર્ણન છે અને તેની રક્ષા અંગે કરાતા યજ્ઞોનું વર્ણન છે. મૂર્તિપૂજાનું ચલણ તો પુરાણ કાળમાં વધ્યું. શિવ પુરાણ, વિષ્ણુ પુરાણ, કે પછી રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યોમાં શિવલિંગ કે વિવિધ અવતારોની મૂર્તિઓની પૂજાના ઉલ્લેખ મળી આવે છે પરંતુ એમાંય મૂર્તિઓ વિશાળ કાય હોય તો જ યોગ્ય દર્શન પૂજા કર્યા કહેવાય એવું ક્યાંય લખ્યું નથી.

મોટાભાગની પ્રજાને એ ખબર નથી કે જોવું કોને કહેવાય અને દર્શન કોને કહેવાય.

ચાલો આપણે સહુ પ્રથમ દર્શનની વ્યાખ્યા સમજીએ. દર્શન શબ્દનું મૂળ સંસ્કૃત ભાષાની ‘દૃશ’ ધાતુ છે, જેનો અર્થ ‘જોવું’ અથવા ‘નિહાળવું’ થાય છે. સંસ્કૃતમાં તેની વ્યુત્પત્તિ



**‘दृश्यते तत्वम अर्नन इति दर्शनम’** એવી થાય છે. અર્થાત્, જેના દ્વારા વસ્તુ કે સત્યનું તાત્ત્વિક (સાચું) સ્વરૂપ જાણી શકાય કે જોઈ શકાય તે ‘દર્શન’ છે.

આપણે જ્યારે કોઈ પણ મૂર્તિના દર્શન કરવા જઈએ છીએ ત્યારે તેમના રૂપ, રંગ, કદ કે વસ્ત્રભૂષા જ જોતા હોઈએ છીએ. આ માત્ર જોવાની ક્રિયા છે. આ પ્રદર્શન છે. દર્શન નથી. દર્શન એટલે તો તમે જે જુઓ છો તેનું સત્ય કે તેનું તત્ત્વ રૂપ જાણવું તે છે અને આ જાણવા માટે મૂર્તિઓના રૂપરંગ નહીં પણ તેમના ગુણતત્ત્વ જાણી આત્મસાત કરવા જોઈએ.

આ કાર્ય માટે માત્ર મૂર્તિ હોય એ જરૂરી છે. વિશાળકાય મૂર્તિ જરૂરી નથી. જે તે ભગવાનના કે અવતારના દિવ્ય ગુણોને આપણા જીવનમાં ઉતારીએ તો ખરા દર્શન કર્યા કહેવાય.

ઉદાહરણ તરીકે ગણપતિની મૂર્તિના દર્શન કરતા જ આપણને તેમના ગુણ ગ્રહણ કરવાનું ભાન થવું જોઈએ. તેમના મોટા કાન અને નાનું મોં શીખવે છે કે ચારે તરફથી જે કંઈ ખબર આવે છે એ સાંભળો ખરા પણ બોલવામાં સંયમ રાખો. તેમની ઝીણી આંખો સૂચવે છે કે કોઈ પણ વસ્તુ કે ઘટનાનું બારીકાઈથી નિરીક્ષણ કરો. તેમનું મોટું પેટ સૂચવે છે કે ઉદાર બનો. તેમની સૂંઢ અર્થાત્ લાંબું નાક સૂચવે છે કે તમારી આસપાસની પરિસ્થિતિને બરાબર સૂંઘી લેતા આવડવું જોઈએ અને તે પ્રમાણે નિર્ણય લેવા જોઈએ. તેઓ ઉંદર પર સવાર છે એ સૂચવે છે કે અજ્ઞાન રૂપી અંધકાર પર જ્ઞાન રૂપી પ્રકાશ થકી વિજય મેળવો અને પ્રગતિ કરો. તેમને ચઢાવાતી દૂર્વા અને લાડુ મોદકના પ્રસાદ સૂચવે છે કે ભાદરવાની રોગિષ્ટ ગરમીમાં ઠંડક મળે તેવા સાત્ત્વિક ભોજન કરો. ઘી, ગોળ, ઘઉં અને નાળિયેર જેવાં ફળોમાંથી લાડવા કે મોદક બને છે એ ખરેખર તનમનને ઠંડક આપે એવા અને ગણપતિ જેવા બુદ્ધિ વધારે તેવા સાત્ત્વિક પ્રસાદ છે.

આ સમય ચાતુર્માસનો છે એટલે ધર્મકાર્યમાં ધ્યાન રહે એ માટે કાંદા લસણ જેવા તામસી ખોરાકનો ત્યાગ કરવો જોઈએ,પરંતુ થાય છે ઉલટું ગણપતિની સામે બેસીને ભેળ પૂરી, વડા -પાંઉ જેવા કાંદાલસણ યુક્ત ખોરાક લોકો હોંશે હોંશે ખાતા હોય છે. તામસી ખોરાક પર દસ દિવસ પૂરતો પણ સંયમ રાખી શકતા નથી. ગણપતિનું હાથી સ્વરૂપ શાકાહારનું સેવન સૂચવે છે. હાથી ભૂખ્યો રહે પણ માંસ નથી ખાતો. છતાંય બળ - બુદ્ધિમાં નંબર વન છે. આવા ગુણો યાદ રાખવાને બદલે આજની પેઢી માંસાહાર કરવામાં પણ છોછ નથી અનુભવતી. હાથી જેવા અહિંસક ગણપતિ રૂપના દર્શન તો નામ પૂરતા જ થાય છે. જંગલી પશુને શરમ આવે એવી હિંસાખોરી માણસોમાં વધતી જાય છે.

આવું બધું એટલા માટે થાય છે કે આપણે દેવોના સાચા અર્થમાં ગુણો કે તત્ત્વોને ગ્રહણ કરીને દર્શન નથી કર્યા માત્ર પ્રદર્શન જ કર્યા છે. મૂર્તિઓની સાઈઝ વધારતા જઈને ખરેખર તો દેખાડી દેવાની ભાવના અને અહંકાર જ વધારતા જઈએ છીએ.

વળી શાસ્ત્રો તો કહે છે કે મૂર્તિપૂજા તો શરૂઆતની અવસ્થા છે પછી તો ધીરે ધીરે ધ્યાન પૂજા કરવાની હોય. જેમ નીચલું ધોરણ છોડીને વિદ્યાર્થી ઉપલા ધોરણમાં જાય તેમ મૂર્તિપૂજાનું અવલંબન છોડી મનુષ્યે આંખ મીંચીને માત્ર ધ્યાન ધરીને જ જે તે દેવના ગુણ આત્મસાત કરવા જોઈએ. ધ્યાન પૂજા કરવી જોઈએ.

આનો સીધો અર્થ એ થયો કે મૂર્તિના કદ વધારવાને બદલે તે નજર સામે ન હોય તો પણ પૂજી શકાય એ જાતનું ધોરણ - એ પ્રકારની કક્ષા ખરેખર માણસે હાંસલ કરવી જોઈએ.

મૂર્તિના વધતા જતા કદ એ માત્ર પ્રદર્શન છે. દર્શન નથી.

ગણેશોત્સવના આ છેલ્લા દિવસોમાં તમે પણ વિચારી લેજો કે તમારે ગણેશજીના દર્શન કરવા છે કે પ્રદર્શન? ■




મહેશકુમાર મકવાણા
feedback@bombaysamachar.com

# પ્રિત્યું છે પૂરવની, નવીયું નહિ થાય નાથજી...

**મારું ચિત્તડું ચોરાયલ રે, મારું મનડું વીંધાયલ રે, કોડીલા વર કાનસે,**
**હરિ વિના મારે વાધેલ વ્રેહ ને વૈરાગે રે, ઓધાજી વાતું કે'ને કૈયે?**
**પ્રિત્યું છે પૂરવની, નવીયું નહિ થાય નાથજી, હો મેં વારી જાઉં,**
**છોડી નવ છૂટે, મરને જાય શરીર રે, ઓધાજી વાતું કે'ને કૈયે?**
**ધીરજને કેમ ધરીએ રે, વ્રેહમાં કેમ વિસરીએ, હો મેં વારી જાઉં,**
**તેણે કરી તપે અમારાં તન રે, ઓધાજી વાતું કે'ને કૈયે?**
**દિવસ જાય છે દોહ્યલા, જાણે જુગ જેવડા, હો મેં વારી જાઉં,**
**રુદન અમને કરતાં રજની વિતી જાય રે, ઓધાજી વાતું કે'ને કૈયે?**
**પ્રાણને પાંજરિયે રે હરિ, વળુંભી રહ્યા, હો મેં વારી જાઉં,**
**નેણે કાંઈ નિરખવા નંદકુમાર રે, ઓધાજી વાતું કે'ને કૈયે?**
**મોરારના સ્વામી, ગોપીજન વિનવે રે, હો મેં વારી જાઉં,**
**દર્શન અમને દેજો દીનદયાળ રે, ઓધાજી વાતું કે'ને કૈયે?**

ઉપરથી જોઈએ તો આ એક ગોપીના કૃષ્ણવિરહનું ભજન છે. કૃષ્ણ દૂર છે. ગોપીનું ચિત્ત એમણે ચોરી લીધું છે, મન વિરહમાં વીંધાયેલું છે અને આંખો એમનાં દર્શન માટે તરસે છે. પણ મોરારસાહેબના જીવનને સાથે રાખીને આ ભજન સાંભળીએ તો વિરહનો બીજો એક સૂર પણ સંભળાય છે. મોરાર માટે હરિ માત્ર વ્રજના નંદકુમાર નથી રહેતા; સદ્ગુરુ રવિસાહેબમાં પણ એ જ હરિનું તેજ ઝળહળે છે.

મોરારસાહેબે રવિસાહેબ પાસે દીક્ષા લીધી. શેરખીમાં ગુરુનું સાનિધ્ય મળ્યું અને પછી ગુરુઆજ્ઞાથી ખંભાલીડામાં આવીને સ્થાન જમાવ્યું. શરીર ખંભાલીડામાં આવી ગયું હશે, પણ ચિત્ત? એ તો ગુરુચરણોમાં જ રહી ગયું હશે. સદ્ગુરુથી દૂર રહેવું પડે ત્યારે શિષ્યના અંતરમાં જે તરસ જન્મે, જે સ્મરણ ઘેરું થતું જાય, જેની પાસે પાછા દોડીને જવાનું મન થાયએ ગુરુવિરહ પણ આ ભજનની ગોપીભાવની અંદરથી જાણે બોલતો સંભળાય છે. એટલે મારું ચિત્તડું ચોરાયલ રે, મારું મનડું વીંધાયલ રે ગોપીની ઉક્તિ હોવા છતાં તેમાં મોરારના પોતાના અંતરનો ધબકાર સાંભળવાનું મન થાય છે.

ભક્તિની આ જ વિશેષતા છે. હરિનો વિરહ હોય કે ગુરુનો, અંતરમાં થતી અસર ઘણી વાર એક જ હોય છે. જેને પોતાનું માન્યું હોય એ દૂર થાય ત્યારે એની ગેરહાજરી કરતાં એની હાજરી વધારે અનુભવાય છે. સામે નથી, છતાં બધે એ જ દેખાય. સાથે નથી, છતાં મન એની પાસેથી પાછું આવતું નથી. કૃષ્ણભક્તિમાં વિરહનું પોતાનું એક સ્થાન છે. મળવું જેટલું મહત્ત્વનું છે એટલું જ ક્યારેક ન મળવું. મળીએ ત્યારે આનંદ થાય. ન મળીએ ત્યારે સ્મરણ ઘેરું થાય. અહીં ગોપી એ જ વિરહમાં છે. કૃષ્ણ સામે નથી, પણ મનમાં છે. અને મનમાં છે એટલે જ શાંતિ નથી.

પ્રથમ જ પંક્તિમાં કહે છે, મારું ચિત્તડું ચોરાયલ રે. કૃષ્ણને ચોર કહ્યો છે. માખણચોર તો એ છે જ. પણ અહીં માખણ નથી ચોર્યું. ચિત્ત ચોર્યું છે. ચિત્ત ચોરાય પછી માણસ પોતાનો કેટલો રહે? પછી કહે છે, મારું મનડું વીંધાયલ રે. ચોરી કરી એટલું પૂરતું નહોતું. મનને વીંધ્યું પણ છે. ચિત્ત લઈ લીધું અને ઘા મૂકી દીધો.

કૃષ્ણને કોડીલા વર કહે છે. અહીં ઈશ્વર સાથેનો સંબંધ ભયનો નથી. પ્રેમનો છે. વર છે એટલે એ પોતાનો છે. પણ કૃષ્ણ એવા પોતાના છે કે કોઈ એકના થઈને રહે નહીં. એ ગોપીના છે, યશોદાના છે, નંદના છે, આખા ગોકુળના છે. ભક્તિમાં ઈશ્વરને પોતાનો માનવો પડે. પણ માત્ર પોતાનો કરી મૂકવો નહીં.

હરિ વિના વ્રેહ વધ્યો છે. સાથે વૈરાગ્ય પણ. પ્રેમ અને



વૈરાગ્ય સામસામે લાગે. અહીં સાથે છે. કૃષ્ણ માટેની પ્રીતિ વધે એટલે બીજામાંથી મન ઊઠે. જે મન એકમાં ભરાઈ ગયું એને બીજા માટે જગ્યા કેટલી રહે? વૈરાગ્ય એટલે જગતનો તિરસ્કાર નહીં. એકના પ્રેમમાં બીજું ફિક્કું પડી જાય એ પણ વૈરાગ્ય. ઓધાજી વાતું કે'ને કૈયે? આ પંક્તિ ફરીફરી આવે છે. વિરહમાં સૌથી મોટી મુશ્કેલી એ કે વાત કોને કહેવી? જે સમજે એને કહીએ. પણ જે સમજે એ જ દૂર હોય તો? ઓધવ કૃષ્ણના સખા છે. એટલે ગોપીને લાગે કે ઓધવને કહીએ તો કદાચ વાત કૃષ્ણ સુધી પહોંચે. પણ કેટલીક વાત પહોંચાડવાની નથી હોતી. અનુભવવાની હોય છે. ઘાયલની ગત ઘાયલ જાણે. વિરહની ગત વિરહી જાણે.

પછી કહે છે, પ્રિત્યું છે પૂરવની. આ પ્રીતિ હમણાંની નથી. નવીયું નહિ થાય નાથજી. જે પ્રેમને શરૂઆત યાદ ન હોય એની અંતની વાત પણ શું કરવી? ગોપીને લાગે છે કે આ સંબંધ ઘણો જૂનો છે. કદાચ જન્મથી પણ જૂનો. ભક્તને ઈશ્વર મળ્યા પછી ઘણી વાર એવું લાગે કે આપણે એને નવા મળ્યા નથી. ઓળખાણ તો ક્યાંક પહેલેથી હતી. છોડી નવ છૂટે. છોડવું હોય તો પણ ન છૂટે. આ સામાન્ય દોરી નથી. શરીરની દોરી છૂટે તો છૂટે. એટલે આગળ કહે છે, મરને જાય શરીર. શરીર જાય પણ પ્રીતિ ન જાય. શરીરનો અંત છે. પ્રેમનો ક્યાં અંત છે?

ધીરજની વાત આવે છે. ધીરજને કેમ ધરીએ રે? બહારથી કહેવું સહેલું છે કે ધીરજ રાખો. પણ પ્રિયતમ વગર ધીરજ રાખવી કેવી રીતે? ધીરજ કોઈ કપડું નથી કે ઓઢી લઈએ. મનની સ્થિતિ છે. મન તો કૃષ્ણ પાસે છે. પછી ધીરજ ક્યાંથી લાવવી? વ્રેહમાં કેમ વિસરીએ? આ તો વધુ કઠિન પ્રશ્ન છે. વિરહનો એક ઉપાય ભૂલવું હોઈ શકે. પણ ગોપીને ભૂલવું જ નથી. દુઃખમાંથી છૂટવું છે, કૃષ્ણમાંથી નહીં. પ્રેમની આ મોટી વાત છે. જેની યાદથી દુઃખ થાય છે એની જ યાદ છોડવી નથી.

કહે છે, તેણે કરી તપે અમારાં તન. વિરહ પહેલા મનમાં હતો. હવે શરીરમાં ઊતર્યો. તન તપે છે. તપવું એટલે બળવું પણ અને તપસ્યા કરવી પણ. ગોપીનું શરીર વિરહમાં તપે છે અને એ જ એની તપસ્યા બની જાય છે. ઈશ્વરને પામવા માટે જંગલમાં જવું જ પડે એવું નથી. ક્યારેક પ્રીતિ જ તપ છે.

દિવસ જાય છે દોહ્યલા. દિવસ સામાન્ય રીતે ચોવીસ કલાકનો. પણ મનની ઘડિયાળ જુદી છે. આનંદમાં દિવસ પળ જેવો. વિરહમાં પળ પણ દિવસ જેવી. એટલે કહે છે, જાણે જુગ જેવડા. સમય ઘડિયાળથી મપાતો નથી. મનથી પણ માપાય છે. રાત પડે એટલે કદાચ શાંતિ મળે. પણ અહીં રાત પણ રુદનમાં જાય છે. રુદન અમને કરતાં રજની વિતી જાય. રાત ઊંઘ માટે હતી. હવે રડવા માટે છે. આંખને ઊંઘ નથી. કારણ કે આંખને કંઈ બીજું જોઈએ છે. નંદકુમાર જોઈએ છે. અહીં આંખ બહુ મહત્ત્વની છે. આંખ રડે છે અને આંખ જ દર્શન માંગે છે. દુઃખ પણ એનું અને આશા પણ એની.

પછી કહે છે, પ્રાણને પાંજરિયે રે હરિ, વળુંભી રહ્યા. કેટલું સુંદર શબ્દચિત્ર! શરીર જાણે પાંજરું. એ પાંજરામાં પ્રાણ. અને પ્રાણમાં હરિ. બહાર કૃષ્ણ દેખાતા નથી પણ અંદર વળુંભી રહ્યા છે. એટલે ગોપી કૃષ્ણથી ખાલી નથી. ઊલટું કૃષ્ણથી ભરેલી છે. આ જ તો વિરહની વિસંગતિ છે. જે બહાર નથી એ અંદર બધે છે. પણ અંદરની હાજરી પૂરતી નથી. નેણે કાંઈ નિરખવા નંદકુમાર. આંખને તો રૂપ જોઈએ. ભક્તિમાં ઈશ્વર નિરાકાર હોય એ એક વાત. પણ પ્રેમને ચહેરો ગમે. આંખને કમલનયન જોઈએ. કાનને વેણુનો સ્વર જોઈએ. મનને નામ જોઈએ. ભક્તિમાં જ્ઞાન પોતાની જગ્યાએ અને દર્શનની તરસ પોતાની જગ્યાએ.

અંતે ગોપીજન વિનવે છે. એક જ માગ. દર્શન અમને દેજો દીનદયાળ. ભક્તિમાં માગવાનું હોય તો શું માગવું? ગોપી ધન નથી માગતી. સુખ નથી માગતી. વિરહ દૂર કરો એવું પણ સીધું નથી કહેતી. દર્શન દેજો એમ કહે છે. કારણ કે મનનો માનેલો મળી જાય તો વિરહ ક્યાં રહે? પદમાં હો મેં વારી જાઉં પણ વારંવાર આવે છે. દુઃખ છે છતાં ઓવારી જાય છે. જેને કારણે મન તપે છે એના પર જ વારી જાય છે. આ ભક્તિની રીત છે. ફરિયાદ પણ એની પાસે. આશરો પણ એનો. વિરહ પણ એનો. મિલનની આશા પણ એની.

અને વારંવાર એ જ પ્રશ્ન, ઓધાજી વાતું કે'ને કૈયે? વાત તો કૃષ્ણની છે. વાત કૃષ્ણને જ કહેવાની છે. પણ કૃષ્ણ સામે નથી એટલે ઓધવને કહેવાય છે. ભજન પણ એવું જ હોય છે. જે વાત સીધી ઈશ્વરને ન કહી શકાય એ ગાઈને કહેવાની. આ ગોપી પણ ગાઈને કહે છે. રડીને કહે છે. વિનવીને કહે છે.

અંતે આખું ભજન એક જ તરસમાં સમાઈ જાય છે જેને હૃદયે સ્વીકાર્યો છે એના વગર જીવાતું નથી અને એને ભૂલાતો પણ નથી. વિરહ શરીરને તપાવે છે, સમયને લાંબો કરે છે, આંખોને રડાવે છે; છતાં પ્રેમ ઓછો થતો નથી, ઊલટો વધુ ઊંડો ઊતરતો જાય છે. ચિત્ત એક વાર ચોરાઈ ગયું પછી એને પાછું મેળવવાની ઇચ્છા પણ રહેતી નથી; હવે તો એક જ ઇચ્છા રહે છે જે ચિત્ત લઈ ગયો છે, એ જ એક વાર આંખ સામે આવી જાય. અને કદાચ અહીં જ ગોપીનો કૃષ્ણવિરહ અને મોરારનો ગુરુવિરહ એક થઈ જાય છે. નામ કૃષ્ણનું હોય કે સદ્ગુરુનું, પ્રેમની અંતિમ માગ તો એક જ છે દર્શન. હૃદયમાં જે અવિરત વસે છે, એને આંખો પણ એક વાર જોઈ લે. એટલે અંતે ગોપીની પ્રાર્થના માત્ર ગોપીની રહેતી નથી; દરેક વિરહી ભક્તની બની જાય છે દર્શન અમને દેજો દીનદયાળ. ■

# જાપાનમાં અમદાવાદની મહિલા શૂટરે ભારતની આબરૂ સાચવી

**ભારતને રવિવારે માત્ર બે ચંદ્રક મળ્યા અને એ બન્ને એલવેનિલ વલરિવને જીત્યા**



(ડાબેથી) શૂટર વિદર્સા વિનોદ, સોનમ મસ્કર અને એલવેનિલ વલરિવન. (પીટીઆઇ)

નાગોયા (જાપાન): ભારતની ટોચની મહિલા શૂટર અને મૂળ હરિયાણાની મનુ ભાકરે જેમ ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતીને સનસનાટી મચાવી દીધી હતી એમ અમદાવાદની નિશાનબાજ એલવેનિલ વલરિવને રવિવારે જાપાનના નાગોયામાં એશિયન ગેમ્સના બે સિલ્વર મેડલ જીતીને ભારતની આબરૂ સાચવી લીધી હતી. એ સિવાય ભારતને રવિવારે કોઈ મેડલ નહોતો મળ્યો, પરંતુ મહિલા તથા પુરુષ હૉકીમાં ભારતની બન્ને ટીમે વિજય મેળવ્યો હતો, મહિલા ટી-૨૦ ક્રિકેટમાં ભારતની ટીમ ફાઇનલમાં પહોંચી હતી તેમ જ બૅડમિન્ટન તથા ટેબલ ટેનિસમાં પણ ભારતીયોએ સારી શરૂઆત કરી હતી.

૨૭ વર્ષની નિશાનબાજ એલવેનિલ મૂળ તમિળનાડુની છે, પરંતુ તેનો ઉછેર અમદાવાદમાં થયો હતો. તેના પિતા આર. વલરિવન પીએચ.ડી. સ્કોલર છે અને તેની મમ્મી ડૉ. સરોજા કૉલેજમાં શિક્ષિકા છે. એલવેનિલનો ભાઈ ભારતીય લશ્કરમાં અધિકારી છે. એલવેનિલ પાછલી બે એશિયન ગેમ્સમાં એકેય મેડલ નહોતી જીતી શકી, પણ આ વખતે પહેલા જ દિવસે એક ઝાટકે બે ચંદ્રક જીતી લીધા. ચીન ૧૧ ગોલ્ડ સહિત કુલ ૨૦ મેડલ સાથે મોખરે છે, જ્યારે જાપાન છ ગોલ્ડ સહિત ૨૦ મેડલ સાથે બીજા નંબરે છે. ભારત રવિવારે માત્ર બે સિલ્વર સાથે ૧૦મા ક્રમે હતું.

૨૦૨૫ની વર્લ્ડ ચૅમ્પિયનશિપની બ્રૉન્ઝ મેડલિસ્ટ એલવેનિલે મહિલાઓની ૧૦ મીટર ઍર રાઇફલ ઇવેન્ટમાં ૨૫૨.૪ પૉઇન્ટ સાથે સિલ્વર મેડલ જીતી લીધો હતો. તે ગોલ્ડ મેડલ જીતનાર જાપાનની હિનાતા તાઇચી કરતાં માત્ર ૦.૬ પૉઇન્ટ પાછળ રહી હતી. એ પહેલાં, એલવેનિલે સોનમ મસ્કર તથા વિદર્સા વિનોદ સાથે મળીને શૂટિંગની ટીમ સ્પર્ધામાં ભારતને રજતચંદ્રક અપાવ્યો હતો.



અમદાવાદની એલવેનિલ વલરિવન

### વડા પ્રધાન મોદીના અભિનંદન

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની મહિલા શૂટિંગ ટીમને અને ખાસ કરીને એલવેનિલ વલરિવનને સોશ્યલ મીડિયા પર હાર્દિક અભિનંદન આપ્યા હતા અને ભવિષ્ય માટે શુભેચ્છા આપી હતી.

### એમએમએમાં સુચિકા બ્રૉન્ઝ તો જીતશે જ

સ્ટ્રાઇકિંગ, ટેકડાઉન, ગ્રૅપલિંગ અને ગ્રાઉન્ડ ફાઇટિંગનો સમાવેશ ધરાવતી મિક્સ્ડ માર્શલ આર્ટસ (એમએમએ)માં ભારતની ૩૬ વર્ષની સુચિકા તારિયાલે ૬૦ કિલો વર્ગમાં મોંગોલિયાની બૈગલમાને ૨-૦થી હરાવીને સેમિ ફાઇનલમાં પહોંચી હતી અને ટૂર્નામેન્ટના નિયમ અનુસાર સેમિમાં હારી જનાર સ્પર્ધકને બ્રૉન્ઝ મળશે એ જોતાં સુચિકા આ સ્પર્ધામાં ઓછામાં ઓછો બ્રૉન્ઝ મેડલ તો જીતશે જ.

એશિયન ગેમ્સની ટેબલ ટેનિસમાં ભારતના પુરુષો અને મહિલાઓ, બન્ને વર્ગની ટીમે વિજયી શરૂઆત કરી હતી. બૅડમિન્ટનમાં પી. વી. સિંધુ, ઉન્નતિ હૂડા તથા તન્વી શર્માની ટીમે કઝાખસ્તાનને ૩-૦થી પરાજિત કરીને ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ■

# શેફાલીની ઐતિહાસિક સેન્ચુરી, બર્થ-ડે ગર્લ નંદનીનો બોલિંગમાં તરખાટ

**ભારતીય મહિલા ટીમ તોતિંગ માર્જિનથી જીતીને ફાઇનલમાં, ગોલ્ડ મેડલ હાથવેંતમાંઃ નિર્ણાયક મુકાબલો**

નાગોયાઃ ભારતીય મહિલા ટીમે અહીં એશિયન ગેમ્સ ટી-૨૦ ટૂર્નામેન્ટની સેમિ ફાઇનલમાં બાંગ્લાદેશને ૧૧૪ રનના તોતિંગ તફાવતથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ગોલ્ડ મેડલ ભારતીય ટીમના હાથવેંતમાં છે. શેફાલી વર્મા (૧૦૦ અણનમ, ૪૯ બૉલ નવ છગ્ગા, ત્રણ ચોગ્ગા) સેમિ ફાઇનલની સુપરસ્ટાર ખેલાડી હતી. તે એશિયન ગેમ્સમાં સેન્ચુરી ફટકારનાર પ્રથમ મહિલા ક્રિકેટર તેમ જ જાપાનમાં સદી ફટકારનાર પ્રથમ બૅટર છે. તેણે ૪૯ બૉલમાં સૌથી ઝડપે સેન્ચુરી પૂરી કરવાના હરમનપ્રીતના ભારતીય વિક્રમની બરાબરી કરી છે. શેફાલી એક ટી-૨૦માં નવ સિક્સર ફટકારનાર વિશ્વની બીજી ખેલાડી અને ભારતની પ્રથમ પ્લેયર છે. તેણે હરમનપ્રીત (૨૦૧૮માં ન્યૂ ઝીલૅન્ડ સામે આઠ છગ્ગા)નો ભારતીય વિક્રમ તોડ્યો છે.

### સ્મૃતિના ૪,૭૮૮ રન મહિલાઓ-પુરુષોમાં હાઈએસ્ટ, નંદની હૅટ-ટ્રિક ચૂકી

સ્મૃતિ મંધાનાનાં ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં કુલ ૪,૭૮૮ રન થયા છે. તેણે ન્યૂ ઝીલૅન્ડની સુઝી બેટ્સ (૪,૭૫૮)નો વિશ્વવિક્રમ તોડ્યો છે. સ્મૃતિના ૪,૭૮૮ રન મહિલાઓ તેમ જ પુરુષો, બન્નેમાં સર્વોચ્ચ છે.



શેફાલી વર્મા



નંદની શર્મા

### શેફાલીની છેલ્લા બૉલે પ્રથમ સેન્ચુરી

એ પહેલાં, ભારતે પ્રથમ બૅટિંગ લઈને ચાર વિકેટે ૧૯૫ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશને જીતવા માટે ૧૯૬ રનનો લક્ષ્યાંક આપ્યો ત્યાર પછી બાંગ્લાદેશે નવ ઓવરમાં ફક્ત ૪૮ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. એ અગાઉ, ભારતની ઇનિંગ્સના છેલ્લા બૉલ પર શેફાલી વર્માએ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ફૉર્મેટમાં સેન્ચુરી પૂરી કરી હતી. બીજી ઓપનર સ્મૃતિ મંધાનાએ ૩૭ રન અને કેપ્ટન હરમનપ્રીત કૌરે ૪૦ રન બનાવ્યા હતા.

### નંદની શર્મા હૅટ-ટ્રિક ચૂકી

ભારતની જીતમાં પેસ બોલર નંદની શર્મા (૪-૦-૨૫-૩)નું યોગદાન જરાય ઓછું નહોતું. નંદનીએ રવિવારે જિંદગીના પચીસ વર્ષ પૂરાં કર્યાં હતાં અને તેને બક્ષિસના રૂપમાં ભારતની જીત મળી હતી. રવિવારે બાંગ્લાદેશ સામે નંદની શર્મા હૅટ-ટ્રિક ચૂકી ગઈ હતી. તેના ઉપરાંત સ્પિનર દીપ્તિ શર્માએ પણ ત્રણ વિકેટ તેમ જ બીજી સ્પિનર શ્રી ચરનીએ બે વિકેટ મેળવી હતી.

### ભારતીય ટીમનો સિક્સરનો વિક્રમ

મહિલાઓની એક આંતરરાષ્ટ્રીય ટી-૨૦માં ભારતે સૌથી વધુ ૧૨ સિક્સર ફટકારી. ભારતે વેસ્ટ ઇન્ડિઝનો (આયરલૅન્ડ સામેનો) અને બ્રાઝિલનો (મેક્સિકો સામેનો) ૧૧-૧૧ સિક્સરનો વર્લ્ડ રેકૉર્ડ તોડી નાખ્યો છે.

### શ્રીલંકા સામે ૧૦ દિવસમાં ફરી ફાઇનલ

બાંગ્લાદેશની ટીમ ૧૯૬ રનના લક્ષ્યાંક સામે માત્ર ૮૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. ફાઇનલમાં ભારતનો મુકાબલો શ્રીલંકા સામે થશે. ૧૦ દિવસમાં ભારત-શ્રીલંકા ફરી ફાઇનલમાં રમશે. રવિવાર, ૧૩મી સપ્ટેમ્બરે દુબઈમાં ભારતે શ્રીલંકાને એશિયા કપની ફાઇનલમાં હરાવ્યું હતું, જ્યારે રવિવાર, ૨૦મી સપ્ટેમ્બરે ભારતે એશિયન ગેમ્સની ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. આ ફાઇનલ મંગળવાર, બાવીસમી સપ્ટેમ્બરે (સવારે ૧૦.૩૦ વાગ્યાથી) રમાશે. ■

# મેદાન પર ટ્રાઉઝર ઉતારીને ટુવાલની જેમ ગળામાં વીંટાળી દેવાની વૈભવ સૂર્યવંશીની આદત જતી જ નથી!

નવી દિલ્હીઃ ક્રિકેટની રમત ‘જેન્ટલમેન્સ ગેમ’ તરીકે જગવિખ્યાત છે અને એમાં ખેલાડીઓએ હંમેશાં મેદાન પર કે મેદાનની બહાર શિસ્ત જાળવવાની હોય છે અને જ્યારે ખેલાડી રાષ્ટ્ર વતી રમતો હોય ત્યારે તેણે આ બાબતમાં ખાસ તકેદારી રાખવી જોઈએ, પરંતુ ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી સર્વોચ્ચ સ્તરની મૅચો રમતો હોવા છતાં હજી ‘છોકરમત’માંથી બહાર નથી આવી શક્યો.

વાઇરલ થયેલા એક વીડિયો મુજબ તાજેતરમાં એક ઇન્ટરનૅશનલ મૅચ વખતે વૈભવે મેદાન પર ભારતીય ટીમના સાથીઓ જોડે આવતી વખતે અચાનક ટ્રાઉઝર ઉતારી નાખ્યું હતું અને પછી એને ટુવાલની જેમ ગળામાં વીંટાળીને ચાલતી પકડી હતી. બીજા બધા ખેલાડીઓ ટ્રાઉઝરમાં હતા, જ્યારે એકલો વૈભવ હાફ પૅન્ટમાં હતો.

વૈભવની આગળ શિવમ દુબે ચાલી રહ્યો હતો. વૈભવ કતારમાં મેદાન પર આવી રહ્યો હતો, પણ અચાનક તે ઊભો રહી ગયો હતો, ટ્રાઉઝર ઉતારી નાખ્યું હતું. તેની આ ઓચિંતી હરકતથી પાછળ આવી રહેલો પેસ બોલર યશ ઠાકુર ચોંકી ગયો હતો. અભિષેક શર્મા તેમ જ તિલક વર્મા પણ તેની પાછળ હતા અને તેમને પણ નવાઈ લાગી હતી.

એપ્રિલમાં આઇપીએલની એક મૅચ બાદ રાજસ્થાન રૉયલ્સના વૈભવ સૂર્યવંશીએ અવૉર્ડ વિતરણ સમારોહમાં પુરસ્કાર સ્વીકારીને પાછા આવ્યા બાદ મેદાન પર જ પૅન્ટ ઉતારી દીધું હતું. તે હાફ પૅન્ટમાં હતો અને કેટલાક લોકો તેની સામે જોયા કરતા હતા. પીઢ ક્રિકેટર સુનીલ ગાવસકર પણ નજીકમાં ઊભા-ઊભા તેની આ છોકરમત જોઈ રહ્યા હતા. વૈભવે ટ્રાઉઝરને ટુવાલની જેમ ગળામાં વીંટાળી દીધું હતું. ■



# હૉકી પ્લેયર દીપિકાનો આઠ ગોલનો વિક્રમ, ભારત ૧૯-૦થી જીત્યું

કાકામીગાહારા (જાપાન): ભારતની મહિલાઓએ એશિયન ગેમ્સ હૉકીમાં ધમાકેદાર શરૂઆત કરી છે. સલીમા ટેટેના નેતૃત્વમાં ભારતે ગઈ કાલે ઉઝબેકિસ્તાનને ૧૯-૦ના વિક્રમજનક માર્જિનથી હરાવ્યું હતું. દીપિકા સેહરાવત નામની ખેલાડીએ આઠ ગોલ કર્યા હતા અને એશિયન ગેમ્સની એક મૅચમાં ભારતીય મહિલા ખેલાડીઓમાં આ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. બાવીસ વર્ષીય ડ્રૅગ-ફ્લિક સ્પેશ્યલિસ્ટ દીપિકાએ ગોલનો વરસાદ વરસાવ્યો હતો. આઠ, બાવીસ, પચીસ, તેત્રીસ, છત્રીસ, આઠત્રીસ, એકતાલીસ અને ચોપ્પનમી મિનિટમાં ગોલ કર્યા હતા. મિડફીલ્ડર ઇશિકા ચૌધરીએ ત્રણ ગોલ કર્યા હતા, જ્યારે નવનીત કૌર તથા લાલથન્ગલૉન્ગીએ બે-બે ગોલ તેમ જ સાક્ષી રાણા, લાલરેસિયામી, બલજિત કૌર તેમ જ નેહાએ એક-એક ગોલ કર્યા હતા.

### પુરુષોમાં ભારત ૧૩-૧થી જીત્યુ

ભારતની મેન્સ હૉકી ટીમે અહીં રવિવારે એશિયન ગેમ્સમાં ઇન્ડોનેશિયાની ટીમને ૧૩-૧થી પરાજિત કરીને પૂલ-એમાં ધમાકેદાર આરંભ કર્યો છે. દિલપ્રીત સિંહ નામના સ્ટ્રાઇકરે ચાર ગોલ કરીને સૌના દિલ જીતી લીધા હતા. તેની ખાસિયત એ હતી કે તેનો એકેય ગોલ કૉર્નરમાં નહોતો મળ્યો, પરંતુ ચારેય ગોલ ફીલ્ડ ગોલ હતા. ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| દાતા | દેવ |
| દાન | યાચક |
| દાની | ભાઈબાપા |
| દાનવ | કંજૂસ |
| દાદાગીરી | ભેટ |

### માતૃભાષાની મહેક

કવિતાની બે પંક્તિ વાર્તા કે નિબંધની બાવીસ પંક્તિઓ સામે બળુકી પુરવાર થાય છે. તન કી જાણે, મન કી જાણે, જાણે ચિત્ત કી ચોરી, વહાં કે આગે કૌન છુપાવે, જાકે હાથ મેં દોરી. આ પંક્તિઓમાં તત્ત્વજ્ઞાન નજરે પડે છે. કોઈ માણસ પોતાનું શારીરિક દરદ છુપાવે તો કોઈ મનની વાત કળાવા ન દે અને કોઈ વળી ખોટા વિચારો ઉઘાડા ન પડી જાય એની તકેદારી રાખે.

### ગુજરાત મોરી મોરી રે

પિતૃ તર્પણ, શ્રાદ્ધ વિધિ, અસ્થિ વિસર્જન જેવી ધાર્મિક વિધિઓ માટે પ્રખ્યાત અને ગુજરાતનું કાશી તરીકે ઓળખાતી જગ્યા કઈ?

અ) વલ્લભીપુર બ) વઢવાણ
ક) બારડોલી ડ) ચાણોદ

### ઈર્શાદ

*મૂરખને મોભો નહીં,*
*કાસદને નહીં થાક,*
*નિંદકને લજ્જા નહીં,*
*નકટાને નહીં નાક.*

– લોક રચના

### શબ્દલાલિત્ય - કાન્તા વોરા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | ૫ | |
| | | ૬ | | | | | | | |
| | | ૭ | | | | ૮ | | | |
| ૯ | ૧૦ | | | | ૧૧ | | | | ૧૨ |
| | ૧૩ | | | ૧૪ | | | | ૧૫ | |
| ૧૬ | | | ૧૭ | | | | ૧૮ | | |
| | | | | | | ૧૯ | | ૨૦ | ૨૧ |
| | ૨૨ | | ૨૩ | | ૨૪ | | ૨૫ | | |
| | | | | | | ૨૬ | | | |
| ૨૭ | | | | | ૨૮ | | | | |

### આડી ચાવી

૧. વણમાગ્યું, જેની અપેક્ષા ન રાખી હોય તેવું (૫)
૪. કઠણપણું, ઠરેલપણું (૪)
૬. કામદેવની પત્ની (૨)
૭. બંધનમુક્ત (૩)
૮. હાથી (૩)
૯. દુબળા ઢોરને -- ઝાઝી (૨)
૧૩. પૃથ્વી (૨)
૧૪. ખાનગી, જાતને લગતું (૩)
૧૫. કવિતા (૩)
૧૬. જીસીકી --- ઉસકી ભેંશ (૨)
૧૭. વીતી ગયેલું (૩)
૧૮. ફરક, તફાવત (૨)
૨૦. અઠવાડિયાનો એક વાર (૨)
૨૨. બાળબચ્ચાં, ઓલાદ (૩)
૨૪. પ્રજા (૩)
૨૬. એક કઠોળ (૨)
૨૭. ગીરવી રાખ્યાનું લખાણ (૪)
૨૮. પારકાનું ભલું કરનાર (૫)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ડ | ૨ યં | ત્ર | | ૩ આ | ત્મ | ૪ નિ | ર્ભ | ૫ ર |
| ટ | | ત્ર | | ૬ નં | દિ | | ર્ધા | | જ |
| ૭ કો | ઠી | | ૮ ખે | | | ૯ પ | રિ | પા | ક |
| ણ | | ૧૦ આ | સ | ન | | ૧૧ હે | ત | | ણ |
| | ૧૨ કા | રી | | | ૧૩ શૂ | લ | | | |
| | | | ૧૪ ચ | ક્ષુ | | | ૧૫ ભોં | ડું | |
| ૧૬ આ | | ૧૭ હ | ર | | ૧૮ લ | ૧૮અ ક્ષ | ણ | | ૧૯ ફ |
| ૨૦ સ | બ | ર | સ | | | મા | | ૨૧ શો | ર |
| પા | | શે | | ૨૨ પા | રો | | ૨૩ ન | | મા |
| ૨૪ સ | મ | જ | દા | ર | | ૨૫ ધૂ | મ્ર | પા | ન |

### ઊભી ચાવી

૧. આશ્ચર્યકારક (૪)
૨. તજવીજ, ગોઠવણ (૩)
૩. રાજા (૪)
૪. સાવ, તદ્દન (૩)
૫. એક પક્ષી (૩)
૧૦. ગામડિયું, ગામડાનું (૩)
૧૧. રોનક (૩)
૧૨. નાણું, પૈસા (૨)
૧૪. છેલ્લું, છેવટનું (૩)
૧૫. બેત, પ્રબંધ (૩)
૧૬. ફાયદો (૨)
૧૯. લાભ, ફાયદો (૪)
૨૧. લાચારી (૪)
૨૨. સંગ્રહ (૩)
૨૩. નમેલું (૩)
૨૫. તાલાવેલી (૩)

### ઓળખાણ પડી?

૧૭મી સદીમાં બાંધવામાં આવેલું અને ગોવર્ધન પરિક્રમાના માર્ગમાં આવતું કુસુમ સરોવર ક્યા રાજ્યમાં છે એની ઓળખાણ પડી?



અ) ઓડિશા બ) મધ્ય પ્રદેશ ક) ગુજરાત ડ) ઉત્તર પ્રદેશ

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘અવેજ ખોયો આવશે’ પંક્તિમાં અવેજનો અર્થ શું થાય એ જણાવો.

અ) આળસ બ) હિંમત ક) મૂડી ડ) અવસર

### માઈન્ડ ગેમ

તિથિને અનુસરતા કેલેન્ડર અનુસાર શ્રાદ્ધના ભાદરવા મહિનાની સમાપ્તિ પછી કયા મહિનાની શરૂઆત થાય એ જાણો છો?

અ) કાર્તિક બ) શ્રાવણ ક) આસો ડ) પોષ

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | ૬ | ૪ | | |
| ૪ | | | ૩ | | ૭ | | | ૬ |
| | ૮ | ૩ | ૧ | | | | ૨ | |
| ૨ | | | | | | ૭ | | |
| | ૧ | | | ૭ | | | ૪ | |
| | | ૬ | | | | | | ૯ |
| | ૨ | | | | ૮ | ૯ | ૬ | |
| ૫ | | | ૬ | | ૨ | | | ૧ |
| | | ૮ | ૯ | | | | ૩ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૪ |
| ૭ | ૮ | ૫ | ૯ | ૧ | ૪ | ૩ | ૬ | ૨ |
| ૧ | ૬ | ૪ | ૨ | ૩ | ૫ | ૮ | ૭ | ૯ |
| ૩ | ૧ | ૭ | ૬ | ૯ | ૨ | ૪ | ૮ | ૫ |
| ૬ | ૪ | ૮ | ૧ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ |
| ૫ | ૯ | ૨ | ૪ | ૭ | ૮ | ૬ | ૩ | ૧ |
| ૪ | ૫ | ૧ | ૩ | ૮ | ૯ | ૭ | ૨ | ૬ |
| ૯ | ૭ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ | ૪ | ૮ |
| ૮ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ | ૯ | ૫ | ૩ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| દંભી | ટેકીલું |
| દક્ષ | ઠોઠ |
| દક્ષિણ | ઉત્તર |
| દખલ | અનુકૂળ |
| દગાબાજ | વિશ્વાસુ |

**ગુજરાત મોરી મોરી રેઃ** મહેમદાવાદ

**ઓળખાણ પડી?** ઈન્ડોનેશિયા

**માઈન્ડ ગેમ :** ગયા


**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** નાની

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા પટેલ (૨) તાહેર ઔરંગાબાદવાલા (૩) શીરીન ઔરંગાબાદવાલા (૪) મહેશ દોશી (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ભરત કજરીયા (૮) ભારતી બુચ (૯) ડો. પ્રકાશ કટકીયા (૧૦) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૧૧) ધીરેન્દ્ર મુલરાજ (૧૨) પ્રતીમા પમાણી (૧૩) ભામીની સંપટ (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) રસિક જૂઠાણી (ટોરન્ટો-કેનેડા) (૧૬) શ્રદ્ધા આશર (૧૭) ખુશરૂ કાપડીયા (૧૮) કમલ મટાલીયા (૧૯) લજીતા ખોના (૨૦) મીનળ કાપડીયા (૨૧) મહેશ એન. સંઘવી (૨૨) નેહુલ એમ. સંઘવી (૨૩) જ્યોતી ખાંડવાલા (૨૪) નિખિલ બંગાળી (૨૫) ભાવના કર્વે (૨૬) અમીશી બંગાળી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) નંદીલાલ એ. ગોઠી (૨૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૩૦) વીણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) અરવિંદ કામદાર (૩૩) અંજુ ટોલીયા (૩૪) મુલરાજ કપૂર (૩૫) ડાયના સંતોકે (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) જયવંત પદમશી ચિખલ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) અલકા વાણી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) હીનાબેન દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ

# સીસીટીવી કૅમેરામાં કેદ થયેલી કોસ્ટલ રોડ પરની અકસ્માતની ઘટના ફિલ્મી સ્ટન્ટ જેવી દેખાતી હતી

### બ્રિજની રૅલિંગ સાથે ઘસાઈને ઊછળેલી કાર હવામાં બે ગુલાંટ ખાઈ જમીન પર પટકાઈ






(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાલક્ષ્મી નજીક કોસ્ટલ રોડ પર રવિવારની વહેલી સવારે બનેલી અકસ્માતની ઘટનામાં બ્રિજ પરથી ઊછળેલી કાર સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. કોઈ ફિલ્મી સ્ટન્ટ જેવી દેખાતી ઘટનામાં કાર જમીન પર પટકાતાં પહેલાં હવામાં બેથી ત્રણ વાર ગુલાંટ મારતી ફૂટેજમાં નજરે પડે છે.

પોલીસના જણાવ્યા મુજબ મરીન ડ્રાઈવથી હાજી અલીની દિશામાં આવેલી ડીડી-૦૧-સી-૬૩૦૨ નંબરની બ્લૅક કલરની બીએમડબ્લ્યુ કાર એટલી તેજ ગતિથી દોડતી હતી કે બ્રિજની રૅલિંગ સાથે થોડે અંતર સુધી ઘસાઈ હતી. વળાંક પાસે રૅલિંગ સાથે ઘસાયા પછી કાર બ્રિજ પરથી ઊછળીને રસ્તા પર પડી હતી. આશ્ચર્યજનક રીતે બ્રિજની રૅલિંગ તૂટી નહોતી, પરંતુ કાર રૅલિંગ પરથી ઊછળી હતી.

અકસ્માતની આ ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. કૅમેરાનાં ફૂટેજ જોતાં ફિલ્મમેકર રોહિત શેટ્ટીની ફિલ્મના કોઈ દિલધડક સ્ટન્ટ જેવી દેખાતી હતી. રૅલિંગ કુદાવીને બ્રિજ પરથી લગભગ ૪૦ ફૂટ નીચે પડતી વખતે કારે હવામાં બેથી ત્રણ ગુલાંટ મારી હતી. જમીન પટકાયેલી કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

કાર એટલી જોરથી રૅલિંગ સાથે ઘસાઈ હતી કે વીજળીનો એક થાંભલો પણ તૂટી પડ્યો હતો અને સાઈનબોર્ડ તૂટી ગયું હતું. વિદ્યાર્થીઓ પાસેથી મળેલા આઈ કાર્ડને આધારે પોલીસે કૉલેજનો સંપર્ક સાધ્યો હતો. વિદ્યાર્થીઓના કૉલેજ ફ્રેન્ડ્સ નાયર હૉસ્પિટલમાં પહોંચ્યા હતા. પોલીસે તેમની પાસેથી વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ કારમાં હાજર ચાર વિદ્યાર્થી ધૈર્ય શેઠ (૧૭), આદિત્ય જકાસણિયા (૧૯), શનય ગજ્જર (૨૧) અને આદિત્ય ઓસવાલ (૨૩) ઘટનાની રાતે ક્યાં ફરીને દક્ષિણ મુંબઈ તરફ શા માટે આવ્યા હતા તેની તપાસ પોલીસ કરી રહી છે.

અકસ્માતમાં ધૈર્ય શેઠ, આદિત્ય જકાસણિયા અને શનય ગજ્જરનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે આદિત્ય ઓસવાલ ગંભીર રીતે ઘવાયો હતો.

### ગાર્ડન અને પાર્કિંગ એરિયાના બાંધકામના સ્થળે કાર પડી, નહીંતર...

કોસ્ટલ રોડ પર બ્રિજ પરથી ઊછળેલી કાર પાસેના ગાર્ડન અને પાર્કિંગ એરિયાના બાંધકામના સ્થળે પડી હતી, જેને કારણે કારમાં હાજર વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા હતા, પરંતુ કાર કોસ્ટલ રોડ પર જ અન્ય વાહનો પર પટકાઈ હોત તો મોટી જાનહાનિનો સંભવ હતો. મળતી માહિતી અનુસાર કોસ્ટલ રોડની આસપાસના ભાગનું સુશોભીકરણનું કામ હાથ ધરાયું છે. આમાં ગાર્ડન બનવાનું છે અને વાહનો માટે પાર્કિંગ એરિયા પણ તૈયાર કરવામાં આવી રહ્યો છે. બીએમડબ્લ્યુ કાર આ જ ભાગમાં પડી હોવાથી બીજા કોઈ તેની અડફેટમાં આવ્યા નહોતા. વળી, ઘટના વહેલી સવારે બની હોવાથી તે સમયે કામ પણ બંધ હતું. ■

### અમિત સાટમે કહ્યું- ‘અત્યંત દુઃખદ ઘટના’

મુંબઈ: મુંબઈના કોસ્ટલ રોડ પર લાલા કોલેજ અને લોટસ જેટી નજીક રવિવારે વહેલી સવારે બીએમડબ્લ્યુ કારનો ભયાનક અકસ્માત થયો હતો. સવારે લગભગ ૫:૨૦ વાગ્યે મરીન ડ્રાઈવથી હાજીઅલી તરફ જઈ રહેલી બીએમડબ્લ્યુ કાબૂ બહાર જઈ બ્રિજની બાઉન્ડરી સાથે અથડાઈ હતી અને ત્યારબાદ બ્રિજ પરથી નીચે બાંધકામ ચાલી રહેલા વિસ્તારમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે.

અકસ્માતને લઈને મુંબઈ ભાજપ અધ્યક્ષ અને ધારાસભ્ય અમિત સાટમે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે આ ઘટનાને અત્યંત દુ:ખદ ગણાવી મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

અમિત સાટમે કહ્યું હતું કે, મૃતકોની આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને આ મુશ્કેલ સમય સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના કરીએ છીએ. ■

# કાલાચોકીના પ્રખ્યાત મહાગણપતિ મંડપ નજીક વહેલી સવારના ભીષણ દુર્ઘટના

### વીજળીનો આંચકો લાગીને આઠ વર્ષની બાળકી સહિત બેનાં મોત, ચાર જખમી

### બેસ્ટ દ્વારા ખામીયુક્ત વીજજોડાણ બદલ ગણેશ મંડળને ‘૩૮-બી’ નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આ વર્ષે મુંબઈમાં ગણેશોત્સવની ઉજવણીને જાણે ગ્રહણ લાગ્યું હોય તેમ ગણેશોત્સવ શરૂ થયો છે ત્યારથી એકપછી એક દુર્ઘટના બની રહી છે. અગાઉ ભુલેશ્વરમાં ગણેશમૂર્તિ તૂટી પડીને બેનાં મૃત્યુ થવાની ઘટના હજી તાજી છે ત્યારે શનિવારે મુંબઈના કાલાચોકીના જગપ્રખ્યાત મહાગણપતિ ઉત્સવ મંડળના ગણેશ મંડપ નજીક શનિવાર મધરાત બાદ ભીષણ દુર્ઘટના ઘટી હતી, જેમાં મંડપ પાસે ઊભા કરવામાં

આવેલા તાત્પૂરતા પાણીના સ્ટોલ નજીક વીજળીનો આંચકો લાગવાથી આઠ વર્ષની બાળકી સહિત બેનાં મોત થયાં હતાં અને ચાર લોકો જખમી થયા હોવાની દુર્ઘટના બની હતી.

શનિવાર-રવિવારની રજા હોવાથી દક્ષિણ મુંબઈના પ્રખ્યાત લાલબાગ-પરેલ, કાલાચોકી અને ભાયખલા વિસ્તારમાં આખી રાત ભક્તોની મોટા પ્રમાણમાં ભીડ ઊમટી હતી. ગણેશમંડળોના કાર્યકર્તા સહિત પોલીસને પણ ભીડને નિયંત્રણમાં રાખવામાં નાકે દમ આવી ગયો હતો. ખાસ કરીને લાલબાગચા રાજા, ગણેશગલી સહિતના પ્રખ્યાત મંડળોના ગણપતિ હોવાથી આખી રાત ભક્તોની અવરજવર રહેતી હોય છે, તેમાં શનિવારે રાત્રે લગભગ ૨.૨૦ વાગ્યે કાલાચોકીમાં દત્તારામ લાડ માર્ગ પર સાંકડી ગલીમાં આવેલા મહાગણપતિ ઉત્સવ મંડળના પ્રવેશદ્વાર નજીક શોર્ટ સર્કિટ થયા બાદ છ લોકો જખમી થયા હોવાની દુર્ઘટના બનતા ખળભળાટ મચી ગયો હતો.

પાલિકાના અધિકારીના જણાવ્યા અનુસાર મંડપના પ્રવેશદ્વાર નજીક પીવાના પાણી અને કોલ્ડ ડ્રિંકના કામચલાઉ સ્ટોલ પર વીજ પ્રવાહ હોવાનું જણાયું હતું. મુંબઈ ફાયર બ્રિગેડને રાત્રે ૨.૪૨ વાગ્યે આ ઘટનાનો કોલ મળ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનો, પોલીસ, પાલિકાના અધિકારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. સાવચેતીના પગલારૂપે તે વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો હતો.

વીજળીનો આંચકો લાગવાથી અસરગ્રસ્ત છ લોકોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા. તેમાંથી બેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

મૃતકોની ઓળખ આઠ વર્ષની રાગિની યાદવ અને ૩૩ વર્ષની સુજાતા તરીકે કરવામાં આવી છે. અન્ય ત્રણ વ્યક્તિઓ જખમી થયા હતા, જેમાં કિરણ અકબર નાઈક (૧૯), તન્વી નરેશ હાંડે (૧૯) અને સાહિલ સંદીપ તારે (૧૯) હાલ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની સ્થિતિ સ્થિર હોવાનું જણાવાયું છે. ૧૨ વર્ષની બાળકી, રૂહી સિંહને ગંભીર હાલતમાં હૉસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટ(આઈસીયુ)માં દાખલ કરવામાં આવી હતી. ભાયખલામાં આવેલી મસીના હોસ્પિટલમાં રાગિનીને સારવાર મળે તે પહેલા જ મૃત જાહેર કરવામાં આવી હતી. જ્યારે સુજાતાને પરેલી ગ્લોબલ હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી પણ સારવાર મળે તે પહેલા જ તેનું મૃત્યુ થયું હતું.

રાગિણીની નજીકની વ્યક્તિના જણાવ્યા મુજબ પરિવાર રાત્રે બે વાગ્યાની આસપાસથી લાઈનમાં તેમનો નંબર આવે તેની રાહ જોઈ રહ્યો હતો પરંતુ ભીડને કારણે ત્યાંથી નીકળી જવાનો નિર્ણય કર્યો હતો. તેઓ એક બાજુના રસ્તે ગયા અને ભીડને પસાર થવા દેવા માટે મંડપની બહાર એક દુકાન પાસે ઊભા રહ્યા, ત્યારે આ ઘટના બની હતી ત્યાં મંડપ પાસે લાઈટો લગાવવામાં આવી હતી.

બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ના અધિકારીઓને દિગ્વિજય મિલ ચાલ ખાતે તપાસ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે ગણેશ ઉત્સવની ઉજવણી અને કોલ્ડ ડ્રિંક સ્ટોલ માટે લાઈટની વ્યવસ્થા કરવા માટે ત્યાં કામચલાઉ વીજળીનું મીટર લગાવવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્થાનિક ઈલેક્ટ્રિશિયન દ્વારા વાયરિંગ અને એમસીબીનું જોડાણ કાપી નાખવામાં આવ્યું હતું.

દરમ્યાન રવિવારે સાંજે જાહેર કરાયેલા એક નિવેદનમાં બેસ્ટ ઉપક્રમે જણાવ્યું હતું કે આ ઘટના બાદ તેમના અધિકારીઓએ કાલાચોકી વિભાગ સાર્વજનિક ઉત્સવ મંડળ ખાતે લગાવવામાં આવેલા કામચલાઉ મીટર નંબર એમ-૨૧૭૩૯૨નો વીજપુરવઠો કાપી નાખ્યો હતો. તેમ જ બેસ્ટ દ્વારા ખામીયુક્ત વીજજોડાણ બદલ મંડળને ‘૩૮-બી’ નોટિસ પણ ફટકારી હતી.

રવિવારે મધરાતે આ ઘટના ઘટી એ બાદ સ્થાનિક વાયરમેને ડિસ્ટ્રિબ્યૂશન બોક્સનો વીજ પુરવઠો બંધ કરી દીધો હતો.

બેસ્ટના નિવેદન અનુસરા બેસ્ટ અને પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ સ્થળની તપાસ કરી હતી, જ્યારે પોલીસની ટીમે પણ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે શોર્ટ સર્કિટનું કારણ જાણવા માટે કાલાચોકી પોલીસે તપાસ શરૂ કરી છે.

આ દરમ્યાન આ દુર્ઘટના બાદ મહારાષ્ટ્રના સાંસ્કૃતિક બાબતના પ્રધાને ગણપતિ મંડળોને અનુરોધ કર્યો હતો કે તેઓ ભક્તોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે અને ભીડના સંચાલન બાબતે સર્તક તથા જવાબદાર રહે. ■

### પોલીસ ભીડ નિયંત્રણમાં રાખવામાં નિષ્ફળ

સ્થાનિક રહેવાસીઓએ આ ઘટના માટે ભીડ અને લોકો વચ્ચેની ધક્કામુક્કીને જવાબદાર ગણાવી હતી. મંડળના વરિષ્ઠ હોદ્દેદારના જણાવ્યા મુજબ શનિવારે રાત્રે દત્તારામ લાડ માર્ગ પર ભારે ભીડ જોવા મળી હતી. દુર્ઘટના સમયે ત્યાં ૫૦,૦૦૦ કે તેથી વધુ લોકો હોવાનો અંદાજ લગાવ્યો હતો. સ્થાનિક લોકોએ પોલીસ દ્વારા ગેરવહીવટ અને ભીડ નિયંત્રણમાં નિષ્ફળતાનો આરોપ મૂક્યો હતો. ગણપતિ ઉત્સવ દરમ્યાન રજાના દિવસે મધ્યરાત્રિની આસપાસ પોલીસ સામાન્ય રીતે ડો. આંબેડકર રોડ અને દત્તારામ લાડ માર્ગના જંક્શન પર બેરિકેડ્સ મૂકે છે, જેથી કાલાચૌકી તરફ જતા ભક્તોના પ્રવાહને નિયંત્રિત કરી શકાય અને તેમને ભાયખલા તરફ વાળવામાં આવે.

### સળિયો તૂટીને વીજપ્રવાહના સંપર્કમાં આવ્યો

પ્રત્યદર્શીના જણાવ્યા મુજબ ઘટના સમયે ‘મુખ દર્શન’ની લાઈનમાં ભારે ભીડ હતી, જેના કારણે બેરિકેડ્સ વળી ગયા અને તૂટી ગયા. ઉપરાંત બંને દિશામાં જતી ભારે ભીડને કારણે આખો રસ્તો જામ થઈ ગયો હતો, ખાસ કરીને મહાગણપતિ ગેટની બહાર ભારે ભીડ હતી. ભીડની ધક્કામુક્કી વચ્ચે કેટલાક લોકોને સ્ટોલ તરફ ધકેલી દેવામાં આવ્યા હતા. જેના કારણે સ્ટોલના લોખંડના સળિયા તૂટી પડ્યા અને કદાચ તે વીજપ્રવાહના સંપર્કમાં આવ્યા હશે. આ બધું માત્ર થોડી સેકન્ડોમાં જ બની ગયું. ગણપતિ મંડળમાં લાઈનનું સંચાલન કરતા મંડળના કાર્યકરોને પણ લોકોને મદદ કરતી વખતે વીજળીનો આંચકો લાગ્યો હતો.

# અંબરનાથમાં રહેતા યુવાન પાસે ભારત-પાકિસ્તાનના પાસપોર્ટ

મુંબઈ: થાણે જિલ્લાના અંબરનાથ ખાતે રહેતા યુવાન પાસેથી ભારત અને પાકિસ્તાનના પાસપોર્ટ હોવાની ચોંકાવનારી માહિતી સામે આવતાં એન્ટિ-ટેરરિઝમ સ્ક્વૉડે (એટીએસ) તપાસ હાથ ધરી હતી.

મલંગવાડીથી પકડાયેલા આરોપીની ઓળખ અંબરનાથના સુલતાનપુરીમાં રહેતા ચાંદ અલી અબ્દુલ રશીદ સૈયદ (૩૮) તરીકે થઈ હતી. સૈયદ વિરુદ્ધ હિલલાઈન પોલીસ સ્ટેશનમાં ૧૨ સપ્ટેમ્બરે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે સૈયદે પોતાના અને પિતાના દસ્તાવેજોને આધારે ૨૦૦૯માં ભારતીય પાસપોર્ટ બનાવડાવ્યો હતો. પછી તે પાકિસ્તાનમાં ગયો હતો અને ત્યાં રહેતાં સગાંસંબંધીને મળ્યો હતો. આરોપ છે કે પાકિસ્તાનમાં ગયા પછી ભારતીય નાગરિકતાની વિગતો છુપાવીને તેણે બનાવટી દસ્તાવેજોની મદદથી ચાંદ અલી રશીદ અલીને નામે પાકિસ્તાની પાસપોર્ટ પ્રાપ્ત કર્યો હતો. પાકિસ્તાની પાસપોર્ટની મદદથી ભારત આવ્યા પછી તે અંબરનાથમાં રહેવા લાગ્યો હતો.

એટીએસની તપાસમાં જણાયું હતું કે ભારતમાં પાછા આવ્યા પછી સૈયદે તેના જૂના ભારતીય પાસપોર્ટની વિગતો જાહેર ન કરીને ૨૦૨૪માં નવો પાસપોર્ટ મેળવ્યો હતો. આ પાસપોર્ટ માટે તેણે પેન કાર્ડ, ગાઝિયાબાદનું બર્થ સર્ટિફિકેટ, અંબરનાથનું ડોમિસાઈલ સર્ટિફિકેટ, રેશનિંગ કાર્ડ અને સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ સહિતના દસ્તાવેજો રજૂ કર્યા હતા.

મુંબઈની રિજનલ પાસપોર્ટ ઑફિસના અધિકારીને આરોપીની નાગરિકતા અને પાસપોર્ટ સંબંધી માહિતી પર શંકા ગઈ હતી. આ અંગે થાણે પોલીસને જાણ કરી તપાસનો આદેશ અપાયો હતો. પોલીસે દસ્તાવેજોની ચકાસણી અને તપાસ કરી તો સૈયદ પાસે પાકિસ્તાની પાસપોર્ટ હોવાની માહિતી સામે આવી હતી. વળી, જૂના પાસપોર્ટની વિગતો પણ મળી હતી. પરિણામે પોલીસે સૈયદ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો, જેની તપાસ એટીએસ કરી રહી છે. ■

### આઈઆઈટી બૉમ્બેના સ્ટુડન્ટની આત્મહત્યાઃ

# પ્રોફેસરને સમન્સ મોકલાવવાની શક્યતા

મુંબઈ: પવઈની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (આઈઆઈટી) બૉમ્બેના વિદ્યાર્થીએ પરીક્ષામાં મોબાઈલનો ઉપયોગ કરતા પકડાયા બાદ આત્મહત્યા કરી લીધાની ઘટનાની તપાસ કરનારી ક્રાઈમ બ્રાન્ચ પ્રોફેસર અને અન્યોને પૂછપરછ માટે સમન્સ મોકલાવે એવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ક્રાઈમ બ્રાન્ચના આસિસ્ટન્ટ કમિશનર ઑફ પોલીસની તપાસમાં આરોપી તરીકે પ્રોફેસરનું નામ સામે આવ્યું હતું. પરિણામે પ્રોફેસર અને અન્યોને પૂછપરછ માટે ક્રાઈમ બ્રાન્ચ બોલાવે એવી શક્યતા વરિષ્ઠ અધિકારીએ વ્યક્ત કરી હતી.

આઈઆઈટી બૉમ્બેના પવઈના કૅમ્પસમાં આવેલી હોસ્ટેલ નંબર-૪ની પોતાની રૂમમાં શુક્રવારની સાંજે સાહિલ રવીન્દ્ર વાકોડે (૨૨) સીલિંગ ફૅન સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. યવતમાળ જિલ્લાનો રહેવાસી સાહિલ એનર્જી સાયન્સ ઍન્ડ એન્જિનિયરિંગ વિભાગમાં બીજા વર્ષનો બીટૅક સ્ટુડન્ટ હતો.

કહેવાય છે કે ઘટનાના કલાકો પહેલાં જ સાહિલ પરીક્ષામાં મોબાઈલ ફોન અને ચૅટજીપીટીનો ઉપયોગ કરતાં કથિત રીતે પકડાયો હતો.

વિદ્યાર્થીએ આત્મહત્યા કરતાં પવઈ પોલીસે વિદ્યાર્થીના પરિવારની ફરિયાદને આધારે શનિવારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું) અને એસસીએસટી ઍક્ટ હેઠળ એફઆઈઆર નોંધ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે વાકોડેને આઈઆઈટીમાં ત્રાસ આપવામાં આવતો હતો અને તેની સાથે જાતિ આધારિત ભેદભાવ કરવામાં આવતો હતો. આ મામલે સ્ટુડન્ટ્સે કૅમ્પસમાં વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. ભારે હોબાળા પછી તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. (પીટીઆઈ) ■

# મુંબઈને જળબંબાકાર થતું અટકાવવા બીએમસીનો એક્શન પ્લાન

### નવ મહિનામાં ડીપીઆર તૈયાર કરીને ત્રણ તબક્કામાં પ્રોજેક્ટ અમલમાં મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દર વર્ષે ચોમાસામાં મુંબઈને જળબંબાકાર થતી અટકાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ૧૩,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે એક્શન પ્લાન તૈયાર કર્યો છે, તે માટે કન્સલ્ટન્ટ (સલાહકાર) નીમવામાં આવવાનો છે. સલાહકાર પાસે ડિઝાઈન અને ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) તૈયાર કરવા માટે નવ મહિનાનો સમય હશે, જેની માટે તેને ૧૧૦ કરોડ રૂપિયા ચૂકવવામાં આવશે. પૂરમુક્ત મુંબઈ માટે ત્રણ પેકેજમાં શહેરની ડ્રેનેજ, પમ્પિંગ અને વિશાળ ફ્લડ મેનેજમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામને આવરી લેવામાં આવશે.

મુંબઈમાં દર વર્ષે ચોમાસામાં પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થાય છે. તેથી આ યોજનાથી શહેરની વારંવાર નિર્માણ થનારી પૂરજનક પરિસ્થિતિને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવશે, જેમાં નાના કદના અને ભરાયેલી ગટરોથી લઈને અપૂરતી પમ્પિંગ ક્ષમતા અને શહેરની સ્ટોર્મ-વોટર સિસ્ટમ (વરસાદી પાણીનો નિકાલ કરનારી પાઈપલાઈન)ને સુધારવામાં આવશે. મુખ્ય ઉદ્દેશ્ય ડ્રેનેજ લાઈનને કલાક દીઠ પંચાવન મિલીમીટરથી વધુ વરસાદનો સામનો કરવા માટે અપગ્રેડ કરવાનો છે, જ્યારે માહુલ અને મોગરા સહિતના પૂર-સંભવિત વિસ્તારોમાં પમ્પિંગ ક્ષમતાનો વિસ્તાર કરવાનો છે. મીઠી નદી સુધારણા પ્રોજેક્ટનો આગળનો તબક્કો પણ પ્રસ્તાવિત છે.

ડીપીઆરમાં પૂર-સંભવિત વિસ્તારોનો વિગતવાર નકશો બનાવાશે, ભારે વરસાદ અને ભરતી દરમિયાન પાણી ભરાવાનું મૉડેલ બનાવશે અને પૂર ચેતવણીઓની ગતિ અને વિશ્વસનીયતાને મજબૂત બનાવશે. ડીપીઆર પમ્પિંગ સ્ટેશનો, સ્ટોર્મ-વોટર ચેનલ, રિટેન્શન તળાવો અને ડ્રેનેજ પહોળા કરવાના કામોના વૈજ્ઞાનિક આયોજનને પણ માર્ગદર્શન આપશે. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ નૈસર્ગિક આધારિત પગલાં પણ પ્રસ્તાવિત કરવામાં આવી રહ્યા છે, જેમાં ૧૨-૧૫ ટકા વરસાદી પાણીને શોષી શકે તેવી ફૂટપાથ અને ભૂગર્ભ, મધપૂડા જેવા ડિટેન્શન ટેન્કનો સમાવેશ થાય છે. ■

# વિસર્જન માટે વિશેષ મિડનાઈટ લોકલ

મુંબઈ: અનંત ચતુર્દશીના પાવન દિવસે ગણપતિ વિસર્જન માટે ગિરગાંવ ચોપાટી, દાદર, જુહુ, મરીન ડ્રાઈવ અને નરીમન પોઈન્ટ સહિતના દરિયાકિનારે લાખોની સંખ્યામાં ગણેશભક્તો ઉમટી પડે છે. વિસર્જન બાદ મોડી રાત્રે ઘરે પરત ફરતા

શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલવે પ્રશાસન દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવે, મધ્ય રેલવે અને હાર્બર લાઈન પર ૨૫મી અને ૨૬મી સપ્ટેમ્બરની મધ્યરાત્રિએ વધારાની સ્પેશ્યલ લોકલ ટ્રેનો દોડાવવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે જ ગિરગાંવ ચોપાટી નજીક પ્રવાસીઓની ભારે ભીડ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચર્ની રોડ સ્ટેશન પર ટ્રેનોના સ્ટોપેજ અંગે મહત્ત્વનાં નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે.

પશ્ચિમ રેલવે દ્વારા ૨૫મી અને ૨૬મી સપ્ટેમ્બરની મધરાતે કુલ ૧૨ સ્પેશ્યલ સ્લો લોકલ ટ્રેન દોડાવવામાં આવશે. જેમાં છ ટ્રેન ચર્ચગેટથી વિરાર અને છ ટ્રેન વિરારથી ચર્ચગેટ વચ્ચે દોડાવવામાં આવશે. ચર્ચગેટથી વિરાર માટે અપ લોકલ ટ્રેનની મોડી રાતે ૧.૧૫ કલાકે, ૧.૪૫ કલાકે, ૨.૧૫ કલાકે, ૨.૫૫ કલાકે, ૩.૧૫ કલાકે, ૩.૪૫ કલાકે લોકલ ટ્રેન દોડાવવામાં આવશે. વાત કરીએ વિરારથી ચર્ચગેટથી ડાઉન લાઈનની તો રાતે ૧૨.૧૫ કલાકે, ૧૨.૩૦ કલાકે, ૧.૧૦ કલાકે, ૧.૩૦ કલાકે, ૨.૦૦ કલાકે અને ૩ કલાકે લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે.

### ચર્ની રોડ સ્ટેશન પર ૮૪ લોકલ નહીં રોકાયઃ

ગિરગાંવ ચોપાટી પર થતી ભીડને નિયંત્રિત કરવા માટે ૨૫ સપ્ટેમ્બરે સાંજે ૬થી રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધી ચર્ચગેટ તરફ જતી ૮૪ અપ સ્લો લોકલ ચર્ની રોડ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર બે પર ઊભી રહેશે નહીં.

મધ્ય રેલવે પર સીએસએમટીથી થાણે-કલ્યાણ સ્પેશ્યલ સર્વિસઃ

મધ્ય રેલવે દ્વારા મધરાતે ખાસ સેવાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જે તમામ સ્ટેશનો પર ઊભી રહેશે-

સીએસએમટીથી કલ્યાણ/થાણે (ડાઉન ટ્રેન):

સીએસએમટીથી કલ્યાણઃ પરોઢિયે ૧.૪૦ કલાકે સીએસએમટીથી રવાના થશે અને વહેલી સવારે ૩.૧૦ કલાકે કલ્યાણ પહોંચશે.

સીએસએમટીથી થાણેઃ પરોઢિયે ૨.૩૦ વાગ્યે સીએસએમટીથી રવાના થશે અને થાણે ૩.૩૦ પહોંડશે.

સીએસએમટીથી કલ્યાણઃ પરોઢિયે સીએસએમટીથી વહેલી સવાર ૩.૨૪ વાગ્યે ઉપડશે અને સવારે પાંચ કલાકે રવાના થશે.

કલ્યાણ-થાણે-સીએસએમટી (અપ ટ્રેન):

કલ્યાણથી સીએસએમટીઃ મધરાતે ૧૨.૦૫ કલ્યાણથી રવાના થશે અને રાતે ૧.૩૦ વાગ્યે સીએસએમટી પહોંચશે.

થાણેથી સીએસએમટીઃ મોડી રાતે એક વાગ્યે થાણેથી રવાના થશે અને રાતે બે વાગ્યે સીએસએમટી પહોંચશે.

થાણેથી સીએસએમટીઃ મોડી રાતે બે વાગ્યે થાણેથી રવાના થશે અને સીએસએમટી રાતે ત્રણ વાગ્યે સુધી પહોંચશે.

હાર્બર લાઈન પર સીએસએમટીથી મોડી રાતે ૧.૩૦ કલાકે રવાના થશે અને પનવેલ ૨.૪૫ કલાકે પહોંચશે, જ્યારે બીજી ડાઉન લોકલ પનવેલથી ૨.૩૫ના રવાના થશે

સીએસટી થી પનવેલ વચ્ચે વધારાની લોકલઃ

સીએસટી થી પનવેલ (ડાઉન ટ્રેનો): પરોઢિયે ૧:૩૦ (પનવેલ ૨:૪૫) અને ૨:૩૫ વાગ્યે (પનવેલ ૪:૦૫).

પનવેલથી સીએસએમટી (અપ લોકલ): મોડી રાતે ૧ વાગ્યે પનવેલથી રવાના થશે અને ૨.૧૦ કલાકે સીએમસએમટી પહોંચશે. જ્યારે બીજી ટ્રેન પનવેલથી ૧.૪૫ કલાકે રવાના થશે અને મોડી રાતે ૩.૦૫ કલાકે સીએસએમટી સ્ટેશન પહોંચશે.

ગિરગાંવ ચોપાટીથી સેન્ટ્રલ કે હાર્બર લાઈન પકડવા માટેના વિકલ્પોઃ

સીએસએમટીઃ ચોપાટીથી ટેક્સી કે બસ દ્વારા સીધા સીએસએમટી પહોંચી શકાય છે, જ્યાંથી સેન્ટ્રલ અને હાર્બર લાઈનની તમામ મિડનાઈટ સ્પેશ્યલ ટ્રેનો મળશે.દાદરઃ પશ્ચિમ રેલવે મારફતે આવીને દાદર સ્ટેશનેથી સેન્ટ્રલ લાઈનની ટ્રેનો બદલી શકાય છે.

વડાલા / કુર્લાઃ નવી મુંબઈ કે થાણે/ કલ્યાણ તરફ આગળ વધવા માટે આ મુખ્ય જંક્શન સ્ટેશનો સાનુકૂળ રહેશે. ■

# મુલુંડમાં ટ્રાવેલ બસે બેસ્ટની બસને મારી ટક્કર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડના રેલી વુલ્ફ વિસ્તારમાં મેટ્રોના કામને કારણે વન-વે ટ્રાફિક વ્યવસ્થા દરમ્યાન રવિવારે વહેલી સવારે બેસ્ટ બસને વિરુદ્ધ દિશામાંથી આવતી ટ્રાવેલ બસે જોશભેર ટક્કર મારી હતી, જેમાં બેસ્ટની બસનો ૪૦ વર્ષનો ડ્રાઈવર સંદીપ નામદેવ કરાંડે ગંભીર રીતે જખમી થયો હતો. બંને બસ વચ્ચે થયેલી ટક્કર બાદ બેસ્ટ બસના બોનેટમાં આગ લાગી ગઈ હતી. જોકે, બસ ડ્રાઈવરે સાવચેતી રાખીને તાત્કાલિક બસમાં રહેલા અગ્નિશામકનો ઉપયોગ કરીને આગને બુઝાવી દીધી હતી. બેસ્ટ ઉપક્રમના જણાવ્યા અનુસાર બેસ્ટના મજાસ ડેપોમાંથી માતેશ્વરી કૉન્ટ્રેક્ટર્સની ૪૯૬ નંબરની રૂટની બેસ્ટ બસ સીપ્ઝથી તીન હાત નાકા જઈ રહી હતી. વહેલી સવારે લગભગ ૫.૫૦ વાગ્યે લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ (એલ.બી.એસ) પર મુલુંડ

વિસ્તારમાં રેલી વુલ્ફ પાસે બસ પહોંચી હતી. મેટ્રોના નિર્માણને કારણે આ સ્થળે એક તરફી ટ્રાફિક વ્યવસ્થા કરવામાં આવી હતી. તે જ સમયે ખાનગી ટ્રાવેલ કંપનીની વિરુદ્ધ દિશામાંથી આવી રહેલી બસ બેસ્ટની બસ સાથે સામ-સામે અથડાઈ હતી.

બંને બસ વચ્ચે થયેલી ટક્કરને કારણે બેસ્ટ બસના ડ્રાઇવરને પેટ પર સ્ટીયરિંગ વ્હીલ વાગ્યું હતું. તેમ જ તેને જમણા પગમાં પણ ઈજા થઈ હતી અને લોહી વહેતું હતું. બંને બસ વચ્ચે થયેલી ટક્કર બાદ બેસ્ટની બસના બોનેટ વિસ્તારમાં પણ આગ લાગી હતી. બેસ્ટના ડ્રાઈવરે સમયસૂચકતા વાપરીને તાત્કાલિક બસમાંથી અગ્નિશામક ઉપકરણ કાઢીને બોનેટમાં લાગેલી આગ ઓલવી નાખી હતી. આ દરમ્યાન બસમાં રહેલા મુસાફરોએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ■

# સપ્તાહ દરમિયાન ઈક્વિટી માર્કેટની નજર ક્રૂડ તેલના ભાવ અને પશ્ચિમ એશિયાની સ્થિતિ પર




નવી દિલ્હી: ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સહી કરેલા રશિયા અને ઈરાન પરનાં પ્રતિબંધનાં ખરડાની અસર ઉપરાંત ક્રૂડતેલના ભાવ અને ભૂરાજકીય વિકાસના અહેવાલો ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લે-વેચ તથા વૈશ્વિક બજારોની વધઘટ સ્થાનિક ઈક્વિટી માર્કેટનાં મુખ્ય ચાલક પરિબળો પુરવાર થશે, એવું વિશ્લેષકોનું માનવું છે.

સપ્તાહના આરંભમાં ક્રૂડતેલના ભાવ, વૈશ્વિક બૉન્ડની ઊપજ અને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અંગેનાં અહેવાલોની અસર જોવા મળશે. આ ઉપરાંત અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રશિયન તેલ અને ગૅસના મુખ્ય ખરીદદારો સામે ૧૦૦ ટકા સુધીની ટૅરિફ લાદવાની સત્તાનું વિસ્તરણ કરીને કાયદાકીય ખરડા પર સહીસિક્કા કર્યા છે, જેમાં ભારતની રશિયન ક્રૂડની નોંધપાત્ર ખરીદી થતી હોવાથી ભારતનો સંભવિત રીતે જોખમમાં મુકાયેલા દેશોમાં સમાવેશ છે, એમ ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટેક કંપની એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે રશિયા અને ઈરાનને પ્રતિબંધિત કરતા ખરડા પર હસ્તાક્ષર કર્યા છે. જેથી મોસ્કો અને ભારત અને ચીન સહિતનાં ટોચનાં ખરીદદારો સામે ભારે વેરા લાદવાનો પ્રયાસ કરવામાં આવશે.


આ કાયદાનો અમલ રાષ્ટ્રપતિની સહી થયાનાં ૩૦ દિવસની અંદર અમલમાં આવશે અને તે મુજબ કાયદો અમલમાં આવતા પહેલાના બાર મહિના દરમિયાન રશિયન ક્રૂડતેલ અથવા કુદરતી ગૅસની કુલ માત્રાની દૃષ્ટિએ ટોચના પાંચ ખરીદદાર દેશોમાંથી આયાત થતી ચીજવસ્તુઓ પર ૧૦૦ ટકા સુધીની આયાત જકાત લાદવી ફરજિયાત બનશે.

વર્તમાન સપ્તાહે બજારની વધઘટનો આધાર અમેરિકા-ઈરાન વચ્ચેનાં તણાવના અહેવાલ, ક્રૂડતેલના ભાવની વધઘટ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડની વધઘટ પર સ્થાનિક ઈક્વિટી માર્કેટની વધઘટ અવલંબિત રહેશે, એમ રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગનાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૦.૬૫ ટકા અથવા તો ૪૮૬.૮ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૦.૨૨ ટકાનો અથવા તો ૫૧.૭ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ ક્રૂડતેલના ભાવમાં વધારો, અમેરિકી વ્યાજદરમાં વધારો, અમેરિકી બૉન્ડની યિલ્ડમાં વધારો અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે વર્તમાન સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો રૂ. ૨૦,૯૭૪ કરોડનો ઈક્વિટીમાં ચોખ્ખો બાહ્યપ્રવાહ રહ્યો છે.

વધુમાં વર્તમાન સપ્તાહમાં રોકાણકારોની નજર ભારત, અમેરિકા અને યુરોપનાં જાહેર થનારા પીએમઆઈ ડેટા ઉપરાંત અમેરિકાના રોજગારીનાં ડેટાઓ પર રહેશે. તેમ જ સ્થાનિક સ્તરે આગામી ૨૪મી સપ્ટેમ્બરનાં રોજ થનારા એનએસઈનાં શૅરના લિસ્ટિંગ પર પણ મંડાયેલી રહેશે, એમ સ્વસ્તિક ઈન્વેસ્ટમાર્ટ લિ.નાં રિસર્ચ હેડ સંતોષ મીનાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે બિન સંસ્થાકીય રોકાણકારો અને ક્વૉલિફાઈડ સંસ્થાકીય ખરીદદારો તરફથી મળેલા બહોળા પ્રતિસાદને ટેકે નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ ઈન્ડિયા લિ.નું રૂ. ૨૨,૫૬૯ કરોડનું જાહેર ભરણું બીજા દિવસે છલકાઈ ગયું હતું.

# વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો સાવચેતીનો અભિગમઃ રૂ. ૨૦,૯૭૪ કરોડ પાછા ખેંચ્યા




નવી દિલ્હી: વૈશ્વિક અનિશ્ચિતતાઓ, અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા કરવામાં આવેલો વ્યાજદરમાં વધારો, બૉન્ડની યિલ્ડમાં વધારો ક્રૂડતેલમાં તેજી અને ડૉલર સામે રૂપિયાની નરમાઈ જેવાં કારણોસર વિદેશી રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવતા વર્તમાન સપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધીમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો ભારતીય ઈક્વિટીમાં રૂ. ૨૦,૯૭૪ કરોડનો ચોખ્ખો બાહ્યપ્રવાહ જોવા મળ્યો છે.

નોંધનીય બાબત એ છે કે અગાઉ જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં રોકાણકારો ભારતીય બજારમાં પાછા ફર્યા હતા અને અનુક્રમે રૂ. ૨૦,૨૦૦ કરોડનો અને રૂ. ૨૯,૬૩૦ કરોડનો આંતરપ્રવાહ જોવા મળ્યા બાદ પુનઃ બાહ્યપ્રવાહ જોવા મળ્યો હોવાનું સીડીએસએલએ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. એકંદરે સપ્ટેમ્બર મહિનાની અત્યાર સુધીની વેચવાલી સાથે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ભારતીય ઈક્વિટીમાંથી રૂ. ૨.૪૫ લાખ કરોડ પાછા ખેંચ્યા છે, જે વર્ષ ૨૦૨૫નાં કુલ રૂ. ૧.૬૬ લાખ કરોડનાં બાહ્યપ્રવાહ કરતાં વધુ છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન સપ્ટેમ્બર મહિનામાં ગત ૧૮મી સપ્ટેમ્બર સુધી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ ભારતીય ઈક્વિટીમાંથી રૂ. ૨૦,૯૭૪ કરોડ પાછાં ખેંચ્યા છે. જોકે, પ્રાઈમરી માર્કેટમાં તેઓનું રોકાણ જળવાઈ રહ્યું છે.

એકંદરે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા કરવામાં આવેલા વ્યાજદરમાં વધારા, બૉન્ડની યિલ્ડમાં વધારો અને ભૂરાજકીય તણાવને કારણે ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારા અને તેને કારણે રૂપિયો નબળો પડતાં જેવાં મુખ્ય ત્રણ કારણોસર ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની વેચવાલી રહી હોવાનું ચોઈસ વૅલ્થના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી ઑફિસર ધીરજ ગૌરે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત સપ્તાહે ફેડરલ રિઝર્વે વ્યાજદર વધારીને ૩.૭૫થી ૪.૦૦ ટકા કર્યા હોવાથી ભારતીય અને અમેરિકી બૉન્ડ પરની યિલ્ડ વચ્ચેનો તફાવત સંકડાઈ જતા ભારતીય અસ્કયામતો પરનું આકર્ષણ ઘટ્યું હતું. વધુમાં મધ્ય પૂર્વના દેશોનાં તણાવને કારણે ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૦ ડૉલરની ઉપર પ્રવર્તી રહ્યા હોવાથી ફુગાવાની ચિંતા ઉપરાંત ભારતનું આયાત બિલ પણ વધવાની ચિંતા સપાટી પર આવી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે તેલના ભાવ વધવાની સાથે ગત સપ્તાહે ડૉલર સામે રૂપિયામાં છેલ્લા ચાર મહિનામાં સૌથી વધુ તીવ્ર એવા ૧.૧ ટકાનું ધોવાણ થયું હતું અને એક તબક્કે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૯૬ની સપાટી પણ પાર કરી ગયો હતો.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની વેચવાલી એ ક્રૂડતેલ અને ડૉલરની તેજીને આભારી હોવાનું ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ ટ્રેકનાં ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર અને સહ સંસ્થાપક વેદાંત ગુપ્તેએ જણાવતા ઉમેર્યું હતું કે જ્યારે ક્રૂડતેલના ભાવ અને અમેરિકી બૉન્ડની યિલ્ડ વધે ત્યારે માત્ર ભારતમાંથી જ નહીં પણ તમામ ઊભરતી બજારોમાંથી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનો બાહ્યપ્રવાહ રહેતો હોય છે.

વધુમાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટનાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું કે અમેરિકા-ઈરાન વચ્ચેના વિવાદની ક્રૂડતેલના ભાવ પર અસર પડતાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોના આંતરપ્રવાહ પર પડી છે. ક્રૂડતેલની તેજી અને ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ વધીને પાંચ ટકા થતાં ભારતીય ઈક્વિટી અને ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોનાં પ્રવાહ પર નકારાત્મક અસર પડી છે. જોકે, ભારતીય અર્થતંત્રમાં સ્થિરતા અને સારી વળતર વૃદ્ધિનો આશાવાદ હજુ અકબંધ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# વર્તમાન નાણાકીય વર્ષમાં એનએમડીસીનું આયર્ન ઑરનું ઉત્પાદન છ કરોડ ટન સુધી પહોંચવાની શક્યતા



નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષમાં એનએમડીસી આયર્ન ઑરનું ઉત્પાદન છ કરોડ ટન સુધી પહોંચાડવાની કંપની વ્યૂહરચના ઘડી રહી હોવાનું કંપનીના અધ્યક્ષ અમિતવા મુખરજીએ જણાવ્યું હતું.

વર્તમાન નેશનલ સ્ટીલ પૉલિસી અંતર્ગત આગામી વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં સ્થાનિકમાં સ્ટીલ ઉત્પાદન ક્ષમતા ૩૦ કરોડ ટન સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. નોંધનીય બાબત એ છે કે એનએમડીસી દેશની અગ્રણી આયર્ન ઑર ઉત્પાદક કંપની છે અને કંપનીએ આ સમયગાળા દરમિયાન ઉત્પાદન ૧૦ કરોડ ટન સુધી પહોંચાડવાની નેમ ધરાવે છે.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં એનએમડીસીનું ઉત્પાદન પાંચ કરોડ ટનની સપાટી પાર કરી ગયું હતું અને કંપનીએ હાલની ખાણો અર્થાત્ એનએમડીસી મારફતે ઉત્પાદન છ કરોડ ટન સુધી પહોંચાડવાની યોજનાનો આક્રમક અમલ કરી રહી છે. જેમાં એનએમડીસી અને સીએમડીસી લિ.નાં સંયુક્ત સાહસની અસ્ક્યામતોનો પણ સમાવેશ થશે, જેને પરિણામે વાર્ષિક ધોરણે ઉત્પાદનમાં ૨૦ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળશે, એમ કંપનીના એક અધિકારીએ જણાવ્યું હતું.

વધુમાં મુખરજીએ જણાવ્યું હતું કે કંપનીએ કેન્દ્રીય પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય સાથેની અનામતો માટે પર્યાવરણીય મંજૂરી માટે અરજી પણ કરી નાખી છે. આ સિવાય ૧૦ કરોડ ટનનાં ઉત્પાદનના લક્ષ્યાંકની દિશામાં પણ પ્રગતિ થઈ રહી છે અને અમે નિશ્ચિતપણે લક્ષ્યાંક હાંસલ કરીશું, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે કેટલાંક સ્થળો પર ખાણ સંબંધિત માળખાનું નિર્માણ થઈ રહ્યું છે, જ્યારે અમુક અનામતોમાં માળખા પહેલેથી જ કાર્યરત છે. વધુમાં હાલની ખાણોની ક્ષમતા વધારવા માટે માળખાગત સુવિધાઓ વિકસાવવા (બેલ્ટ કન્વેયિંગ સિસ્ટમ્સ તેમ જ ક્રશર અને બ્રેકર વગેરેની સ્થાપનાનો સમાવેશ થાય છે.) માટે રસ ધરાવતા પક્ષો તરફથી બિડ્સ મગાવવામાં આવી છે. નોંધનીય બાબત એ છે કે એનએમડીસી ભારતમાં છત્તીસગઢ (બૈલાડિલા સેક્ટર) અને કર્ણાટક (ડોનીમલાઈ સેક્ટર)માં ફેલાયેલા ચાર મોટા અત્યંત મેકેનાઈઝ્ડ ધોરણે આયર્ન ઑરના ખનન સંકુલોનું સંચાલન કરે છે. તેમ જ સ્ટીલ મંત્રાલય હેઠળની હૈદરાબાદ સ્થિત આ કંપની દેશની આયર્ન ઑરની કુલ આવશ્યકતા પૈકી ૨૦ ટકા જરૂરિયાત પૂરી પાડે છે.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૬માં એનએમડીસીની આવકો આગલા નાણાકીય વર્ષ ૨૦૨૫નાં ૨૩,૬૬૮ કરોડ સામે ૩૩ ટકા વધીને રૂ. ૩૧,૫૫૪ કરોડની સપાટીએ રહી હતી. તેમ જ કંપનીએ દેશમાં સૌથી મોટી ખનીજનું ખનન કરતી કંપની બનાવાના નિર્ધાર સાથે તેનાં વ્યવસાયમાં વૈવિધ્યતા લાવવા માટે અનેક પગલાં લીધા છે. વધુમાં એનએમડીસી ઑક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન વેપારી ધોરણે થર્મલ કૉલનું ઉત્પાદન શરૂ કરશે અને નાણાકીય વર્ષ ૨૦૨૭માં ૧૦ લાખ ટન કૉલનાં વેચાણનો લક્ષ્યાંક રાખે છે. વધુમાં કંપની નાણાકીય વર્ષ ૨૦૨૭માં કૉકિંગ કૉલની ખાણ વિકસાવશે અને નાણાકીય વર્ષ ૨૦૨૮થી ઉત્પાદનની શરૂઆત કરશે.

# આસામ સરકારની ચા ઉદ્યોગ માટેની સુધારિત સ્કીમને હિસ્સેધારકોનો આવકાર



ગુવાહાટી: ગુવાહાટી ટી એસોસિયેશને આસામ સરકારની ચા ઉદ્યોગ માટેની સુધારીત પ્રોત્સાહક સ્કીમને આવકારવાની સાથે સ્કીમને સિમા ચિહ્નરૂપ નીતિવિષયક પગલાં તરીકે લેખાવી છે.

એસોસિયેશને જણાવ્યું હતું કે 'આસામ ટી ઈન્ડસ્ટ્રીઝ સ્પેશિયલ ઈન્સેન્ટિવ સ્કીમ (એટીઆઈએસઆઈએસ) ૨૦૨૦'ગુવાહાટી લિલામ યંત્રણાનું મહત્ત્વ વધશે. વધુમાં ગુવાહાટી ટી ઑક્શન બાયર્સ એસોસિયેશનનાં સચિવ દિનેશ બિહાનીએ જણાવ્યું હતું કે આમા મહત્ત્વની જોગવાઈ એ છે કે નિકાસ માટે સિંગલ ઓરિજિન આસામ ક્વૉલિટી સીટીસી ચા પર કિલોદીઠ રૂ. ત્રણનું પ્રોત્સાહન આપવામાં આવશે. જેથી અમુક અંશે આસામનાં સ્થાનિક ટ્રાન્સપોર્ટ ખર્ચ, કન્ટેનર રિપોઝિશનિંગ ખર્ચ અને ટર્મિનલ હેન્ડલિંગ ખર્ચ સરભર થશે.

વધુમાં નોટિફિકેશનમાં મહત્ત્વની બાબત એ છે કે ગુવાહાટી ટી ઑક્શન સેન્ટર દ્વારા વેચવાલીમાં આવતી સીટીસી ચાને પ્રોત્સાહન માટે ગુણવત્તાયુક્ત સીટીસી ચાની માન્યતા આપવામાં આવી છે જેનાથી સ્કીમ હેઠળ સંકળાયેલી ચાને મજબૂત સ્થાન મળે છે, એમ બિહાનીએ જણાવ્યું હતું. સુધારિત સ્કીમ હેઠળ ઓર્થોડોક્સ અને સ્પેશિયાલિટી ટી ઉત્પાદનની સબસિડી જે કિલોદીઠ રૂ. ૧૦ હતી તે વધારીને રૂ. ૧૫ કરવાની સાથે વાર્ષિક મહત્તમ મર્યાદા એકમ અથવા તો બગીચાદીઠ વધારીને રૂ. એક કરોડ કરવામાં આવી છે, સત્તાવાર રીતે માચા ચાનો સમાવેશ કરવામાં આવ્યો છે અને કાર્યકારી મૂડી પરનાં વ્યાજમાં મળતી રાહત જે રૂ. ૧૫ લાખ હતી તે વધારીને રૂ. ૨૦ લાખ કરવામાં આવી છે.

સુધારિત એટીઆઈએસઆઈએસ ૨૦૨૦નું નોટિફિકેશન ગત શુક્રવારે જાહેર કરવામાં આવ્યું હતું અને તેની મુદત આગામી ૩૧મી માર્ચ, ૨૦૩૧ સુધી લંબાવવામાં આવી છે. બહાનીએ જણાવ્યું હતું કે વિશ્વના સૌથી મોટા સીટીસી ચા લિલામ કેન્દ્રો પૈકી એક એવા ગુવાહાટી માટે નવી નિકાસ પ્રોત્સાહન યોજના હેઠળ લિલામના વેચાણને માન્યતા મળવાથી સંગઠિત લિલામ પ્રક્રિયામાં વધુ સહભાગીતાને પ્રોત્સાહન મળશે.

# કૉમૉડિટીના ભાવવધારા છતાં એફએમસીજી કંપનીઓ વૉલ્યૂમ વૃદ્ધિને અગ્રતાક્રમ આપી ભાવ જાળવી રાખશે




નવી દિલ્હી: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને અલ નિનોની અસર હેઠળ ખાંડ સહિતની કૉમૉડિટીના ભાવમાં વધારો થયો હોવા છતાં એફએમસીજી (ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગૂડ્સ) કંપનીઓ આગામી તહેવારોની મોસમ દરમિયાન ખાસ કરીને ગ્રાહકોની માગને સુરક્ષિત રાખવા અને વપરાશી માગને ટેકે વૉલ્યૂમ વૃદ્ધિ જાળવી રાખવા ભાવ જાળવી રાખે તેવી શક્યતા છે.

ઉદ્યોગના અગ્રણી અધિકારીઓએ જણાવ્યું હતું કે ગત જૂન અંતનાં ત્રિમાસિકગાળામાં ઊંચા ઈનપૂટ ખર્ચને આંશિક રીતે સરભર કરવા માટે કંપનીઓએ અંદાજે બેથી પાંચ ટકાનો વધારો કર્યો હતો અને માર્જિન દબાણ હેઠળ હોવા છતાં તહેવારોની મોસમના અંત પહેલા વધુ વધારો કરે તેવી શક્યતા નથી જણાતી. હાલમાં એફએમસીજી ક્ષેત્ર વૈશ્વિક બજારોમાં ભૂરાજકીય વિક્ષેપો અને પુરવઠાની ચિંતાઓ વચ્ચે ખાસ કરીને પૅકેજિંગમાં વપરાતા ખાદ્યતેલ, કૉફી, કૉકો, ક્રૂડતેલ અને તેનાં ડેરિવેટીવ્સ જેવાં મુખ્ય ઈનપૂટ ખર્ચમાં તીવ્ર વધારા સાથે નવાં ખર્ચનાં દબાણના પડકારોનો સામનો કરી રહ્યું છે.

ઘણીખરી કંપનીઓએ ખર્ચ નિયંત્રણનાં પગલાઓ અને પોર્ટફોલિયો મેનેજમેન્ટ દ્વારા ફુગાવા વૃદ્ધિનો નોંધપાત્ર હિસ્સો ભોગવી લીધો છે અને માર્જિન પર દબાણ ઊંચું રહેવા છતાં તેઓ વૉલ્યૂમ વૃદ્ધિ સલામત રાખવા તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે, એમ ઉદ્યોગના એક અધિકારીએ જણાવ્યું હતું.

આઈટીસીનાં ખાદ્ય વિભાગના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર હેમંત મલિકે જણાવ્યું હતું કે કૉમૉડિટીના ભાવલક્ષી દબાણ હોવા છતાં કંપની આગામી તહેવારોની મોસમ દરમિયાન ભાવ જાળવી રાખશે. અમે ખર્ચ વ્યવસ્થાપન અને પોર્ટફોલિયો સંબંધિત પગલાં દ્વારા કાચા માલની કિંમતોમાં થયેલો વધારો અમે પોતે ભોગવીને ભાવ સ્થિર રાખવાના પ્રયાસો કરી રહ્યા છીએ.

ગત સાલ જીએસટીનાં દરમાં ઘટાડાની અસરનો ઉલ્લેખ કરતાં મલિકે જણાવ્યું હતું કે આ પગલાંથી વિવિધ શ્રેણીઓનાં વેચાણમાં વધારો થવાની સાથે બજારની માગનો પણ ટેકો મળ્યો હતો. જોકે, તેમણે સંકેત આપ્યો હતો કે જો ખર્ચનું દબાણ ચાલુ રહેશે તો વર્તમાન નાણાકીય વર્ષનાં ઉત્તરાર્ધમાં અર્થાત્ ત્રીજા કે ચોથા ત્રિમાસિકગાળામાં ભાવ અંગેનાં નિર્ણયો પર પુનર્વિચાર કરવાની જરૂર પડે તેમ જણાય છે. મોટા ભાગની કંપનીઓએ ખર્ચમાં ઘણો વધારો થયો હોવા છતાં અત્યાર સુધીમાં ભાવમાં ત્રણથી પાંચ ટકા જેટલો નજીવો વધારો કર્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં દેશની અગ્રણી કંપની ડાબર ઈન્ડિયાએ પણ ખર્ચને આંશિક રીતે સરભર કરવા માટે પસંદગીના ઉત્પાદનોના ભાવમાં નિયંત્રિત ધોરણે ફેરફાર કરવાની સાથે પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. ડાબર ઈન્ડિયાના સીએફઓ અંકુશ જૈને જણાવ્યું હતું કે છેલ્લાં થોડા મહિનામાં વધેલા ભૂરાજકીય તણાવને કારણે સર્જાયેલા ફુગાવાલક્ષી દબાણ અને સ્પર્ધાત્મકતાને ધ્યાનમાં લેતા અમે અમુક અંશે થોડા ઉત્પાદનોના ભાવમાં વધારો કર્યો હતો. જોકે, હવે અમે વર્તમાન પરિસ્થિતિના વિકાસ પર બારીકાઈથી નજર રાખી રહ્યા છીએ, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં પાર્લે પ્રોડક્ટનાં ચીફ માર્કેટિંગ ઑફિસર મયંક શાહે જણાવ્યું હતું કે શહેરી અને ગ્રામીણ બજારોની મજબૂત માગ અને સરકારી પગલાંને કારણે તાજેતરમાં ખાંડના ભાવમાં થયેલા ઘટાડાને જોતા મોટાભાગની કંપનીઓ ઓછામાં ઓછા દિવાળી સુધી ભાવ સ્થિર રાખે તેવી શક્યતા છે. ઘણીખરી કંપનીઓ તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને કદાચ અત્યારે ભાવ સ્થિર રાખશે અને ભાવ વધારીને માગ અવરોધિત થાય તેવું નહીં ઈચ્છે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે મારા મતે શહેરી અને ગ્રામીણ બન્ને બજારોમાં માગ પ્રોત્સાહક રહી છે અને કંપનીઓ ભાવવધારાને કારણે વપરાશી માગ ધીમી પાડવાનું જોખમ લેવાને બદલે માગ વૃદ્ધિની ગતિ જાળવી રાખવાનું વધુ પસંદ કરશે. ખાસ કરીને સરકારી હસ્તક્ષેપ બાદ ખાંડ જેવી અમુક ચીજોમાં થયેલા ઘટાડાથી ઉત્પાદકોને થોડી રાહત મળી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# એપ્રિલથી ઑગસ્ટ દરમિયાન ભારતની બ્રિક્સ બજારોની નિકાસમાં ૩૪ ટકાની વૃદ્ધિઃ ચીન મોખરે

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ઑગસ્ટ દરમિયાન ભારતની ચીન, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ અને રશિયા ખાતેની નિકાસ ૩૪ ટકા વધીને ૧૯.૯ અબજ ડૉલરની સપાટીએ રહી છે અને તેમાં પણ ચીન ખાતેની નિકાસમાં ૩૯ ટકાનો વધારો થયો છે, જે દેશનાં નિકાસ બ્લોકમાં બ્રિક્સ દેશોનાં વધતા મહત્ત્વનો નિર્દેશ આપે છે.

જેમ જેમ ભારત બ્રિક્સ જૂથ સાથેનાં સંબંધો ગાઢ બનાવી રહ્યું છે તેમ તેમ ચીન, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ અને રશિયા જેવા મુખ્ય સ્થાપક ભાગીદારો તરફથી મજબૂત પ્રતિસાદ સાંપડી રહ્યો છે. મૂળભૂત રીતે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ કરતાં આ જૂથનો વર્ષ ૨૦૨૪માં વિસ્તાર કરવામાં આવ્યો હતો. જેમાં ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સંયુક્ત આરબ અમિરાત અને સઉદી અરેબિયાનો સમાવેશ થયો હતો, જ્યારે વર્ષ ૨૦૨૫માં તેમાં ઈન્ડોનેશિયા જોડાયું હતું અને ગયા વર્ષે બેલારુસ, બોલિવિયા, કઝાકિસ્તાન, ક્યુબા, મલયેશિયા, નાઈજીરિયા, થાઈલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેટનામ ભાગીદાર દેશો બન્યા હતા.

વાણિજ્ય મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૫-૨૬નાં એપ્રિલથી ઑગસ્ટ દરમિયાન ચાર મુખ્ય અર્થતંત્રોમાં ભારતની નિકાસ જે ૧૪.૯ અબજ ડૉલરની હતી તે ગત એપ્રિલથી ઑગસ્ટ ૨૦૨૬-૨૭માં ૩૪ ટકા વધીને ૧૯.૯ અબજ ડૉલરની થઈ હતી. તેમ જ ભારતની કુલ નિકાસમાં આ ચાર દેશોનો હિસ્સો જે ગત સાલના સમાનગાળામાં ૮.૧ ટકા હતો તે વધીને ૯.૨ ટકા થયો છે. વધુમાં બ્રિક્સનાં ચાર દેશોમાં થયેલી કુલ નિકાસમાં ચીન ખાતેની નિકાસ ગત સાલના સમાનગાળાની તુલનામાં સૌથી વધુ ૩૯ ટકા વધીને ૯.૬ અબજ ડૉલરનો રહ્યો હતો, જ્યારે દક્ષિણ આફ્રિકા ખાતેની નિકાસ ૫૮ ટકાથી, બ્રાઝિલ ખાતેની નિકાસ ૧૩ ટકાથી અને રશિયા ખાતેની નિકાસ ૧૧ ટકાથી વધી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

# નિકાસકારો માટેની આરઓડીટીઈપી સ્કીમ વધુ પાંચ વર્ષ લંબાવવા વાણિજ્ય મંત્રાલયની માગ

નવી દિલ્હી: વાણિજ્ય મંત્રાલયે નિકાસકારો માટેની રેમિસન ઑફ ડ્યૂટીઝ ઍન્ડ ટેક્સિસ ઓન એક્સપોર્ટેડ પ્રોડક્ટ્સ (આરઓડીટીઈપી) સ્કીમ જે આગામી ૩૦મી સપ્ટેમ્બરના રોજ પૂરી થઈ રહી છે તેને વધુ પાંચ વર્ષ લંબાવવા માટે વાણિજ્ય મંત્રાલય માગ કરી રહ્યું છે.

એક અધિકારીના જણાવ્યાનુસાર આ સંદર્ભે વાણિજ્ય મંત્રાલય ખર્ચ વિભાગ (ડિપાર્ટમેન્ટ ઑફ એક્સપેન્ડિચર) સાથે ચર્ચા કરી રહ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ સ્કીમ વર્ષ ૨૦૨૧માં અમલી બનાવવામાં આવી હતી. આ સ્કીમ હેઠળ નિકાસકારોએ ગૂડ્સનાં ઉત્પાદનથી લઈને ડિસ્ટ્રિબ્યુશન સુધીની પ્રક્રિયામાં ભરેલા ટેક્સ, ડ્યૂટીઝ અને લેવીઝ જેનું કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્તરે રિફંડ ન મળ્યું હોય તેનું ૦૩ ટકાથી ૩.૯ ટકા સુધીનું રિફંડ આપવામાં આવે છે.

# ભાવનગરના મહુવામાં મેઘમહેરઃ ચાર ઈંચથી વધુ વરસાદથી માલણ ડેમ છલકાયો, ૧૦ ગામોને અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના મહુવામાં રવિવારે ધોધમાર વરસાદ પડતા ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકી જતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ ઊભી થઈ હતી. માલણ ડેમ ફરી ઓવરફ્લો થતાં તેના પાણી છોડાતા ૧૦ ગામોને એલર્ટ જાહેર કર્યા હતા.





ભાવનગર જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં પલટાયેલા હવામાન વચ્ચે મેઘરાજાએ પધરામણી કરી હતી. ખાસ કરીને મહુવા અને તળાજા પંથકમાં મેઘરાજાની ખાસ મહેર જોવા મળી હતી, જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓમાં આખો દિવસ ઘનઘોર વાદળો વચ્ચે શાંતિ જળવાઈ રહી હતી.

રવિવારે સવારથી સાંજના ચાર વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન મહુવા તાલુકામાં મુસળધાર વરસાદ વરસ્યો હતો. મેઘરાજાએ સાંબેલાધાર બેટિંગ કરતાં અંદાજે ૪ ઈંચથી વધુ (૧૦૫ મીમી) વરસાદ ખાબકી ગયો હતો. ધોધમાર વરસાદ સાથે જ મહુવા તાલુકામાં ચાલુ મોસમનો કુલ વરસાદ ૯૨૪ મીમી એ પહોંચી ગયો છે, જે સમગ્ર ભાવનગર જિલ્લામાં મોસમનો સૌથી વધુ વરસાદ છે.

ઉપરવાસ અને મહુવામાં પડેલા ભારે વરસાદને કારણે માલણ ડેમમાં વિપુલ પ્રમાણમાં નવા પાણીની આવક થઈ છે. ડેમની જળસપાટી ભયજનક સ્તરે પહોંચતા તંત્ર દ્વારા નદીમાં પાણી છોડવાનો નિર્ણય લેવાયો હતો. માલણ નદીના પટમાં પાણી છોડાતાં નદી બે કાંઠે વહેતી થઈ છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને તંત્ર દ્વારા નદીકાંઠાના મહુવાના ૧૦ નીચાણવાળા ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે અને ગ્રામજનોને નદીના પટમાં ન જવાની કડક સૂચના આપવામાં આવી છે.

મહુવા ઉપરાંત આજુબાજુના તાલુકાઓમાં પણ વરસાદી માહોલ રહ્યો હતો. તળાજા તાલુકામાં ૧૫ મીમી, ઉમરાળામાં ૯ મીમી અને ગારિયાધાર તાલુકામાં ૫ મીમી વરસાદ નોંધાયો હતો. બીજી તરફ ભાવનગર શહેર, વલ્લભીપુર, ઘોઘા, સિહોર, પાલિયાતાણા અને જેસર તાલુકામાં સાંજે ૪ વાગ્યા સુધી વરસાદ નોંધાયો ન હતો, પરંતુ વાદળછાયું વાતાવરણ જળવાઈ રહ્યું હતું.

૨૦ સપ્ટેમ્બરના રોજ સાંજ સુધીમાં સમગ્ર ભાવનગર જિલ્લાનો સરેરાશ વરસાદ ૧૩.૪ મીમી નોંધાયો છે, જેનાથી ચાલુ મોસમનો સમગ્ર જિલ્લાનો સરેરાશ કુલ વરસાદ ૬૦૮.૯ મીમી થયો છે. ■

# ગ્રામ્ય સુરક્ષા કવચ યોજનાઃ કચ્છની ૨૩ પોલીસ આઉટપોસ્ટ પીએસઆઇ કક્ષાએ અપગ્રેડ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાજ્યના સરહદી અને આંતરિક ગ્રામીણ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવાના આશય સાથે રાજ્ય સરકાર દ્વારા 'ગ્રામ્ય સુરક્ષા કવચ યોજના' અંતર્ગત રાજ્યભરની ૨૦૦ પોલીસ આઉટપોસ્ટોને અપગ્રેડ કરી પોલીસ સબ ઈન્સ્પેક્ટર કક્ષાની બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. આ યોજના હેઠળ સરહદી કચ્છ જિલ્લાની કુલ ૨૩ આઉટપોસ્ટોને અપગ્રેડ કરવામાં આવી છે, જેમાં પૂર્વ કચ્છની ૮ અને પશ્ચિમ કચ્છની ૧૫ આઉટપોસ્ટોનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા પરિપત્ર અનુસાર, રાજ્યની ૨૦૦ આઉટપોસ્ટો પર બિનહથિયારી પીએસઆઈ સંવર્ગની નવી જગ્યાઓ ઊભી કરી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં રૂ. ૧૦.૯૧ કરોડની વિશેષ જોગવાઈ મંજૂર કરવામાં આવી છે. આ નવી વ્યવસ્થાથી અત્યાર સુધી હેડ કોન્સ્ટેબલ કે જમાદાર કક્ષાના કર્મચારીઓ સંભાળતા હતા તે આઉટપોસ્ટોનું સુકાન હવે સીધું પીએસઆઈ કક્ષાના અધિકારીઓના હાથમાં આવશે. આ નિર્ણય હેઠળ પૂર્વ કચ્છમાં અંજાર પોલીસ મથક હેઠળની રતનાલ અને ભુવડ, ભચાઉ પોલીસ મથક હેઠળની આમરડી અને ચોબારી, રાપર પોલીસ મથક હેઠળની ફતેગઢ અને રવ, કંડલા મરીન હેઠળની તુણા તેમજ સામખિયાળી પોલીસ મથક હેઠળની શિકારપુર આઉટપોસ્ટને પીએસઆઈ કક્ષાએ અપગ્રેડ કરવામાં આવી છે. તેવી જ રીતે પશ્ચિમ કચ્છની ૧૫ આઉટપોસ્ટોમાં દયાપર હેઠળ યાત્રાધામ માતાના મઢ, માનકૂવા હેઠળ સમાત્રા, ગઢશીશા હેઠળ બાયઠ, ખાવડા હેઠળ સરહદી કુરન, માંડવી હેઠળ લાયજા, નખત્રાણા હેઠળ મંગવાણા, ઘડાણી અને મંજલ, પદ્ધર હેઠળ લોડાય અને કોટડા, નલિયા હેઠળ મોથાળા, પ્રાગપર હેઠળ પત્રી, કોડાય હેઠળ બિદડા, નારાયણ સરોવર હેઠળ પ્રાંઢો તેમજ વિશ્વપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ ધોરડો આઉટપોસ્ટનો દરજ્જો પણ ઉચ્ચો કરાયો છે.

કચ્છ જેવા વિશાળ ભૌગોલિક અને સંવેદનશીલ સરહદી જિલ્લાના અંતરિયાળ તેમજ રણકાંઠાના વિસ્તારોમાં પીએસઆઈ કક્ષાના અધિકારીઓની સીધી તૈનાતી થવાથી સ્થાનિક સ્તરે ગુનાખોરી નિયંત્રણ, પેટ્રોલિંગ અને કાયદો-વ્યવસ્થાની જાળવણી વધુ ઝડપી અને અસરકારક બનશે. ■

# મોરબીમાં ભાજપ આગેવાન સામે ઉછીના પૈસાના બદલામાં મહિલા ઉપર દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ મોરબી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ના મહિલા ભાજપ કાઉન્સિલરના પતિ તથા ભાજપના આગેવાન શૈલેષ માકાસણા સામે એક પરિણીતાએ દુષ્કર્મ સહિતના ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદ નોંધાવતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી હતી. ફરિયાદના આધારે મોરબી સિટી એ-ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૦ દરમિયાન પરિણીતાએ પોતાના પતિની સારવાર માટે શૈલેષ માકાસણાની પત્ની પાસેથી નાણાં ઉછીના લીધા હતા. આ નાણાકીય વ્યવહારના સંદર્ભમાં શૈલેષ માકાસણાએ પરિણીતાને પોતાના રહેણાંક ફ્લેટમાં બોલાવી તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, આ ઘટના બાદ પરિણીતા ગર્ભવતી બની હતી. આરોપીએ બાળકની જવાબદારી લેવાની વાત કરી હતી તેમજ સમગ્ર મામલો બહાર ન આવે તે માટે પ્રયાસો કર્યા હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, બાદમાં પરિણીતાને ઓમ વિલા બંગલા ખાતે બોલાવવામાં આવી હતી, જ્યાં ફરીથી બળજબરી કરવાનો પ્રયાસ થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે કોઈને જાણ કરવામાં આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, આશરે પાંચ વર્ષ બાદ બાળક અંગે પરિવારજનોને જાણ થઈ હતી. પરિવારજનો દ્વારા હિંમત આપવામાં આવ્યા બાદ પરિણીતાએ પોલીસનો સંપર્ક કરી સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હોવાનું જણાવાયું હતું. પરિણીતાની ફરિયાદના આધારે મોરબી સિટી એ-ડિવિઝન પોલીસે શૈલેષ માકાસણા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આરોપીની ધરપકડ માટે પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવી રહી છે. ફરિયાદમાં કરવામાં આવેલા તમામ આક્ષેપોની હકીકત જાણવા પોલીસે તપાસ શરૂ કરી છે. ■

# ઉનામાં સબ-રજિસ્ટ્રાર કચેરીમાંથી ૪,૬૧૦ દસ્તાવેજી વોલ્યુમ અને ૧૩૩ પેટીઓની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગીર સોમનાથઃ જિલ્લાના ઉના શહેરમાં સરકારી સિક્યોરિટી અને તંત્રની ઘોર બેદરકારીના ધજાગરા ઉડાડતી એક એવી ચોંકાવનારી ઘટના બની હતી, આ ઘટનાએ આખા ગીર સોમનાથ સહિત સમગ્ર રાજ્યના સરકારી આલમમાં ભારે સનસનાટી મચાવી દીધી છે. કાયદો અને વ્યવસ્થાને ખુલ્લો પડકાર ફેંકીને અજાણ્યા અસામાજિક તત્વોએ સિંચાઈ વિભાગના પરિસરમાં આવેલા સરકારી રહેણાંક ક્વાર્ટરમાં ધાડ પાડીને ઉના સબ-રજીસ્ટ્રાર કચેરીનો વર્ષો જૂનો કાયમી દસ્તાવેજી રેકોર્ડ રાતોરાત ગાયબ કરી દીધો છે. ઉના મામલતદાર કચેરી ખાતે સબ-રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા સૌરવભાઈ જગદિશભાઈ ચૌહાણે ઉના પોલીસમા નોંધાવેલી સત્તાવાર ફરિયાદમાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે. જેમાં એપ્રિલ ૨૦૨૬થી ઉના સબ-રજીસ્ટ્રાર કચેરીનો કિંમતી કાયમી રેકોર્ડ સિંચાઈ વિભાગની કચેરીના પરિસરમાં આવેલા રહેણાંક ક્વાર્ટર નં. ૪માં રાખવામાં આવ્યો હતો. આ જ જગ્યાએ મામલતદાર કચેરી તેમજ સિંચાઈ વિભાગનો અતિ મહત્વનો રેકોર્ડ અને અન્ય સામગ્રી પણ રાખેલી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે,જે પરિસરમાં ૨૪ કલાક સિંચાઈ વિભાગના કર્મચારીઓ ફરજ પર તૈનાત હોય, ત્યાં જ તસ્કરોએ કોઈ પણ જાતના ડર વગર ક્વાર્ટરનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મોટી ચોરીને અંજામ આપ્યો હતો.

ઘટનાની જાણ ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૪:૫૦ વાગ્યે થઈ હતી. ઉના મામલતદાર કચેરીના મહેકમ વિભાગ દ્વારા સબ-રજીસ્ટ્રારને મૌખિકજાણ કરવામાં આવી કે ક્વાર્ટર નં. ૪માં મોટી ચોરી થઈ છે. આ સમાચાર મળતા જ સબ-રજીસ્ટ્રાર કચેરીના સ્ટાફ સાથે તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઘટના સ્થળનું દ્રશ્ય જોઈને અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. રેકોર્ડ સંગ્રહ કરવાની જગ્યાએ દરવાજા તોડેલા હતા અને અંદર ઘૂસીને અનધિકૃત રીતે તોડફોડ કરવામાં આવી હતી. અધિકારીઓએ તુરંત જ સમગ્ર સ્થળની ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી પોતાના મોબાઈલમાં કંડારી લીધી હતી. આસપાસ વેરવિખેર પડેલી ચોરી થયેલી સામગ્રીની આકરણી કરી તેને ફરી ક્વાર્ટરમાં મૂકી નવું તાળું મારી દેવામાં આવ્યું હતું.

ચોરીની ઘટના બાદ જ્યારે સબ-રજીસ્ટ્રાર કચેરીના ભૌતિક રેકોર્ડની ચકાસણી હાથ ધરવામાં આવી, ત્યારે જે આંકડા સામે આવ્યા તેણે તંત્રના પગ તળેથી જમીન ખસકાવી દીધી હતી. ક્વાર્ટરમાં રાખવામાં આવેલા કુલ ૪,૬૨૫ વોલ્યુમમાંથી માલિકી હક્કના અતિ મહત્વના ૪,૬૧૦ વોલ્યુમ ચોરાઈ ગયા છે. આ ઉપરાંત, દસ્તાવેજો રાખવા માટેની કુલ ૩૦૦ પતરાની પેટીઓમાંથી ૧૩૩ પેટીઓ પણ ગાયબ છે. સરકારી ભાવ મુજબ એક પેટીની કિંમત રૂ. ૨૫૦ ગણતાં, માત્ર પેટીઓની જ કુલ કિંમત રૂ. ૩૩,૨૫૦ થવા જાય છે, જ્યારે તેમાં રહેલા દસ્તાવેજોની કિંમત અમૂલ્ય માનવામાં આવે છે. ■

# રાજકોટ મનપાના અધિકારીએ સિવિલ હૉસ્પિટલ ચોકમાં રેંકડીવાળા સામે રોફ જમાવતો વીડિયો વાઈરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરની સિવિલ હોસ્પિટલ પરિસરમાંથી એક આરએમસી વિજિલન્સ વિભાગના અધિકારીની દાદાગીરીનો વીડિયો વાયરલ થયો છે, જેમાં તે અધિકારી જાહેરમાં એક સામાન્ય રેંકડીવાળા સામે પોતાની દાદાગીરી અને રોફ જમાવતા નજરે પડી રહ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાના આ અધિકારીની કથિત દાદાગીરીનો વીડિયો બહાર આવતા ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, સિવિલ હોસ્પિટલ ચોક નજીક રેકડી પર ગ્રાહકની હાજરીમાં આરએમસીના અધિકારી અને રેકડી સંચાલક વચ્ચે બોલાચાલી થઈ હતી. સમગ્ર ઘટનાનો કોઈ વ્યક્તિ દ્વારા મોબાઈલમાં વીડિયો ઉતારી લેવામાં આવ્યો હતો, જે હવે ખુબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં અધિકારી રેકડી સંચાલક સાથે ઉગ્ર રીતે વાત કરતા જોવા મળી રહ્યા છે. રેકડી પર ગ્રાહક પણ હાજર હોવાનું વીડિયોમાં દેખાય છે. જાહેર સ્થળે બનેલી આ ઘટનાને લઈને મનપાના અધિકારીના વર્તન અંગે સવાલો ઉઠી રહ્યા છે.

સવાલ એ છે કે મનપાના અધિકારીઓ દ્વારા રેકડી-લારી ધારકો સામે કાર્યવાહી કરવાની હોય તો શું નિયમસર કાર્યવાહી કરવાને બદલે જાહેરમાં ઉગ્ર વર્તન કરવું યોગ્ય છે? જો રેકડી ગેરકાયદેસર રીતે ઉભી હોય તો મનપા દ્વારા નિયમ મુજબ કાર્યવાહી કેમ ન કરવામાં આવી? અને જો કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની સત્તાવાર નોંધ શું છે? તેવા પણ સવાલો સ્થાનિક નાગરિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે. ■



રાજકોટ શહેરના ૮૫ કેન્દ્રો પર ટાટ–એસની પરીક્ષા યોજાઈ હતી, જેમાં ૧૫ હજાર ઉમેદવારો નોંધાયા હતા. પરીક્ષા કેન્દ્રો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને ઉમેદવારોનું કડક ચેકિંગ કરાયુ હતું...

# મોરબીમાં ૯૨,૩૯૬ ખાતામાં ₹૩૨.૨૪ કરોડની રકમ બિનવારસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર/મોરબીઃ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવેલી 'આપ કી પુંજી, આપ કા અધિકાર' ઝુંબેશને એક વર્ષ પૂર્ણ થયું હોવા છતાં ગુજરાતની જાહેર, ખાનગી અને સહકારી બેંકોમાં લાખો ખાતાઓમાં કરોડો રૂપિયાની રકમ હજુ પણ બિનવારસી પડી હોવાનું બહાર આવ્યું છે. તાજેતરના અહેવાલ મુજબ રાજ્યમાં આશરે ૭૮.૬૨ લાખ ખાતાઓમાં રૂ.૨,૮૩૭.૮૧ કરોડ જેટલી અનક્લેઇમ્ડ રકમ હોવાનું જાણવા મળ્યું હતું. આ રકમમાં એવા બચત ખાતા, કરંટ એકાઉન્ટ તથા ડિપોઝિટનો સમાવેશ થાય છે, જેમાં લાંબા સમયથી કોઈ વ્યવહાર થયો નથી. કેન્દ્ર સરકાર દ્વારા આવી રકમ તેના મૂળ હકદાર સુધી પહોંચાડવા માટે જાગૃતિ અને ક્લેમ સેટલમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. મોરબી જિલ્લામાં વિવિધ બેંકોના ૯૨,૩૯૬ ખાતાઓમાં રૂ.૩૨.૨૪ કરોડ જેટલી રકમ દાવા વગરની હોવાનું અગાઉ જિલ્લા કક્ષાની માહિતીમાં સામે આવ્યું હતું. આ રકમના હકદારોને શોધી પરત આપવા માટે 'તમારી મૂડી, તમારો અધિકાર' અભિયાન હેઠળ વિશેષ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ વિવિધ બેંકોમાં લાંબા સમયથી નિષ્ક્રિય રહેલા ખાતાઓ અને બિનવારસી ડિપોઝિટના દાવા કરવા માટે ગ્રાહકોને બેંક શાખા તથા આરબીઆઈના ઉદગમ પોર્ટલ મારફતે તપાસ કરી ક્લેમ કરવાની તક ઉપલબ્ધ છે. ઉપલબ્ધ તાજા સ્ત્રોતોમાં સુરેન્દ્રનગર જિલ્લાની ચોક્કસ કુલ રકમ અને ખાતાઓની સંખ્યા પ્રમાણિત રીતે મળી નથી, તેથી આ આંકડો ઉમેરવાને બદલે તેને ચકાસણી હેઠળ રાખવો યોગ્ય રહેશે. ■

# સુરેન્દ્રનગરમાં પ્રાકૃતિક શાકભાજી વેચાણ કેન્દ્રનો પ્રારંભ

## ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટીતંત્રની પહેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તેમજ ખેડૂતો દ્વારા ઉત્પાદિત ગુણવત્તાસભર અને રસાયણમુક્ત શાકભાજીને યોગ્ય બજાર મળી રહે તે હેતુથી સુરેન્દ્રનગર શહેરમાં 'ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ' અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી પ્રાકૃતિક શાકભાજી વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રના માધ્યમથી પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ઉત્પાદિત શાકભાજી સીધી ખેડૂતો પાસેથી ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

પ્રાકૃતિક ખેતી તરફ વધી રહેલા લોકોના રસને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલા આ વેચાણ કેન્દ્રમાં રસાયણિક ખાતર તથા જંતુનાશક દવાઓના ઉપયોગ વગર તૈયાર કરવામાં આવતી શાકભાજી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જેના કારણે એક તરફ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના ઉત્પાદનનું યોગ્ય બજાર મળી રહ્યું છે, તો બીજી તરફ શહેરના નાગરિકોને શુદ્ધ અને સાત્વિક શાકભાજી મળી રહે તેવો હેતુ સાકાર થઈ રહ્યો છે.

આ સ્ટોલ પર વેચાણ માટે આવતી શાકભાજી પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી તૈયાર કરવામાં આવે છે. ખેડૂતો ગાયના છાણ તથા ગૌમૂત્રમાંથી તૈયાર કરવામાં આવેલા જૈવિક ઇનપુટ્સનો ઉપયોગ કરીને પાકનું ઉત્પાદન કરે છે. આ રીતે તૈયાર થતી શાકભાજીને રસાયણિક ખાતરમુક્ત રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

વેચાણ કેન્દ્ર ખાતે દર શનિવારે સવારે ૮થી ૧૨ વાગ્યા દરમિયાન શાકભાજીનું વેચાણ કરવામાં આવે છે. શરૂઆતથી જ શહેરના નાગરિકો દ્વારા આ કેન્દ્રને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, હાલમાં વહેલા તે પહેલાના ધોરણે દર અઠવાડિયે અંદાજે ૬૦થી ૭૦ કિલો જેટલો શાકભાજીનો જથ્થો વેચાઈ રહ્યો છે. ગ્રાહકોની માંગ વધુ રહેતી હોવાથી ઘણી વખત શાકભાજીનો જથ્થો સમય પહેલાં જ પૂર્ણ થઈ જાય છે. પરિણામે આગામી સમયમાં ઉત્પાદન અને ઉપલબ્ધતા વધારવાની દિશામાં પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

પ્રાકૃતિક શાકભાજી માટે શહેરની વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા પણ અહીંથી મોટી માત્રામાં ખરીદી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ફ્લેટ, મોટી સોસાયટીઓ અને સામાજિક સંસ્થાઓ માટે એડવાન્સ બુકિંગ દ્વારા અલગથી જથ્થો રાખી તેનું વિતરણ કરવાની સુવિધા પણ ગોઠવવામાં આવી રહી છે. જેના કારણે એક સાથે મોટી સંખ્યામાં લોકોને પ્રાકૃતિક શાકભાજી ઉપલબ્ધ કરાવવાનું આયોજન શક્ય બન્યું છે.

આ વેચાણ કેન્દ્રથી ખેડૂતો અને ગ્રાહકો વચ્ચે સીધો સંપર્ક સ્થાપિત થયો છે. વચેટિયાઓ વગર ખેડૂતો પોતાના ઉત્પાદનોનું વેચાણ કરી શકે છે, જ્યારે ગ્રાહકોને સીધા ખેડૂતો પાસેથી પ્રાકૃતિક પદ્ધતિથી ઉત્પાદિત શાકભાજી ખરીદવાની તક મળી રહી છે. ■

# રાજકોટના પારેવડી ચોકમાં ભયાનક અકસ્માત, એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરના પારેવડી ચોક વિસ્તારમાં રવિવારે ભયાનક માર્ગ અકસ્માતની ઘટના બની હતી. પૂરપાટ ઝડપે આવી રહેલા આઇશર ટેમ્પોના ચાલકે કાબૂ ગુમાવતા રસ્તા પરથી પસાર થઈ રહેલા બે રિક્ષા સહિત બે-ત્રણ બાઇક સવારોને અડફેટે લીધા હતા. અકસ્માતમાં અનેક વાહનોને અડફેટે લેતા ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતમાં એક પુરુષને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.



જ્યારે અકસ્માતમાં આશરે ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું હતું. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. આઇશર ટેમ્પોના ચાલકે કયા કારણોસર કાબૂ ગુમાવ્યો અને અકસ્માતની ચોક્કસ પરિસ્થિતિ શું હતી તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

# જામનગરમાં જળસંકટ ટાળવા 'સૌની યોજના' મારફતે ડેમોમાં રોજ ૧૦થી ૧૨ એમસીએફટી પાણી ઠાલવવાનું શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગરઃ ચાલુ વર્ષે જામનગર પંથકમાં વરસાદની વર્તાઈ રહેલી અછત વચ્ચે જામનગર મહાનગરપાલિકા (મનપા) દ્વારા શહેરીજનોને પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે માટે આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ચોમાસા દરમિયાન અપૂરતા વરસાદને કારણે સ્થાનિક જળાશયોમાં પાણીનો પૂરતો જથ્થો સંગ્રહિત થઈ શક્યો નથી, જેને પગલે વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે.

જામનગર શહેરને પીવાનું પાણી પૂરું પાડતા જીવાદોરી સમાન મુખ્ય ડેમો જેવા કે રણજીત સાગર, સસોઈ ડેમ અને ઊંડ-૧ માં વરસાદી પાણીની નવી આવક લગભગ બંધ છે. આ પરિસ્થિતીમાં શહેરીજનોને પાણીની તકલીફ ન પડે તે માટે જામનગર મહાનગરપાલિકાએ રાજ્ય સરકાર પાસે 'સૌની યોજના' હેઠળ ડેમો ભરવાની માંગણી કરી હતી. ઉચ્ચ કક્ષાએ કરાયેલી આ માંગણી પછી ઊંડ-૧, રણજીત સાગર અને સસોઈ ડેમમાં પાણી ઠાલવવાનું શરૂ કરી દેવાયું છે. રણજીત સાગર અને સસોઈ ડેમમાં દરરોજ ૧૦ થી ૧૨ એમસીએફટી જેટલું પાણી નાખવામાં આવી રહ્યું છે. હાલ શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા બરાબર ચાલી રહી છે અને કોઈ અડચણ નથી. જોકે, પાણી દૂરથી લાવીને વિતરણ કરવામાં આવતું મહાનગરપાલિકા દ્વારા હોવાથી જામનગરના લોકોને પાણીનો બગાડ ન કરવા અને તેનો કરકસરથી ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી છે. ■

# ભાવનગરમાં રામાપીરના નેજાની ભવ્ય શોભાયાત્રા યોજાઈઃ હજારો શ્રદ્ધાળુઓ ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં ધાર્મિક આસ્થા અને ઉલ્લાસ સાથે શ્રી રામાપીર બાપાના નેજા (ધ્વજા)ની ભવ્ય અને આકર્ષક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના ખેડૂતવાસ, આનંદનગર, બંદર રોડ તેમજ આસપાસના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયેલી આ શોભાયાત્રાને પગલે સમગ્ર માર્ગો અને પરિસરો ભક્તિમય રંગે રંગાઈ ગયા હતા.

શોભાયાત્રા દરમિયાન સમગ્ર માર્ગ પર ''જય રામાપીર'' અને ''પીર રામદેવજી મહારાજ કી જય''ના ગગનભેદી જયઘોષ ગુંજી ઊઠ્યા હતા. ભાવિક ભક્તો દ્વારા અત્યંત ભાવપૂર્વક અને આદર સાથે નેજાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ ઠેર-ઠેર નેજાના દર્શન કરી પૂજન-અર્ચન કર્યું હતું અને બાપાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. શોભાયાત્રામાં પધારેલા ભક્તો માટે વિવિધ સ્થળે પીવાના પાણી તથા પ્રસાદીની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

અબાલ-વૃદ્ધ સૌ કોઈ આ ધાર્મિક મહોત્સવમાં ઉત્સાહભેર જોડાયા હતા. મોટો જનમેદની વચ્ચે શ્રદ્ધાળુઓએ રામાપીર બાપાના દર્શનનો લાભ લીધો હતો, જેનાથી સમગ્ર ભાવનગર શહેરમાં પવિત્રતા અને ધાર્મિક એકતાનો માહોલ સર્જાયો હતો. ■